RNI NO GUJ/GUJ/2006/24237

LEELA NEWS NETWORK P. LTD

ભાવનગર, રાજકોટ, જામનગર અને અમરેલીથી એક સાથે પ્રસિદ્ધ થતું સાંધ્ય દૈનિક

# સૌરાષ્ટ્ર આસપાસ

સનસનાટી નહીં, સત્ય. અફવા નહીં આધાર !

RAJKOT
www.aaspassdaily.com

LEELA WORLD WIDE
લીલા વર્લ્ડ વાઈડ ગ્રુપનું અખબાર સમુહ

● મેનેજીંગ તંત્રી : કોમલકાંત શર્મા | ૭,મો માળ, પ્રમુખ સ્વામી આર્કેડ, માલવીયા ચોક, રાજકોટ ફોન (૦૨૮૧) ૨૨૪૧૨૩૪

● સંવત ૨૦૮૨ ભાદરવા સુદ - ૬ | ગુરૂવાર તા.૧૭-૦૯-૨૦૨૬ | અંક : ૭૩ વર્ષ : ૨૨ | email :rajkot@aaspassindia.com | કિંમત રૂ. ૨-૫૦ | પાના - ૮

# જમ્મુ-કાશ્મીરના ઉધમપુરમાં અથડામણ: ૨ આતંકવાદી ઠાર

## સુરક્ષાદળોને મળી મોટી સફળતા: હથિયારો અને દારૂગોળો જપ્ત કરાયો

જમ્મુ,

જમ્મુ-કાશ્મીરમાં આતંકવાદીઓનો સફાયો કરવાનું અભિયાન ચાલુ છે. સુરક્ષા દળોને બુધવારે પણ મોટી સફળતા મળી છે; અહેવાલો અનુસાર, મોડી રાતની કાર્યવાહી દરમિયાન ભારત વિરુદ્ધ કાવતરું ઘડી રહેલા બે આતંકવાદીઓને ઠાર મારવામાં આવ્યા હતા. ઉલ્લેખનીય છે કે, આ અગાઉ સુરક્ષા દળોએ કાશ્મીરના બડગામ જિલ્લામાં લશ્કરના એક કમાન્ડરને પણ ઠાર માર્યો હતો.

મજલ્ટાના જંગલોમાં શંકાસ્પદ હિલચાલ જણાયા બાદ, પોલીસ અને અર્ધલશ્કરી દળો સાથેના સંકલનમાં સેનાના જવાનોએ સાવચેતીના પગલા તરીકે ગોળીબાર કર્યો હતો. આ ઘટના બાદ સમગ્ર વિસ્તારને ઘેરી લેવામાં આવ્યો હતો. સુરક્ષા દળોએ શંકાસ્પદ વ્યક્તિઓને શોધવા અને વિસ્તારને સુરક્ષિત કરવા માટે વ્યાપક અને સઘન સર્ચ ઓપરેશન શરૂ કર્યું હતું.



આતંકવાદીઓ વિરુદ્ધની આ કાર્યવાહી એવા સમયે થઈ છે જ્યારે ખીણપ્રદેશમાં પોલીસ હાઈ એલર્ટ પર છે. અહેવાલો સૂચવે છે કે જમ્મુ-કાશ્મીરના પોલીસ મહાનિર્દેશક નલિન પ્રભાતે તાજેતરમાં સરહદી જિલ્લા પુંછમાં ચાલી રહેલા આતંકવાદ વિરોધી અભિયાનોની સમીક્ષા કરી હતી. તે સમયે પુંછ પોલીસે જણાવ્યું હતું કે, "ડ્ઢય્એ પોલીસ મહાનિરીક્ષક (જમ્મુ ઝોન) સાથે મળીને પુંછ જિલ્લામાં ચાલી રહેલા અભિયાનની સ્થિતિની સમીક્ષા કરી હતી,

૫ સપ્ટેમ્બરના રોજ માર્યા ગયેલા લશ્કર કમાન્ડરની ઓળખ યાસિર તરીકે થઈ હતી. તે ન્ના 'સુલેમાન મૂસા' જૂથ સાથે સંકળાયેલો હતો. જોકે, એવા અહેવાલો પણ છે કે તે જૂથથી અલગ થઈ ગયો હતો અને સ્વતંત્ર રીતે કામ કરી રહ્યો હતો, પરંતુ આ અંગે કોઈ સત્તાવાર પુષ્ટિ થઈ નથી. અહેવાલો દર્શાવે છે કે સુરક્ષા એજન્સીઓ લાંબા સમયથી તેની પ્રવૃત્તિઓ પર નજર રાખી રહી હતી; તે બડગામના યુસમર્ગ વિસ્તારમાં સક્રિય હતો.

## સૌરાષ્ટ્ર આસપાસનું વાંચન કરતા પીએમ નરેન્દ્ર મોદી



ગુજરાતના પનોતા પુત્ર અને દેશના વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદી વાંચનના ખુબ શોખીન છે. તેઓ મુખ્યમંત્રી હતા ત્યારથી સૌરાષ્ટ્ર આસપાસ સાંધ્ય દૈનિકનું નિયમિત વાંચન કરે છે. ભાવનગર આવ્યા હતા ત્યારે પણ સૌરાષ્ટ્ર આસપાસનું વાંચન કરીને સમાચાર ક્વોલિટીને બિરદાવી હતી. આજે વડાપ્રદાન નરેન્દ્ર મોદીજીના જન્મદિવસે સૌરાષ્ટ્ર આસપાસના મેનેજીંગ તંત્રી અને લીલા ગ્રુપ ઓફ કંપનીઝના ચેરમેન કોમલકાંતભાઈ શર્માએ તેમને હૃદય પૂર્વકની શુભકામના પાઠવી છે.

## રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ PM મોદીને શુભેચ્છાઓ પાઠવી

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ PM મોદીને જન્મદિવસની શુભેચ્છાઓ પાઠવી છે. 'ઠ' પર સંદેશ લખતા તેમણે કહ્યું, "વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીને જન્મદિવસની હાર્દિક શુભેચ્છાઓ અને શુભકામનાઓ. છેલ્લા ૨૫ વર્ષોમાં મુખ્યમંત્રી અને વડાપ્રધાન તરીકેના તમારા કાર્યકાળ દરમિયાન, તમે સુશાસન માટે અનેક નવા માપદંડો સ્થાપિત કર્યા છે અને સર્વસમાવેશી વિકાસને અભૂતપૂર્વ ગતિ તથા નવી દિશા આપી છે."

## વિદેશમંત્રી એસ. જયશંકરે PMને પાઠવી શુભેચ્છા

વડાપ્રધાન નરેન્દ્ર મોદીને સફળતા, ઉત્તમ સ્વાસ્થ્ય અને જનસેવામાં લાંબા કાર્યકાળ માટે શુભેચ્છા પાઠવવામાં દેશ અને વિશ્વ સાથે હું પણ જોડાઈ રહ્યો છું. તમે તમારા વિચારો અને સિદ્ધિઓ દ્વારા વિશ્વભરના લોકોને સતત પ્રેરણા આપી રહ્યા છો.

## ગૃહમંત્રી અમિત શાહે પીએમ મોદીને શુભેચ્છાઓ પાઠવી

કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે વડાપ્રધાન મોદીને તેમના જન્મદિવસ નિમિત્તે શુભેચ્છાઓ પાઠવી. 'ઠ' પર તેમણે લખ્યું, "અથાક પરિશ્રમ, ત્યાગ અને દૂરદર્શી નેતૃત્વના પ્રતીક એવા વડાપ્રધાન મોદીજીને જન્મદિવસની હાર્દિક શુભેચ્છાઓ. કર્તવ્યનિષ્ઠા અને રાષ્ટ્રસેવાના મિશનને સમર્પિત મોદીજીનું જીવન એ તપ, ત્યાગ અને અડગ સંકલ્પની ગાથા છે. સેવા અને સમર્પણથી અંકિત તેમની જીવનયાત્રા કરોડો દેશવાસીઓ માટે પ્રેરણારૂપ છે."

## રાજનાથ સિંહે વડાપ્રધાન મોદીને શુભેચ્છાઓ પાઠવી

કેન્દ્રીય સંરક્ષણ મંત્રી રાજનાથ સિંહે વડાપ્રધાન મોદીને તેમના જન્મદિવસ પર શુભેચ્છાઓ પાઠવી છે. 'ઠ' પર તેમણે લખ્યું, "વડાપ્રધાન મોદીના નેતૃત્વમાં ભારત 'વિકસિત ભારત'ના લક્ષ્યને પ્રાપ્ત કરવા તરફ આત્મવિશ્વાસ સાથે આગળ વધી રહ્યું છે. ભૌતિક માળખાગત સુવિધાઓથી લઈને ડિજિટલ કનેક્ટિવિટી સુધી અને ગરીબોના કલ્યાણથી લઈને નવીનતા અને ઉદ્યોગસાહસિકતા સુધી, આપણે દરેક ક્ષેત્રમાં ઐતિહાસિક અને નોંધપાત્ર પ્રગતિ કરી છે."

## વડનગરમાં ડમરું અને શંખનાદ માટે વિશેષ આયોજન

વડનગરના શર્મિષ્ઠા તળાવ ખાતે યોજાનાર ભવ્ય આરતી દરમિયાન મહાનુભાવોના સ્વાગત માટે વિશેષ આયોજન કરવામાં આવ્યું છે, જેમાં સિદ્ધપુરના ૨૦૦ જેટલા ઋષિ કુમારો દ્વારા ભવ્ય શંખનાદ અને ડમરુનાદ કરવામાં આવશે. આ રોમાંચક અને દિવ્ય દ્રશ્યોના વિઝ્યુઅલ વોક થ્રુ (Visual Walkthrough) પણ સામે આવ્યા છે.

## મોદીના જન્મદિવસે દિલ્હીમાં 'રન ફોર વિકસિત ભારત

વડાપ્રધાન મોદીના જન્મદિવસ નિમિત્તે દિલ્હીમાં 'રન ફોર વિકસિત ભારત' દોડનું વિશેષ આયોજન કરવામાં આવ્યું હતું, જેને વિજય ગોયલે લીલી ઝંડી આપીને પ્રસ્થાન કરાવ્યું હતું. ગાંધી સ્મૃતિથી શરૂ થયેલી આ દોડમાં સ્મોદીના જન્મદિવસને ઉજવવા માટે વિશેષ કાર્યક્રમો યોજાયા હતા.

## ગોવિંદદેવ ગીરીજીએ PM મોદીને અભિનંદન પાઠવ્યા

રામ મંદિર તીર્થ ક્ષેત્રના મહાસચિવ અને કૃષ્ણ જન્મભૂમિ ન્યાસના ઉપાધ્યક્ષ ગોવિંદદેવ ગીરીજીએ વડાપ્રધાન મોદીને તેમના જન્મદિવસ નિમિત્તે વિશેષ અભિનંદન પાઠવીને હાર્દિક શુભેચ્છાઓ અને આશીર્વાદ આપ્યા હતા.

# ભારત-ચીન પર લાગશે ૧૦૦% ટેરિફ? અમેરિકી સંસદમાં પાસ થયો કાયદો!

## રશિયાનું નામ લઈને ભારત અને ચીનને નિશાને લેવાયા?, ટ્રમ્પને મળી ગયું નવું હથિયાર

વોશિંગટન,

અમેરિકાની સંસદના નીચલા ગૃહ 'હાઉસ ઓફ રિપ્રેઝન્ટેટિવ્સ' દ્વારા રશિયા સામે ટેરિફ બિલ પસાર કરવામાં આવ્યું છે.

આ બિલ અમેરિકાના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પને તેવા દેશો પર ૧૦૦% સુધીના ટેરિફ લાદવાનો કાનૂની અધિકાર આપે છે, જેઓ રશિયા પાસેથી ક્રૂડ ઓઈલ અને કુદરતી ગેસની ખરીદી ચાલુ રાખે છે. આ જોગવાઈ હેઠળ ભારત અને ચીન સીધા જ રડારમાં આવ્યા છે.

ગૃહમાં આ બિલ ૨૬૨ વિરુદ્ધ ૧૫૯ મતોથી પાસ થયું હતું. ખાસ બાબત એ રહી કે યુક્રેન યુદ્ધ સંદર્ભે રશિયા પર આર્થિક દબાણ વધારવાના હેતુથી ડઝનબંધ ડેમોક્રેટ સાંસદોએ પણ રિપબ્લિકન પાર્ટી સાથે મળીને આ બિલના સમર્થનમાં મતદાન કર્યું હતું. રશિયાએ ફેબ્રુઆરી ૨૦૨૨માં યુક્રેન પર પૂર્ણ સ્તરે આક્રમણ કર્યું હતું, જે બીજા વિશ્વયુદ્ધ પછીનો યુરોપનો સૌથી ઘાતક સંઘર્ષ બની રહ્યો છે અને આજે પણ ચાલી રહ્યો છે.

.આ બિલને 'ધ લિન્ડસે ઓ. ગ્રેહામ સેન્કશનિંગ રશિયા એન્ડ ઈરાન એક્ટ ઓફ ૨૦૨૬' નામ આપવામાં આવ્યું છે. અગાઉ ગત મહિને યુએસ સેનેટમાં ૮૬-૧૧ના ભારે બહુમતી મતથી તે મંજૂર થઈ ચૂક્યું હતું. હવે તે અંતિમ મંજૂરી માટે વ્હાઈટ હાઉસ મોકલવામાં આવ્યું છે, જ્યાં પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ તેના પર હસ્તાક્ષર કરીને કાયદાનું સ્વરૂપ આપશે તેવી પૂરી શક્યતા છે.

## મોદી કેબિનેટમાં ફેરબદલના એંધાણ! મંત્રીઓને દિલ્હી ન છોડવા આદેશ

વડાપ્રધાન નરેન્દ્ર મોદી આગામી ૨૩ અને ૨૪ સપ્ટેમ્બરે નવી દિલ્હી ખાતે કેન્દ્રીય મંત્રીઓ સાથે બે દિવસીય મહત્ત્વપૂર્ણ 'ચિંતન બેઠક' યોજવા જઈ રહ્યા છે. આ બેઠકમાં દેશમાં સુધારાઓ, સરકારી યોજનાઓ, નીતિઓ, મંત્રાલયો વચ્ચેના પરસ્પર તાલમેલ અને આગામી સમયની રણનીતિ પર વિસ્તૃત ચર્ચા કરવામાં આવશે. આ બેઠક માટે તમામ કેન્દ્રીય કેબિનેટ મંત્રીઓને આગામી અઠવાડિયે દિલ્હીમાં જ ઉપસ્થિત રહેવાના કડક નિર્દેશો આપવામાં આવ્યા છે, જેના પરથી લાગી રહ્યું છે કે મોદી કેબિનેટમાં ફેરબદલ થઈ શકે છે. જો કે રાજ્ય કક્ષાના મંત્રીઓ આ બેઠકમાં સામેલ થશે કે નહી તેને લઈને હજુ સુધી સ્થિતિ સ્પષ્ટ થઈ નથી.

# દેશવાસીઓના આશીર્વાદ મને તાકાત આપે છે, પીએમ મોદીએ શેર કરી પોસ્ટ

## આશીર્વાદનો દીવો એ સ્નેહની અભિવ્યક્તિ છે: નરેન્દ્ર મોદી



નવીદિલ્હી,

પીએમ મોદી આજે ૭૬ વર્ષના થયા છે. ભારતના ખૂણે ખૂણેથી તેમને જન્મ દિવસની શુભકામના મળી રહી છે. ત્યારે પીએમ મોદીએ એક્સ પર એક વીડિયો પોસ્ટકરીને સૌનો આભાર માન્યો છે.પીએમ મોદીએ પોસ્ટમાં લખ્યું છે દેશવાસીઓના આશીર્વાદથી મને તાકાત મળે છે. આશીર્વાદના દિયા પર પીએમ મોદીએ પોસ્ટ કરી છે. પીએમ મોદીએ સાથે એક વીડિયો પણ શેર કર્યો છે. તેમણે કહ્યું કે આશીર્વાદનો દીવો એ સ્નેહની અભિવ્યક્તિ છે.

જ્યારે સમગ્ર દેશ વડાપ્રધાન મોદીને જન્મદિવસની શુભેચ્છાઓ પાઠવી રહ્યો છે, ત્યારે વડાપ્રધાને ભગવાન વિશ્વકર્મા જયંતિના અવસરે ભારતની જનતાને શુભેચ્છાઓ પાઠવી છે. ૧૭ સપ્ટેમ્બરે સવારે 'ઠ' (અગાઉનું ટ્વિટર) પરની તેમની પ્રથમ પોસ્ટમાં વડાપ્રધાન મોદીએ કહ્યું, "ભગવાન વિશ્વકર્મા જયંતિ પર આપ સૌને હાર્દિક શુભેચ્છાઓ." આ સાથે, તેમણે એક 'સુભાષિત' (પ્રેરણાત્મક શ્લોક) પણ શેર કર્યો હતો.

આજે વડાપ્રધાન નરેન્દ્ર મોદીનો જન્મદિવસ છે તેઓ ૭૬ વર્ષના થયા છે. વડાપ્રધાન મોદીના જાહેર જીવન અને સેવાના ૨૫ વર્ષ પૂર્ણ થવાના ઉપલક્ષમાં, ભારતીય જનતા પાર્ટી (ભાજપ) ગુરુવારથી 'સેવા સંકલ્પ અભિયાન' નામનું એક વિશેષ માસ-વ્યાપી અભિયાન શરૂ કરી રહી છે. જોકે તેમનો જન્મદિવસ આજે ઉજવવામાં આવી રહ્યો છે, પરંતુ જાહેર સેવાની ૨૫ વર્ષની સિદ્ધિ ઓક્ટોબરમાં પૂર્ણ થશે. આ ઐતિહાસિક પ્રસંગને યાદગાર બનાવવા માટે, પક્ષ સમગ્ર મહિના દરમિયાન જાહેર સેવા અને જનસંપર્ક પર કેન્દ્રિત કાર્યક્રમોની શ્રેણીનું આયોજન કરી રહ્યો છે.

# દિલ્હીથી લઈને હિમાચલ સુધીના રાજ્યોમાં ભારે વરસાદની આગાહી

નવી દિલ્હી,

હવામાન વિભાગે દિલ્હી, યુપી, બિહાર અને પંજાબ સહિત દેશના અનેક રાજયોમાં ભારે વરસાદ અને વાવાઝોડાની ચેતવણી જારી કરી છે, જે ચોમાસાની વિદાય પહેલા હવામાનમાં મોટો બદલાવ દર્શાવે છે.

ચોમાસાના પ્રસ્થાનના દિવસો નજીક આવી રહ્યા છે ત્યારે દેશના અનેક રાજયોમાં હવામાનમાં મોટો પલટો જોવા મળી રહ્યો છે.

ભારતીય હવામાન વિભાગ (IMD) દ્વારા ૧૭ સપ્ટેમ્બરના રોજ ઉત્તરપશ્ચિમ, મધ્ય, પૂર્વ અને ઉત્તરપૂર્વ ભારતના વિવિધ રાજયોમાં ભારે વરસાદ, વાવાઝોડા અને વીજળી પડવાની ચેતવણી જારી કરવામાં આવી છે. દેશના મોટાભાગના વિસ્તારોમાં આકાશ વાદળછાયું બની રહ્યું છે.

રાજધાની દિલ્હીમાં આજે આકાશ સામાન્ય રીતે વાદળછાયું રહેવાની સાથે હળવા વરસાદ અથવા ઝરમર વરસાદની સંભાવના છે. અહીં મહત્તમ તાપમાન ૩૪ ડિગ્રી સેલ્સિયસ અને લઘુત્તમ તાપમાન ૨૫ ડિગ્રી સેલ્સિયસ આસપાસ રહી શકે છે.તા.૧૮ થી ૨૦સપ્ટેમ્બર દરમિયાન પણ દિલ્હીમાં વાદળછાયું વાતાવરણ જળવાઈ રહેશે, જ્યારે ૨૧ અને ૨૨ સપ્ટેમ્બરે આકાશ સ્વચ્છ થવાની ધારણા છે.



# સરકારી પ્રતીક અને નામ વગેરેનો ખાનગી સંસ્થાઓ દ્વારા કરાતાં દુરુપયોગ સામે હવેથી કાર્યવાહી કરાશે

## બ્યુરો, કમિશન, મંત્રાલય, સેન્ટર, ઓલ ઈન્ડિયા, નેશનલ અને ભારતીય જેવા શબ્દોનો ખાનગી ઉપયોગ કરતા પૂર્વે લેખિત અનુમતિ લેવી ફરજિયાત

ગાંધીનગર,

વ્યાપારિક લાભ માટે સરકારી નામ, હોદ્દાઓ અને રાષ્ટ્રીય પ્રતીકોનો દુરુપયોગ કરીને સામાન્ય નાગરિકોને ભ્રમિત કરતી ખાનગી સંસ્થાઓ અને બિન-સરકારી સંગઠનો (NGOs) સામે કાર્યવાહી કરવા ગુજરાત સરકારે ઝુંબેશ શરૂ કરી છે. સામાન્ય વહીવટ વિભાગ દ્વારા રાજ્યના તમામ વિભાગો, કચેરીઓ અને સક્ષમ નોંધણી અધિકારીઓને 'પ્રતીકો અને નામો (અયોગ્ય ઉપયોગ નિવારણ) અધિનિયમ, ૧૯૫૦'નું કડક અમલીકરણ સુનિશ્ચિત કરવા જરૂરી સૂચનાઓ આપવામાં આવી છે.

ગુજરાત સરકારે કેન્દ્ર સરકારના ગ્રાહક બાબતોના વિભાગ દ્વારા રાજ્યોને પાઠવેલ પરિપત્રના અનુસંધાને આ કાર્યવાહી હાથ ધરી છે. કેન્દ્ર સરકારે આ પરિપત્રમાં જણાવ્યું હતું કે દેશભરમાં મોટા પ્રમાણમાં ખાનગી સંસ્થાઓ, ટ્રસ્ટો અને વ્યાપારી પેઢીઓ એવા નામો રાખી રહી છે જે સીધા સરકારી વિભાગો જેવા લાગતા હોય, ઘણા કિસ્સાઓમાં ખાનગી સંસ્થાઓ પોતાના લેટરહેડ, વિઝિટિંગ કાર્ડ, ઓફિસના બોર્ડ અને વેબસાઈટ પર અશોક સ્તંભ, અશોક ચક્ર કે સરકારી સિક્કાઓની આબેહૂબ નકલ છાપે છે જેનાથી સામાન્ય નાગરિકો છેતરાય છે અને ખાનગી કામોને સરકારી સમજીને નાણાં કે અન્ય દસ્તાવેજો ગુમાવે છે.

આ સૂચનાઓ મુજબ હવે કોઈ પણ ખાનગી સંસ્થાઓ, ટ્રસ્ટો અને વ્યાપારી પેઢીઓ કેન્દ્ર સરકારની અગાઉથી મેળવેલી લેખિત મંજૂરી વિના પોતાની સંસ્થાના નામમાં બ્યુરો, કમિશન, મંત્રાલય, સેન્ટર, ઓલ ઈન્ડિયા, નેશનલ અને ભારતીય જેવા શબ્દોનો ઉપયોગ કરી શકશે નહીં. જો કોઈ ખાનગી કંપની કે સંસ્થાએ આ શબ્દોનો ઉપયોગ કરવો હોય તો તેણે પોતાના નામની સાથે જ એવું સ્પષ્ટ કરવું પડશે કે આ એક "ખાનગી સાહસ" છે અને તેને સરકાર સાથે કોઈ લેવાદેવા કે સરકારી ઉદ્દેશ નથી.

'પ્રતીકો અને નામો (અયોગ્ય ઉપયોગ નિવારણ) અધિનિયમ, ૧૯૫૦' અંતર્ગત કંપનીઓ કે ટ્રેડમાર્ક નોંધણી કરતી તમામ કચેરીઓ જેમ કે રજિસ્ટ્રાર ઓફ સોસાયટીઝ, રજિસ્ટ્રાર ઓફ ફર્મ્સ અને કો-ઓપરેટિવ ડિપાર્ટમેન્ટને કડક સૂચના અપાઈ છે કે અરજીના સ્ક્રીનિંગ અને રજીસ્ટ્રેશન તબક્કે જ આવા ભ્રામક નામો વાળી ફાઈલો ના મંજૂર કરી દેવી. જો કોઈ નામ અંગે શંકા કે વિવાદ ઊભો થાય, તો તેમણે આ બાબત કેન્દ્ર સરકારને ધ્યાને મુકવાની રેહશે અને કેન્દ્ર સરકારનો નિર્ણય જ આખરી ગણાશે.

આ બાબત રાષ્ટ્રીય ગૌરવ સાથે જોડાયેલી છે, તેથી કાયદાનો અનાદર કરનાર સામે કાર્યવાહી કરવામાં આવશે તેમ યાદીમાં વધુમાં જણાવાયું છે.

# નર્મદા ડેમની સપાટી ૧૩૭.૪૮ મીટરે પહોંચી ઉપરવાસમાંથી ૧.૩૦ લાખ ક્યુસેક પાણીની આવક

## પાણીની આવક યથાવત રહેતા ડેમના તમામ પાવર હાઉસ કાર્યરત કરવામાં આવ્યા



અમદાવાદ,

ગુજરાતમાં છેલ્લા કેટલાક દિવસથી વરસી રહેલા વરસાદને કારણે નર્મદા ડેમની સપાટીમાં સતત વધારો થઈ રહ્યો છે. ઉપરવાસમાંથી હાલ ૧.૩૦ લાખ ક્યુસેક પાણીની આવક થઈ રહી છે. જેના પગલે ડેમની સપાટી વધીને ૧૩૭.૪૮ મીટરે પહોંચી છે. નર્મદા ડેમ તેની મહત્તમ સપાટીથી હવે માત્ર ૧.૨ મીટર દૂર છે અને ડેમ ૯૪.૫૦ ટકા ભરાઈ ગયો છે. પાણીની આવક યથાવત રહેતા ડેમના તમામ પાવર હાઉસ કાર્યરત કરવામાં આવ્યા છે અને આરબીપીએચ તથા સીએચપીએચમાંથી વીજ ઉત્પાદન શરૂ થયું છે.

બીજી તરફ રાજ્યમાં છેલ્લા ૨૪ કલાક દરમિયાન ૧૧૦ તાલુકામાં વરસાદ નોંધાયો છે. કચ્છના માંડવીમાં સૌથી વધુ ૭ ઈંચ વરસાદ નોંધાતા અનેક વિસ્તારોમાં પાણી ભરાયા હતા. અબડાસામાં ૨.૧૩ ઈંચ, ભુજમાં ૧.૨૬ ઈંચ અને નખત્રાણામાં ૧.૩ ઈંચ વરસાદ નોંધાયો છે. રાજ્યમાં અત્યાર સુધીમાં સરેરાશ ૮૪.૩૮ ટકા વરસાદ નોંધાયો છે. જોકે ૪૨ તાલુકામાં હજુ ૫૦થી ૯૫ ટકા સુધી વરસાદની ઘટ જોવા મળી રહી છે.

# ફ્લાઈટ ટિકિટ બુકિંગમાં ડિસ્કાઉન્ટની લાલચ આપી નિવૃત પ્રોફેસર સાથે રૂ. ૧.૮૭ લાખની છેતરપિંડી

## કેનેડા જવા માટે વૃદ્ધે ફેસબુક પર જોયેલી જાહેરાતમાં આપેલા નંબર પર સંપર્ક કર્યો હતો

અમદાવાદ,

ઘાટલોડિયા વિસ્તારમાં રહેતા નિવૃત્ત પ્રોફેસર સાથે ઓનલાઈન ફ્લાઈટ ટિકિટ બુકિંગના નામે ૧ લાખ ૮૭ હજાર રૂપિયાની છેતરપિંડી થયાનો કિસ્સો સામે આવ્યો છે. કેનેડા જવા માટે પાંચ ટિકિટ બુક કરાવવા વૃદ્ધે ફેસબુક પર જોયેલી જાહેરાતમાં આપેલા નંબર પર સંપર્ક કર્યો હતો. ડિસ્કાઉન્ટમાં ટિકિટ અપાવવાની વાત કરી ગઠિયાએ પાંચ ટિકિટ માટે કુલ ૩.૧૭ લાખનું પેમેન્ટ કરાવ્યું હતું.

મળતી માહિતી મુજબ, મેમનગરમાં રહેતા અમૃત પટેલ આશરે ત્રણ વર્ષ પહેલાં લાલ દરવાજાની સિટી કોલેજમાંથી પ્રોફેસર તરીકે નિવૃત્ત થયા હતા. તેમનો પુત્ર કેનેડામાં સિટીઝન હોવાથી તેમની પત્ની અને પુત્રી આશરે સાત મહિના પહેલાં કેનેડા ગયા હતા. હવે અમૃતભાઈ અને તેમની દીકરીને પણ કેનેડા જવાનું હોવાથી તેઓ ફ્લાઈટ ટિકિટની શોધમાં હતા. આ દરમિયાન અમૃતભાઈએ ફેસબુક પર ફ્લાઈટ ટિકિટ ડિસ્કાઉન્ટમાં અપાવવાની જાહેરાત જોઈ હતી. જાહેરાતમાં આપેલા નંબર પર સંપર્ક કરતાં સામેની વ્યક્તિએ એક ટિકિટનો ભાવ ૬૦ હજાર હોવાનું જણાવ્યું હતું. શરૂઆતમાં એક ટિકિટ બુક કરાવ્યા બાદ અમૃતભાઈએ પોતાની તથા તેમના ભાઈ સહિત કુલ પાંચ ટિકિટ બુક કરાવી હતી અને તેના માટે કુલ ૩.૧૭ લાખ ચૂકવ્યા હતા.

# રાજ્યના તળાવો-જળાશયોની સ્થિતિ અંગે હાઈકોર્ટ નારાજ : ઈસરોની મદદ લેવા નિર્દેશ

## હાઈકોર્ટે આપેલા આદેશની ૨૪ વર્ષ બાદ પણ યોગ્ય અમલવારી થઈ ન હોવાની ફરિયાદ સામે કોર્ટે રાજ્ય સરકાર પાસેથી ખુલાસો માંગ્યો



અમદાવાદ,

રાજ્યમાં આવેલા તળાવો સહિતની વિવિધ વોટરબોડીની જાળવણી અને તેની સ્થિતિ અંગે ગુજરાત હાઈકોર્ટે નારાજગી વ્યક્ત કરી છે. વર્ષ ૨૦૦૨માં હાઈકોર્ટે આપેલા આદેશની ૨૪ વર્ષ બાદ પણ યોગ્ય અમલવારી થઈ ન હોવાની ફરિયાદ સામે કોર્ટે રાજ્ય સરકાર પાસેથી ખુલાસો માંગ્યો છે. રાજ્યભરમાં આવેલી વોટરબોડીની અગાઉની સ્થિતિ અને હાલની સ્થિતિ વચ્ચે કેટલો ફેરફાર થયો છે તે જાણવા હવે હાઈકોર્ટ દ્વારા ઈસરોની મદદ લેવામાં આવશે. આ માટે કોર્ટમાં ચાલી રહેલી કન્ટેમ્પ્ટ પિટિશનમાં ઈસરોને પક્ષકાર તરીકે જોડવાનો આદેશ આપવામાં આવ્યો છે.

હાઈકોર્ટે રાજ્યભરની વોટરબોડી અંગે વિસ્તૃત રિપોર્ટ રજૂ કરવા રાજ્ય સરકારને નિર્દેશ આપ્યો છે. તળાવો અને અન્ય જળાશયોની મૂળ સ્થિતિ શું હતી, હાલ તેની સ્થિતિ શું છે અને સમયાંતરે તેમાં કેટલો ફેરફાર થયો છે તેની વિગતો પણ રિપોર્ટમાં રજૂ કરવાની રહેશે. કોર્ટ સમક્ષ એવી રજૂઆત કરવામાં આવી હતી કે વોટરબોડીની યોગ્ય જાળવણી અને સંરક્ષણના અભાવે અનેક વિસ્તારોમાં સામાન્ય વરસાદ દરમિયાન પણ પાણી ભરાવા સહિતની સમસ્યાઓ સર્જાઈ રહી છે. જળાશયો અને કુદરતી પાણીના નિકાલના માર્ગોની સ્થિતિ અંગે પણ ગંભીર સવાલો ઉઠાવવામાં આવ્યા હતા.

વર્ષ ૨૦૦૨માં કોર્ટ દ્વારા વોટરબોડી અંગે મહત્ત્વપૂર્ણ નિર્દેશો આપવામાં આવ્યા હોવા છતાં લગભગ ૨૪ વર્ષ બાદ પણ તેના યોગ્ય અમલ અંગે સવાલો ઉઠતાં હાઈકોર્ટે સમગ્ર મામલાને ગંભીરતાથી લીધો છે. કોર્ટે રાજ્ય સરકારને અગાઉના આદેશોના અમલ અંગે સ્પષ્ટતા કરવા પણ કહ્યું છે.

# અમદાવાદમાં ડેન્ગ્યુનો કહેર, છેલ્લા ૧૦ વર્ષના ટ્રેન્ડથી ૫૧ જેટલા હોટસ્પોટ નક્કી કરાયા

## શહેરમાં ડેન્ગ્યુના નિયંત્રણ માટે આરોગ્ય વિભાગ દ્વારા તપાસ શરૂ કરવામાં આવી

અમદાવાદ,

અમદાવાદમાં પડેલ ભારે વરસાદ બાદ એકાએક મચ્છરજન્ય રોગોમાં વધારો થવા પામ્યો છે. મ્યુનિસિપલ કોર્પોરેશનના હેલ્થ અને મેલેરિયા વિભાગ દ્વારા ડેન્ગ્યુના નિયંત્રણ માટે આરોગ્ય વિભાગ દ્વારા તપાસ શરૂ કરવામાં આવી છે.

મ્યુનિસિપલ કોર્પોરેશનના હેલ્થ અને મેલેરિયા વિભાગે ડેન્ગ્યુ નિયંત્રણ માટે શહેરના સંવેદનશીલ વિસ્તારોની ઓળખ કરી છે. મ્યુનિસિપલ કમિશનરની સૂચના બાદ છેલ્લાં ૧૦ વર્ષની ડેન્ગ્યુની પેટર્ન અને સ્થળ સર્વેના આધારે શહેરમાં કુલ ૫૧ હોટસ્પોટ એટલે કે ક્લસ્ટર નક્કી કરવામાં આવ્યા છે. ઓગસ્ટના અંત સુધીમાં શહેરમાં ડેન્ગ્યુના આશરે ૪૮૦થી ૪૮૫ કેસ નોંધાયા હોવાનું જાણવા મળે છે. રાજ્યમાં નોંધાતા કુલ ડેન્ગ્યુ કેસમાંથી આશરે ૪૫ ટકા કેસ અમદાવાદ શહેરમાં નોંધાતા હોવાનો દાવો પણ કરવામાં આવ્યો છે. હવે સપ્ટેમ્બરથી નવેમ્બર દરમિયાન કેસ વધવાની સંભાવનાને ધ્યાનમાં રાખીને હોટસ્પોટ વિસ્તારોમાં ખાસ એક્શન પ્લાન અમલમાં મૂકવાની તૈયારી છે. ઝોન હોટસ્પોટઃ દક્ષિણ ઝોન ૧૫, પશ્ચિમ ઝોન ૮, ઉત્તર ઝોન ૭, ઉત્તર પશ્ચિમ ઝોન ૫, દક્ષિણ પશ્ચિમ ઝોન ૪, પૂર્વ ઝોન ૪, મધ્ય ઝોન ૪, કુલ ૫૧ શહેરના કુલ કેસમાંથી ૧૮૯ કેસ સાત મુખ્ય પોકેટમાં જ નોંધાયા છે, જેમાં સૌથી વધુ કેસ ગોતા અને રામોલ જેવા વિસ્તારોમાં જોવા મળ્યા છે.

# સુરતમાં પરિણીત યુવક-યુવતીના મોતનો બનાવ વરિયાવ બ્રિજ નજીકથી બંને મળ્યા હતા બેભાન



સુરત,

સુરત શહેરમાં વરિયાવ બ્રિજ નજીક એક પરિણીત યુવતી અને પરિણીત યુવકના મોતનો બનાવ સામે આવ્યો છે. પ્રાથમિક માહિતી મુજબ, વરાછામાં રહેતી ૨૯ વર્ષીય પરિણીતા અને ઉત્રાણના ૪૦ વર્ષીય પરિણીત યુવક વચ્ચે પરિચય બાદ પ્રેમસંબંધ હતો. બંને વરિયાવ બ્રિજ નીચે સિદ્ધનાથ મહાદેવ મંદિર નજીક તાપી નદીના કાંઠે બેભાન હાલતમાં મળી આવ્યા હતા. સારવાર માટે હોસ્પિટલ ખસેડાયા બાદ બંનેના મોત થયા હતા. પ્રાથમિક તપાસમાં અંગત મનદુઃખને કારણે બંનેએ આ પગલું ભર્યું હોવાની આશંકા વ્યક્ત કરવામાં આવી છે.

મૂળ મહારાષ્ટ્રની વતની અને હાલ વરાછા વિસ્તારમાં રહેતી ૨૯ વર્ષીય યુવતી, નામ બદલ્યું છે, મંગળવારે સવારે સફાઈ કામ માટે ઘરેથી નીકળી હતી. સાંજ સુધી તે ઘરે પરત ન ફરતાં તેના પતિએ મોબાઈલ પર સંપર્ક કરવાનો પ્રયાસ કર્યો હતો. આ દરમિયાન ફોન અન્ય વ્યક્તિએ ઉપાડ્યો હતો અને યુવતી તથા એક યુવક વરિયાવ બ્રિજ નજીક બેભાન હાલતમાં મળ્યા હોવાની જાણ કરી હતી.

માહિતી મળતાં પરિવારજનો ઘટનાસ્થળે પહોંચ્યા હતા અને બંનેને ૧૦૮ એમ્બ્યુલન્સ મારફતે સ્મીમેર હોસ્પિટલ લઈ જવામાં આવ્યા હતા. તબીબી તપાસ બાદ યુવકને મૃત જાહેર કરવામાં આવ્યો હતો. બીજી તરફ યુવતીની સ્થિતિ ગંભીર હોવાથી તેને વધુ સારવાર માટે ખાનગી હોસ્પિટલમાં ખસેડવામાં આવી હતી, પરંતુ સારવાર દરમિયાન તેનું પણ મોત થયું હતું.

# અમદાવાદમાં ફરી એકવાર દીપડાની હાજરીથી લોકોમાં ફફડાટ; પંજાના નવા નિશાન મળ્યા

## સાણંદની સીમમાં દીપડાના પંજાના તાજા નિશાન મળી આવ્યા



અમદાવાદ,

અમદાવાદ જિલ્લાના સાણંદ પંથકમાં ફરી એકવાર હિંસક પ્રાણી દીપડાની હાજરીના સ્પષ્ટ પુરાવા મળી આવતા સમગ્ર વિસ્તારમાં ભારે સળવળાટ અને દહેશતનો માહોલ સર્જાયો છે. સાણંદ નગરની સીમમાં દીપડાના પંજાના તાજા નિશાન મળી આવ્યા છે, જેના કારણે સ્થાનિક લોકોમાં ભય વ્યાપી ગયો છે. અગાઉ પણ ૧૭ અને ૧૮ ઓગસ્ટના રોજ જુદા જુદા વિસ્તારોમાં દીપડો હોવાના સંકેતો મળ્યા હતા. જોકે, આ વખતે પંજાના નિશાનની સાથે કૂતરાનું મારણ કર્યાના પુરાવા પણ સામે આવ્યા છે, જેથી પંથકમાં પ્રાણીની સક્રિયતા ચોક્કસ હોવાનું માનવામાં આવી રહ્યું છે. મારણ અને પંજાના નિશાન મળ્યા બાદ આસપાસના ગ્રામજનો અને ખેડૂતોમાં ભારે ફફડાટ જોવા મળી રહ્યો છે. લોકો પોતાના પશુઓની સુરક્ષા તેમજ રાત્રિના સમયે ખેતરે જવા બાબતે ચિંતિત બન્યા છે. મહત્વની વાત એ છે કે, ઓગસ્ટ માસમાં મળેલા પુરાવાઓથી લઈને આજ સુધી કોઈ પણ ગ્રામજન કે અધિકારીએ દીપડાને પ્રત્યક્ષ રીતે નજરે જોયો નથી.

# અમદાવાદમાં નકલી પાસપોર્ટ કૌભાંડનો પર્દાફાશ, આરોપીની ગુજરાત એટીએસએ ધરપકડ કરી

## અસલી પાસપોર્ટ સત્તાવાળાઓ પાસે જમા હોવા છતાં નકલી પાસપોર્ટ તૈયાર કરાવી વિદેશ પ્રવાસ કર્યો

અમદાવાદ,

અમદાવાદમાં બનાવટી દસ્તાવેજોના આધારે કાયદાકીય પ્રક્રિયાથી બચવાનો પ્રયાસ કરવાના આરોપમાં ગુજરાત એટીએસએ એક વ્યક્તિની ધરપકડ કરી છે. તપાસ મુજબ હરિકેશ પ્રણવ પટેલ સામે અગાઉ મની લોન્ડરિંગ સંબંધિત કેસ નોંધાયો હતો અને કોર્ટમાં કાર્યવાહી ચાલી રહી હતી. આ દરમિયાન તેનો અસલી પાસપોર્ટ સત્તાવાળાઓ પાસે જમા હોવા છતાં તેણે કથિત રીતે નકલી પાસપોર્ટ તૈયાર કરાવી તેનો ઉપયોગ કરીને વિદેશ પ્રવાસ કર્યો હોવાનું તપાસમાં સામે આવ્યું છે.

મળતી માહિતી મુજબ, વર્ષ ૨૦૨૨-૨૩ દરમિયાન હરિકેશ પ્રણવ પટેલ સામે મની લોન્ડરિંગ કાયદા હેઠળ કેસ નોંધવામાં આવ્યો હતો. આ કેસની તપાસ અને કોર્ટની કાર્યવાહી હજુ ચાલુ હોવાનું જણાવાયું છે. ગંભીર ગુનાની તપાસ દરમિયાન આરોપીનો પાસપોર્ટ જમા રાખવામાં આવ્યો હતો, જેથી તે કાયદાકીય પ્રક્રિયાને બાજુ પર રાખીને દેશની બહાર જઈ ન શકે. જોકે, તપાસ એજન્સીઓના જણાવ્યા પ્રમાણે આ વ્યવસ્થા હોવા છતાં આરોપીએ કથિત રીતે અન્ય ઓળખ વિગતોનો ઉપયોગ કરીને નવો પાસપોર્ટ મેળવ્યો હતો.

ગુજરાત એટીએસની તપાસમાં એવો આરોપ સામે આવ્યો છે કે બનાવટી પાસપોર્ટ તૈયાર કરાવતી વખતે આરોપીએ પોતાનું સરનામું પણ બદલ્યું હતું. આ બદલાયેલી વિગતોના આધારે તૈયાર થયેલા પાસપોર્ટનો ઉપયોગ કરીને તેણે વિદેશની મુસાફરી કરી હોવાનું તપાસમાં બહાર આવ્યું છે. આ સમગ્ર મામલો સામે આવ્યા બાદ છ્જીએ ટેકનિકલ તપાસ ઉપરાંત હ્યુમન ઈન્ટેલિજન્સના આધારે તપાસ આગળ ધપાવી હતી. અધિકારીઓએ પાસપોર્ટ સંબંધિત વિગતો અને આરોપીની મુસાફરી અંગેની માહિતી એકત્રિત કરી હતી.

# ગુજરાતની પંચાયતો પર કરોડોનું દેવું, સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓની તિજોરી તળિયાઝાટક

## સ્થાનિક કક્ષાએથી થતી પાણી વેરાની વસૂલાતનો દર ૧ ટકાથી પણ ઓછો નોંધાયો




ગાંધીનગર,

ગુજરાતમાં સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓ હાલ ગંભીર નાણાકીય કટોકટીનો સામનો કરી રહી છે. રાજ્યની પંચાયતો શાસન પાસે પાણી વેરા પેટે રૂ. ૨૩૬ કરોડનું વિરાટ દેવું બાકી છે. ચોંકાવનારી બાબત એ છે કે છેલ્લા પાંચ વર્ષમાં પંચાયતો દ્વારા માત્ર રૂ. ૫૨ લાખનો પાણી વેરો ભરવામાં આવ્યો છે, જે ૧ ટકાથી પણ ઓછી વસૂલાત દર્શાવે છે. વર્ષ ૨૦૧૯-૨૦ માં જે લેણું રૂ. ૧૩૯ કરોડ હતું, તે ૨૦૨૩-૨૪ માં વધીને રૂ. ૨૩૬ કરોડ થઈ ગયું છે.

આ ઉપરાંત, રાજ્યની નગરપાલિકાઓ પણ પાણી બિલના રૂ. ૧૪૮ કરોડ ચૂકવવામાં નિષ્ફળ રહી છે. મુખ્યત્વે વહીવટી શિથિલતા અને મતોની રાજનીતિના કારણે આ સંસ્થાઓની તિજોરી તળિયાઝાટક થઈ ગઈ છે, જેનાથી તંદુરસ્ત વહીવટ સામે મોટા પ્રશ્નાર્થો ઊભા થયા છે.

ગુજરાતમાં પંચાયતો પાસે પાણી વેરા પેટે રૂ. ૨૩૬ કરોડનું ભારે દેવું બાકી બોલે છે. વર્ષ ૨૦૧૯-૨૦ માં પંચાયતોનું પાણી વેરાનું લેણું રૂ. ૧૩૯ કરોડ હતું, જે વર્ષ ૨૦૨૩-૨૪ ના અંત સુધીમાં વધીને રૂ. ૨૩૬ કરોડ સુધી પહોંચી ગયું છે. માત્ર ચાર-પાંચ વર્ષના સમયગાળામાં બાકી લેણામાં થયેલો આ મોટો વધારો પંચાયતોની આર્થિક સ્થિતિ કથળી રહી હોવાની સ્પષ્ટ જુબાની આપે છે.

સ્થાનિક કક્ષાએથી થતી પાણી વેરાની વસૂલાતનો દર ૧ ટકાથી પણ ઓછો નોંધાયો છે. છેલ્લા પાંચ વર્ષના વિશાળ સમયગાળા દરમિયાન પંચાયતોએ કુલ બાકી રકમમાંથી માત્ર રૂ. ૫૨ લાખનો જ પાણી વેરો ચૂકવ્યો છે. આટલી ઓછી

# અમદાવાદના નારોલમાં નંબર પ્લેટ વગરની કારમાંથી રૂ. ૨૧.૧૫ લાખની કિંમતની નશાકારક કફ સિરપ ઝડપાઈ

## પોલીસે સિરપનો જથ્થો લઈ જનાર દાણીલીમડાના બે શખ્સની ધરપકડ કરી




અમદાવાદ,

નારોલ ચાર રસ્તા પાસે આવેલા સ્વામીનારાયણ બિઝનેસ પાર્ક નજીકથી નંબર પ્લેટ વગરની શંકાસ્પદ કારમાંથી ગેરકાયદે કોડીન ફોસ્ફેટ યુક્ત નશાકારક કફ સિરપની ૧૭૯૮ પકડી છે. પોલીસે આ સિરપનો જથ્થો લઈ જનાર દાણીલીમડાના બે આરોપીઓની ધરપકડ કરી રૂ. ૨૧.૧૫ લાખની કફ સિરપ જપ્ત કરી છે. આ નશાકારક જથ્થો જુહાપુરાના વ્યક્તિએ આપ્યો હોવાનું સામે આપતા પોલીસે તેની સામે ગુનો નોંધી વધુ તપાસ શરૂ કરી છે.ભૌગોલિક નકશા તપાસો

નારોલ પોલીસે બાતમી મળી હતી કે, નંબર પ્લેટ વગરની એક કાળા કલરની કારમાં નશાયુક્ત કફ સિરપનો જથ્થો ભરીને નારોલ ચાર રસ્તા સર્વિસ રોડ પર કોટક મહિન્દ્રા બેંકવાળી ગલીમાં નવી બનતી કન્સ્ટ્રક્શન સાઈટ પાસે સગેવગે કરવાની પેરવી ચાલી રહી છે. આ બાતમીના આધારે વોચ ગોઠવી દરોડો પાડ્યો હતો. પોલીસે ઘટનાસ્થળે સ્કોર્પિયો કારને કોર્ડન કરી તપાસ કરતા અંદર બેઠેલા નવાઝહુસેન મુકદસહુસેન શેખ (ઉં.વ. ૨૩, રહે. ઈંડાવાળી ગલી, બેરલ માર્કેટ, દાણીલીમડા) અને સરવરખાન બિસ્મીલ્લાહખાન પઠાણ (ઉં.વ. ૨૬, રહે. અલ્લાહનગર, દાણીલીમડા) મળી આવ્યા હતા.

કારની વચ્ચેની સીટમાંથી ચાંગોદર સી એનઈઈ આશાપુરા મેડિકલ સ્ટોર માર્કિંગવાળા ૧૮ પૂંઠાના બોક્સ મળ્યા હતા. બોક્સ ખોલતાં તેમાંથી ૧૦૦ મિલીની કેડિફોસ-ટી ' બ્રાન્ડની ૧૭૯૮ સીલબંધ બોટલો મળી આવી હતી. આરોપીઓ પાસે આ જથ્થો રાખવા અંગેનું કોઈ કાયદેસર લાયસન્સ નહોતું. પ્રાથમિક તપાસમાં આ પ્રવાહીમાં એનડીપીએસ એક્ટ હેઠળ આવતું પ્રતિબંધિત 'કોડીન ફોસ્ફેટ' હોવાની પુષ્ટિ થઈ હતી.

સૌરાષ્ટ્ર આસપાસ

# કિસાનપરા ચોકમાં પોલીસની ચેકીંગ ડ્રાઈવ: અનેક વાહન ચાલકો ઝપટે ચડયા

## ફેન્સી નંબર પ્લેટ ડ્રાઈવીંગ લાયસન્સ, વીમો, પીયુસી સહિતની તપાસણી: કાળા કાચવાળા વાહનો ડીટેઈન કરાયા

રાજકોટ:

રાજકોટ શહેર પોલીસ દ્વારા શહેરના કિસાનપરા ચોકમાં ગતરાત્રીના મેરેથોન વાહન ચેકીંગ ડ્રાઈવ યોજવામાં આવી હતી જેમાં નિયમોનો ઉલાળીયો કરનાર અનેક વાહનો ઝપટે ચડી ગયા હતા.

ડાયરેકટર જનરલ ઓફીસ (ડીજીપી)ના આદેશથી યોજવામાં આવેલ ત્રણ કલાકની આ વાહન ચેકીંગ ડ્રાઈવ દરમિયાન વાહનોના ફેન્સી નંબર પ્લેટ, કાળાકાચ, ડ્રાઈવીંગ લાયસન્સ, વાહનોના વીમા, પીયુસી સહિતના જરૂરી દસ્તાવેજોની ચકાસણી કરવામાં આવી હતી.

જેમાં નિયમોનો ભંગ કરી વાહનો ચલાવનારા અનેક વાહનચાલકો સામે દંડનીય કાર્યવાહી કરવામાં આવી હતી તેમજ કાળા કાચવાળા વાહનો ડીટેઈન કરવામાં આવેલ હતા. ટ્રાફીક પોલીસ ઈન્સ્પેકટર એસ.એમ.સોલંકીના માર્ગદર્શન હેઠળ યોજાયેલી આ વાહન ચેકીંગ ડ્રાઈવમાં પીએસઆઈ ડી.પી. ગોહેલ, આઈ.આઈ.કટીયા, એસ.એમ.સૈયદ સહિતના પોલીસ સ્ટાફ અને ટી.આર.બી. જવાનો દ્વારા વાહનોની સઘન તપાસ કરવામાં આવી હતી.




આ ડ્રાઈવ દરમિયાન ફેન્સી નંબર પ્લેટ, કાળાકાચ, ડ્રાઈવીંગ લાયસન્સ વાહનોના વીમા તેમજ પીયુસી સહિતના દસ્તાવેજોના અભાવવાળા વાહનો પર તવાઈ ઉતરી હતી જેમાં કાળા કાચવાળા વાહનો ડીટેઈન કરવામાં આવેલ હતા.જયારે નિયમોનો ભંગ કરનારા વાહનોના ચાલકો સામે દંડની વસુલાત કરવામાં આવી હતી. અહીં એ ઉલ્લેખનીય છે કે પોલીસની વાહન ચેકીંગ ડ્રાઈવ દરમિયાન અગાઉ અનેક વાહનોમાંથી હથીયારો પકડાયા હતા તેમજ નશો કરી વાહન ચલાવનારા અનેક વાહનચાલકો ઝપટે ચડેલ છે. સૌરાષ્ટ્રના પાટનગર એવા રાજકોટનો ક્રાઈમ રેટ સતત ઉંચકાય રહ્યો છે.

ત્યારે પોલીસે સતર્ક સમયાંતરે વાહન ચેકીંગ ડ્રાઈવ શરૂ કરી છે. પરંતુ જેમાં નિર્દોષ વાહન ચાલકો પણ દંડાય રહ્યા હોવાની પણ ફરિયાદો ઉઠતી રહી છે. ગઈકાલે યોજાયેલ આ ચેકીંગ ડ્રાઈવમાં નિયમ ભંગ કરનારા અને વાહનો સામે કાયદાનો દંડો ઉગામવામાં આવેલ હતો.

# નવો 'સહકારી' વિવાદ: ચૂંટણી રોકવા 'કોરમ' જ ન થવા દેવાયું!

## જીલ્લા સંઘના પ્રમુખ - ઉપપ્રમુખની ચૂંટણી મુલત્વી,ચૂંટણી અધિકારીએ "રોજકામ" કર્યું

રાજકોટ:

રાજકોટ-લોધિકા સંઘની ચૂંટણીથી જીલ્લા ભાજપમાં સર્જાયેલા આંતરીક વિવાદનાં લબકારા ચાલુ જ હોય તેમ આજે રાજકોટ જીલ્લા સંઘનાં પ્રમુખ ઉપપ્રમુખની ચૂંટણી છેલ્લી ઘડીએ મુલત્વી રાખી દેવામાં આવી હતી. કાયદાકીય પ્રશ્નો ઉભા ન થાય તે માટે કોરમના ખેલ કરવામાં આવ્યો હતો. કોઈ સભ્ય જ બેઠક માટે ન પહોંચતા હોદેદારોની ચૂંટણી થઈ શકી ન હતી.

રાજકોટ જીલ્લા સંઘની ચૂંટણી ગત મહિને થઈ હતી. પ્રમુખ-ઉપપ્રમુખની ચૂંટણી છેલ્લી ઘડીએ મુલત્વી રાખી દેવામાં આવી હતી. કાયદાકીય પ્રશ્નો ઉભા ન થાય તે માટે કોરમનાં ખેલ કરવામાં આવ્યો હતો. કોઈ સભ્ય જ બેઠક માટે ન પહોંચતા હોદેદારોની ચૂંટણી થઈ શકી ન હતી.

રાજકોટ જીલ્લા ચૂંટણી ગત મહિને થઈ હતી. પ્રમુખ-ઉપપ્રમુખની ચૂંટણી માટે આજે બેઠક રાખવામાં આવી હતી. છેલ્લી ઘડીએ ચૂંટણી થઈ શકી ન હતી. કારણ કે કોઈ ડાયરેકટરો જ પહોંચ્યા ન હતા.

સહકારી ક્ષેત્રનાં સુત્રોએ કહ્યું કે, સરકારી સભાસદોને તાલીમ જેવા કામોમાં સામેલ જીલ્લા સંઘની ચૂંટણી નિર્વિવાદ રીતે પૂર્ણ થઈ હતી. પ્રમુખ-ઉપપ્રમુખની ચૂંટણી માટે નામ નકકી થઈ ગયા હતા.પરંતૂ ભાજપ નેતાગીરી દ્વારા મેન્ડેટ આવ્યા ન હતા. હોદેદારોની પસંદગી માટે એકથી વધુ નામ મોકલવા અને હાલ તુર્ત ચૂંટણી નહિં કરવાનું કહી દેવાયું હતું. જેને પગલે કોઈ ડાયરેકટરો બેઠકમાં ન પહોંચતા ચૂંટણી થઈ શકી ન હતી.

સહકારી જગતમાં થતી ચર્ચા પ્રમાણે રાજકોટ જીલ્લા સંઘમા કાયમ ચૂંટણી નિર્વિવાદ જ હોય છે.આ વખતે પણ ખેંચતાણ વિના થઈ હતી. પ્રમુખ માટે દિનેશ ભુવા તથા ઉપપ્રમુખ માટે મગન ઘડાવીયાનાં નામ નકકી કરી લેવાયા હતા અને તે વિશે ભાજપ નેતાગીરીનું ધ્યાન દોરીને મેન્ડેટ માંગવામાં આવ્યા હતા.એમ કહેવાય છે કે, પાર્ટી નેતાગીરીએ સિંગલ નામ જ પસંદ કરવાના બદલે બે-ત્રણ નામોની પેનલ મોકલવાનું કહેણ મોકલ્યુ હતું. છેલ્લી ઘડીએ કવાયત પૂર્ણ કરવાનું શકય ન હતું એટલે નેતાગીરીએ હાલ તુર્ત ચૂંટણી નહિં કરવાની સુચના આપી હતી.પાર્ટીની સુચનાને પગલે ડાયરેકટરોને બેઠકમાં નહિં જવાનો મેસેજ પાઠવી દેવાયો હતો. બેઠકમાં કોરમ ન થતા ચૂંટણી શકય બની ન હતી. ચૂંટણી અધિકારીઓ નિયમ મુજબ સમય આવ્યો હતો પરંતુ ડાયરૂકટરો ન આવતા રોજકામ કરીને બેઠક પુર્ણ કરી હતી.

એવી ચર્ચા છે કે અન્ય સહકારી સંસ્થાઓની જેમ જીલ્લા સંઘમાં પણ ધારાસભ્ય જયેશ રાદડીયાનું જ વર્ચસ્વ રહ્યુ છે. દિનેશ ભુવા તથા મગન વડાવીયા હોદેદાર તરીકે પસંદ થયા હતા. પરંતુ છેલ્લી ઘડીએ મેન્ડેટનો ગુંચવાડો સર્જાયો હતો.લોધીકા સંઘનો વિવાદ હજુ ગાજે જ છે. તેવા સમયે જયેશ રાદડીયા જુથની સંસ્થાની ચૂંટણી છેલ્લી ઘડીએ મુલત્વી રખાવી દેવાતા નવા કોઈ પ્રત્યાઘાતો પડે છે કે કેમ તેના પર મીટ છે.

ખાસ કરીને પસંદ થયેલા પ્રમુખ-ઉપપ્રમુખના નામ પર મહોર મારવાના બદલે નેતાગીરીએ બે-ત્રણ નામોની પેનલ મોકલવાનું સુચવતા નામોમાં ફેરફારને અવકાશ રહે છે. આ નવા ઘટનાક્રમો ફરી સહકારી ક્ષેત્રમાં ચર્ચા જગાવી છે.

## રાજકોટ ડિવિઝનમાં રેલ મદદ પર ત્વરિત કાર્યવાહી

# રેલવે સુરક્ષા બળે મુસાફરના ૨૫,૦૦૦ની કિંમતના Apple AirPods સુરક્ષિત પરત કર્યા

રાજકોટ:પશ્ચિમ રેલવેના રાજકોટ ડિવિઝનમાં રેલવે સુરક્ષા બળે મુસાફર સેવા પ્રત્યે તત્પરતા દર્શાવતા ૨૫,૦૦૦ની કિંમતના Apple AirPods સુરક્ષિત રીતે મુસાફરને પરત કર્યા.

રાજકોટ ડિવિઝનના સીનિયર ડિવિઝનલ કોમર્શિયલ મેનેજર શ્રી સુનીલ કુમાર મીનાના જણાવ્યા અનુસાર તારીખ ૧૪ સપ્ટેમ્બર ૨૦૨૬ના રોજ ટ્રેન નંબર ૨૨૯૨૫ સાબરમતી–ઓખા વંદે ભારત એક્સપ્રેસ સંબંધિત એક ફરિયાદ રેલ મદદ મારફતે મળી હતી. ફરિયાદી મુસાફર શ્રી વિશ્રુત જોશીએ જણાવ્યું કે તેમણે તારીખ ૧૩ સપ્ટેમ્બર ૨૦૨૬ના રોજ સાબરમતીથી દ્વારકા સુધીની મુસાફરી કરી હતી. મુસાફરી દરમિયાન તેઓ કોચ નંબર ઝ-૭ની સીટ નંબર ૦૯ પર બેઠા હતા.




દ્વારકા સ્ટેશને ઉતર્યા બાદ બીજા દિવસે તેમને જાણ થઈ કે તેમના Apple AirPods જેની કિંમત આશરે ?૨૫,૦૦૦ છે, તે સીટ પર જ રહી ગયા છે.

ફરિયાદ મળતાં જ રેલવે સુરક્ષા બળના દ્વારકા પોસ્ટ હેઠળની ઓખા આઉટપોસ્ટના સહાયક સબ-ઈન્સ્પેક્ટર પ્રહલાદ બધારા અને સ્ટાફ દ્વારા મુસાફર સાથે મોબાઈલ ફોન પર સંપર્ક કરીને જરૂરી માહિતી મેળવવામાં આવી હતી. મુસાફરે જણાવેલી જગ્યાની તપાસ કરવાની સાથે જ ટ્રેનની સુરક્ષા ટુકડીનો સંપર્ક કરવામાં આવ્યો હતો.

સુરક્ષા ટુકડી મારફતે માહિતી મળી કે આ AirPods સફાઈ કર્મચારીને મળ્યા હતા. ત્યારપછી રેલવે સુરક્ષા બળના સ્ટાફે Apple AirPods સુરક્ષિત રીતે મેળવીને મુસાફરને તેની જાણ કરી હતી. મુસાફર ઓખા સ્ટેશને પહોંચતાં જ Apple AirPods તેમને સુરક્ષિત રીતે સોંપી દેવામાં આવ્યા હતા.

પોતાનો સામાન પરત મળતાં મુસાફરે રેલવે સુરક્ષા બળની તત્પરતા અને સહયોગ બદલ આભાર વ્યક્ત કર્યો હતો. આ કાર્યવાહી રેલવે સુરક્ષા બળની મુસાફર સેવા, સુરક્ષા અને સહાય પ્રત્યેની પ્રતિબદ્ધતા દર્શાવે છે.

# બાલાશ્રમમાં રહેતી સગીરા પુત્ર સાથે પદ્મકુંવરબા હોસ્પિટલમાંથી ભેદી રીતે ગુમ

## પેટના દુખાવાની દવા લેવા ગયા ત્યારે સ્ટાફ કેસ કઢાવતો હતો અને સગીરા પુત્ર સાથે ગાયબ થઈ ગઈ, અપહરણનો ગુનો નોંધાયો

રાજકોટ:

બાલાશ્રમમાં રહેતી સગીરા પુત્ર સાથે પદ્મકુંવનબા હોસ્પિટલમાંથી ભેદી રીતે ગુમ થતાં એ.ડિવિઝન પોલીસે અપહરણની કલમ હેઠળ ગુનો નોંધી શોધખોળ આદરી હતી.બનાવ અંગે પી.ડી. માલવિયા કોલેજની સામે આવેલ એ.વી.જસાણી વિધા મંદીર સ્કુલમાં રહેતાં ચાર્મીબેન વ્યાસે જણાવ્યું હતું કે, તેઓ ગોંડલ રોડ ઉપર આવેલ શ્રી કાઠીયાવાડ નિરાશ્રીત બાલાશ્રમમાં કાઉન્સીલર તરીકે છેલ્લા બે વર્ષથી નોકરી કરે છે.

ગઈ તા.૧૪/૦૮ ના ધોરાજી તાલુકા પોલીસ સ્ટેશન ખાતે અપહરણનો ગુનો દાખલ થયેલ જે ગુન્હાના કામના ભોગબનનાર સગીરા તેમજ તેના ૧૧ માસના દીકરા અને આરોપી ભગુ ઉર્ફે રોહીત લખમણ વાડોદરીયા સાથે મળી આવતા આ કામના ભોગબનારને તેના માતા-પિતા સાથે રહેવા માંગતા ન હોય જેથી ગઇ તા.૧૫/૦૮ ના ધોરાજી તાલુકા પોલીસ સ્ટેશનનો સ્ટાફ માતા પુત્રને શ્રી કાઠીયાવાડ નિરાશ્રીત બાલાશ્રમ સંસ્થા ખાતે રજુ કરેલ હતાં.ત્યારથી સંસ્થામાં રહેતા હતા. ગઇ તા.૦૭ ના સવારના પોણા દસેક વાગ્યે તેણી શ્રી કાઠીયાવાડ નિરાશ્રીત બાલાશ્રમ સંસ્થા"ખાતે નોકરીમા આવેલ ત્યારે જાણવા મળેલ કે, સંસ્થામાં રહેતી સગીરાને પેટમાં દુખાવો થતો હોય જેથી તેઓ તેના દીકરા સાથે સંસ્થામાં નોકરી કરતા કેરટ્રેકર તરીકે તેઓને ગુંદાવાડી ખાતે આવેલ પધ્મકુંવરબા સરકારી હોસ્પીટલમાં સારવામાં લઇ ગયેલ હતાં.બાદમાં સવારના સંસ્થાના કેરટ્રેકર હેતલબેન ત્રિવેદીનો સંસ્થાના અધિક્ષક પ્રતિમાબેન રાઠોડને ફોન આવેલ કે, હું સગીરાને હોસ્પીટલમાં સારવારમાં લઇ ગયેલ હતી અને કેસ બારીમાં કેસ કઢાવવાની કાર્યવાહી કરતી હતી અને તે વખતે આ સગીરાએ કહેલ કે, તમો કેસ કઢાવો અને મને પેટમાં દુખાવો થાય છે હું સાઇડમાં બેસુ છું.જે બાદ કેસ કઢાવી જોતા સગીરા જોવામાં આવેલ નહી તેમ વાત કરતા જેથી તેણી અને ગૃહમાતા સહિતના પધ્મકુંવરબા સરાકારી હોસ્પીટલ ખાતે ગયેલ તો ત્યાં હેતલ ત્રિવેદી મળેલ અને હકિકતની વાત કરેલ હતી. જે બાદ સગીરાની હોસ્પીટલમાં તેમજ ગુંદાવાડી બજાર અને એસ.ટી. બસ સ્ટેન્ડમાં તપાસ કરતા સગીરા મળી ન આવતાં પોલીસ ફરીયાદ નોંધાવી હતી.

# નવરાત્રી: મનપાએ આઠ મેદાન ભાડે આપવા ટેન્ડર પ્રસિધ્ધ કર્યા



રાજકોટ:આગામી તા.૧૧ ઓકટોબરથી નવરાત્રીનો પ્રારંભ થઇ રહ્યો છે ત્યારે મહાપાલિકાએ પોતાના જુદા જુદા આઠ મેદાનો રાસોત્સવ માટે ભાડે આપવા ટેન્ડર બહાર પાડયા છે. જે ભરવાની મુદ્દત ૧૫ દિવસની છે. જુદા જુદા આ મેદાન ભાડે આપવાના નિયમો અને ભાડા ગત વર્ષ જેટલા જ રાખવામાં આવ્યા છે. રેસકોર્સના બે મેદાન રૂા.૬ના પ્રતિ ચો.મી. અપસેટ ભાવે, નાના મવા ચોક અને સાધુ વાસવાણી રોડ પરના બે પ્લોટનું અપસેટ ભાડુ રૂા.૫ નકકી કરવામાં આવ્યું છે. અમીન માર્ગ કોર્નર ઝેડ બ્લુ સામેના પ્લોટ, પ્રમુખસ્વામી ઓડિટોરીયમ બાજુના પ્લોટ, ૧૫૦ ફુટ રોડ, બાલાજી હોલ પાસે, પાઠક સ્કુલ પાછળના પ્લોટ અને સત્યસાંઇ રોડ, શગુન રેસીડેન્સીની બાજુના પ્લોટનું અપસેટ ભાડુ રૂા.૫ રાખવામાં આવ્યું છે. તમામ મેદાનમાં ઈએમડીની રકમ રૂા. એક-એક લાખ યથાવત રાખવામાં આવી છે.

ગરબા આયોજકો આ માટે ઓફર આપી શકશે. અપસેટ ભાડા ઉપરની ઓફરથી મનપાનો એસ્ટેટ વિભાગ અરજદારને ગ્રાઉન્ડ ફાળવશે. તો શહેરની મધ્યમાં આવેલા રેસકોર્સ ક્રિકેટ ગ્રાઉન્ડને ગરબા માટે ભાડે આપવાના નિયમો અને ભાડા અલગથી હોય, એક-બે દિવસમાં તેના ટેન્ડર અલગ થી પ્રસિધ્ધ થશે તેમ વિભાગે જણાવ્યું હતું. જોકે ગત વર્ષે પ્રમુખસ્વામી ઓડિટોરીયમ બાજુના પ્લોટ જેવી જગ્યામાં કોઇએ રસ લીધો ન હતો. અમીન માર્ગ અને રેસકોર્સના મેદાન દાંડીયા રાસ માટે સૌથી ફેવરીટ રહે છે તે ઉલ્લેખનીય છે.

આ પ્લોટ ૩૦૭૩ ચો.મી.થી માંડી ૧૨,૮૦૦ ચો.મી. સુધીના છે. જેના ભાડા ઉપરાંત ટેકસ, સફાઇ સહિતના ચાર્જ આયોજકોએ ભરવાના હોય છે. એકથી વધુ અરજી આવે તો ઉંચી ઓફરના આધારે મેદાનની ફાળવણી કરવાનો નિયમ છે.

# બહેનની છેડતી કરનાર શખ્સની ઘાતકી હત્યા કરનારા ૩ આરોપીની ધરપકડ

રાજકોટ:રેલનગરમાં બાંધકામ સાઈટ પર બહેનની છેડતી કરનાર શખ્સને ધોકા ફટકારી, તાર વડે ગળા ટુંપો આપી ઘાતકી હત્યા કરનાર આરોપીની પોલીસે ધરપકડ કરી કાર્યવાહી કરી હતી. બાંધકામ સાઈટ પર ઓરિસ્સાના દુઃખીરામે સાથે કામ કરતાં એમપીના શ્રમિકની બહેનનો હાથ પકડી લીધો હતો. છેડતી મામલે ટપરતા શખ્સ રઘવાયો થયો અને આરોપીઓ પર ઈંટો ફેંકી હુમલાનો પ્રયાસ કર્યો હતો.

જેથી ઉશ્કેરાયેલા આરોપી ત્રણેય ભાઈઓએ દુ:ખીરામનું મોત ન નિપજ્યું ત્યાં સુધી બહેરેમીથી ફટકાર્યો હતો. જે મામલે તુરંત જ પ્ર. નગર અને ક્રાઈમ બ્રાન્ચની ટીમે દોડી જઈ ત્રણેય આરોપીને પકડી કાર્યવાહી કરી હતી.બનાવ અંગે હાલ ગુંદાવાડી પેલેસ રોડ, વર્ધમાનનગર મેઈન રોડ પરના રાધાકૃષ્ણ એપાર્ટમેંટ ગ્રાઉન્ડ ફલોર પર રહેતાં અને મુળ ઓરીસ્સાના વતની પ્રફુલ્લભાઇ રાજકુમાર સુગરીયા (ઉ.વ.૨૩) એ નોંધાવેલ ફરીયાદમાં આરોપી તરીકે પીજુ કેવન ભુરીયા, અજીત કેવન ભુરીયા અને રાજેશ કૈલાશ ભુરીયા (રહે. ત્રણેય રહે.હાલ રેલનગર સાધુવાસવાણીકુંજ રોડ ભારત પેટ્રોલ પંપની સામેની શેરી, શ્રી બંગ્લોઝની બાજુમાં, મુળ રહે. જાંબવા, મધ્યપ્રદેશ) નું નામ આપતાં પ્ર. નગર પોલીસે હત્યાની કલમ હેઠળ ગુનો નોંધી તપાસ આદરી હતી.

વધુમાં ફરીયાદીએ જણાવ્યું હતું કે, તે તથા તેમનો ભાઈ અને બહેન પ્રિયા (ઉ.વ.૨૪) સાથે રહી લાદીનું કડીયાકામનું મજુરી કામ કરે છે. તે છેલ્લા દસેક વર્ષથી રાજકોટમાં રહે છે. તેઓ ચાર ભાઇ બહેનો છે, જેમાં સૌથી મોટી પ્રિયંકાબેન છે, તે તેના પતિ ખેત્રી ટાંડી સાથે રેલનગરમાં રહે છે. તેમની માતા ભાદ્રવિબેન જેઓ ત્રણ ભાઈ બહેનો છે. જેમાં સૌથી મોટા તેમના માતા ભાદ્રવિબેન બાદ તેનાથી નાના મામા જગબંદુ ભાગ છે જેઓ ઓરીસ્સા ખાતે રહે છે અને સૌથી નાના મામા દુખીશ્યામ



બાગ જે છેલ્લા ત્રણેક વર્ષથી રેલનગરમાં રહેતા અને ચણતરકામ કરતા હતા. મામા દુખીશ્યામની પત્નીનું નામ કૈબત્તીબેન છે તેને સંતાનમાં બે દિકરાઓ છે જેમાં મોટો ભુભ્મન અને તેનાથી નાનો રોહન છે, મામી તથા તેના બંન્ને દિકરાઓ ઓરીસ્સા ખાતે રહે છે.

યુવક સાંજનાં સાડા ચારેક વાગ્યાનાં અરસામાં મેટોડા ખાતે લાદી કામ કરતો ત્યારે મામા જગબંદુ બાગની દિકરી આલીયા જે હાલમાં બેંગ્લોરમાં હોટલમાં કામ કરે છે તેનો ફોન આવેલ કે મારા કાકા દુઃખીશ્યામ જે રેલનગરમાં મકાન ઉપરથી પડી ગયેલ છે અને તેઓ હાલમાં રાજકોટ સરકારી હોસ્પીટલમાં છે, તેવી જાણ કરતા તે સરકારી હોસ્પીટલમાં ગયેલ અને આ વખતે ત્યાં જીજાજી ખેતરી આલેખ તાંડી (રહે. જાગનાથ પ્લોટ) સાથે આવેલ હતા.હોસ્પિટલ પર હાજર કિશોરભાઇ ચુડાસમા પોલીસ અધિકારીને મળેલ અને મામા દુખીશ્યામની લાશ પીએમ રૂમમાં કોલ્ડ સ્ટોરેજમાં રાખવામાં આવેલ હોય જે લાશ બતાવેલ હતી. આ લાશ મામા દુ:ખીશ્યામની હોવાની ઓળખી બતાવેલ અને હકિકત જણાવેલ કે, આ દુ:ખીશ્યામ જેની લાશ રેલનગર સાધુવાસવાણીકુંજ રોડ ભારત પેટ્રોલ પંપની સામેની શેરી, જયવિધ્યાર્થી ટ્યુશન કલાશ વાળી શેરી શ્રી બંગ્લોઝની બાજુમાં નવા મકાનના બાંધકામની દિવાલ પાસેથી મળેલ હતી.મામા દુખીશ્યામની લાશનું પીએમ કરવામાં આવેલ જેમાં શરીરે આંતરીક અને બાહ્ય ઈજાઓ થવાથી મોત થયેલનું તબીબે લખી આપેલ જે વાત લ પોલીસ અધિકારીએ કરેલ હતી. આ બનાવ બાબતે મૃતક મામા દુઃખી શ્યામની પત્ની કૈબત્તીબેનને ફોન કરીને વાત કરેલ હતી.

બાદમાં પોલીસે જણાવેલ છે કે, દુખીશ્યામ સાથે રેલનગર સાધુવાસવાણીકુંજ રોડ ભારત પેટ્રોલ પંપની સામેની શેરી, શ્રી બંગ્લોઝની બાજુમાં નવા મકાનના બાંધકામ વાળી બનાવ વાળી જગ્યાએ કામ કરતા આરોપી પીજુ ભુરીયા, અજીત લ ભુરીયા અને રાજેશ ભુરીયા તેમજ અજીતની પત્ની આશા તથા પીંજુ ભુરીયાની નાની બહેન તાનુબેન સાથે બધા તા.૧૪ નાં રોજ ચણતર કામ કરતા હતા અને રાતનાં આશરે નવેક વાગ્યાનાં અરસામાં અજીતની પત્ની આશા તથા પીજુની બહેન તાનુ બંન્ને મકાનના રૂમમાં રસોઈ બનાવતી હતી.

આ વખતે આ દુખીશ્યામ રૂમમાં જઈને તાનુનો હાથ પકડેલ અને તાનુએ દેકારો કરતા પીજુ, અજીત તથા રાજેશ રૂમમાં આવતા આ દુખીશ્યામ રૂમમાં તેઓ સાથે માથાકુટ કરવા લાગેલ અને ત્યાં પડેલ ઇંટો તેઓ ત્રણેય ઉપર ફેકવા લાગેલ હતો.

# મોરબી હાઉસ અને મુંજકા ચોકડી પાસેથી ચોરાઉ બાઈક સાથે બે શખ્સો ઝડપાયા

રાજકોટ:

જંકશન પ્લોટ પાસે મોરબી હાઉસ નજીકથી ક્રાઈમ બ્રાન્ચની ટીમે ચોરાઉ બાઇક સાથે રીઢા આરોપીને ઝડપી લીધો હતો. પોલીસે આ શખસને પૂછતાછ કરતા તેણે આ બાઈક ૨૫ દિવસ પૂર્વે ગંજીવાડા નાકા પાસેથી ચોરી કર્યાની કબુલાત આપી હતી.ક્રાઈમ બ્રાન્ચના પીએસઆઇ વી.ડી. રાવલીયાની રાહબરી હેઠળ ટીમ પેટ્રોલિંગમાં હતી. દરમિયાન હેડ કોન્સ્ટેબલ મુકેશભાઈ સબાડ, કોન્સ્ટેબલ તોફિકભાઈ જુનાચ અને જીલુભાઇ ગરચરને મળેલી બાતમીના આધારે જંકશન પ્લોટ મેઈન રોડ પર મોરબી હાઉસ પાસેથી એક શખ્સને શંકાસ્પદ બાઇક સાથે ઝડપી લીધો હતો.

પોલીસે આ શખ્સની પૂછતાછ કરતા તેણે પોતાનું નામ જીતેશ અમરશી વાઘેલા (ઉ.વ.૩૭ રહે. પરસાણાનગર શેરી નંબર ૬, જામનગર રોડ) હોવાનું જણાવ્યું હતું. આ શખસ પાસે બાઈકના કાગળો માંગતા ગલ્લા તલ્લા કરવા લાગ્યો હતો. બાદમાં પોલીસે સઘન પૂછતાછ કરતા આ બાઈક તેને ૨૫ દિવસ પૂર્વે ગંજીવાડા નાકા પાસે પેટ્રોલ પંપ નજીક કેબિન પાસેથી ચોરી કર્યાની કબુલાત આપી હતી. જેથી પોલીસે બાઈક કબજે કરી ધોરણસરની કાર્યવાહી હાથ ધરી હતી.આરોપી સામે અગાઉ વાહન ચોરી જાહેરનામા ભંગ, વાહન ચોરી, સ્ત્રી અત્યાચાર સહિતના છ ગુના નોંધાઈ ચૂક્યા છે. આર્થિક તંગી દૂર કરવા માટે બાઈક ચોરી કર્યાનુ રટણ કર્યું હતું. આ કામગીરીમાં એએસઆઇ સમીરભાઈ શેખ, હેડ કોન્સ્ટેબલ સાગરભાઈ માવદીયા, દીપકભાઈ



ડાંગર, અશ્વિનભાઈ પંપાણીયા સાથે રહ્યા હતા.આ ઉપરાંત યુની. પોલીસ મથકના પીઆઇ કે. કે. ગોહિલના માર્ગદર્શન હેઠળ પીએસઆઇ એસ.એન. શ્યોરા તથા તેમની ટીમ પેટ્રોલિંગમાં હતી.

દરમિયાન મળેલી બાતમીના આધારે મુંજકા નજીક આર્ષ વિદ્યા મંદિર પાસે ટીટોડીયા વિસ્તારમાં જવાના પુલ નજીકથી શંકાસ્પદ એકટીવા સાથે એક શખસને ઝડપી લીધો હતો.જેની પૂછતાછ કરતા તેણે પોતાનું નામ મિલન વિનોદભાઈ સિંધવ (ઉ.વ.૨૩ રૈયાધાર, ઈન્દિરાનગર શેરી નંબર ૩૨) હોવાનું જણાવ્યું હતું. પોલીસે સઘન પૂછતાછ કરતા આ એકટીવા તેણે ચાર દિવસ પૂર્વે રૈયાધાર બાર માળિયા ક્વાર્ટરના પાર્કિંગમાંથી ચોરી કર્યાની કબુલાત આપી હતી જેથી પોલીસે વાહન કબજે કરી કાયદેસરની કાર્યવાહી કરી હતી.

# આર.કે જૈન ફાઉન્ડેશન દ્વારા રાહતદરે વોકિંગ સ્ટીકનું વિતરણ

રાજકોટ:

આર.કે જૈન ફાઉન્ડેશન દ્વારા સિનિયર સિટીઝનની સેવા માટે વોકિંગ સ્ટીક (ચાલવા માટેની સ્ટીલની ટેકા લાકડી) જે બજાર કિંમત અંદાજિત ૪૦૦ રૂપિયા છે તે અમારા ફ઼ાઉન્ડેશન (ટ્રસ્ટ) તરફથી ૧૫૦ રૂપિયા ના ટોકન દરે આર.કે જૈન ફાઉન્ડેશન, ગૌતમ કોમર્શિયલ સેન્ટર, ઓફિસ નં. ૨૦૮, બોમ્બે હોટલની સામે, ગોંડલ રોડ, રાજકોટ ખાતે સાંજે ૪ થી ૬ દરમ્યાન આપવામાં આવશે. જેનો ૬૫ વર્ષ થી વધારે ઉંમરના જરૂરિયાતમંદ વડીલોએ જરૂરથી લાભ લેવો. આધાર કાર્ડ સાથે લાવવુ જરૂરી છે.

# બિહારમાં નોન-ઈન્ટરલોકિંગ કામગીરીના કારણે બે ટ્રેનો ડાયવર્ટ કરેલા રૂટ પર દોડશે

રાજકોટ:પૂર્વ મધ્ય રેલવેના દાનાપુર ડિવિઝન અને સોનપુર ડિવિઝન હેઠળ આવતા રાજેન્દ્ર પુલ, હાથીદહ જંક્શન અપર, ટાલ, રામપુર ડુમરા તેમજ દિનકર ગ્રામ સિમરિયા સ્ટેશનો પર પ્રી-નોન ઈન્ટરલોકિંગ અને નોન-ઈન્ટરલોકિંગ કામગીરીના લીધે કેટલીક ટ્રેનોનું સંચાલન ડાયવર્ટ કરેલા રૂટ પર કરવામાં આવશે. રાજકોટ ડિવિઝનના સિનિયર ડિવિઝનલ કોમર્શિયલ મેનેજર શ્રી સુનીલ કુમાર મીના ના જણાવ્યા અનુસાર, આ સંદર્ભે રાજકોટ ડિવિઝન સંબંધિત નીચે મુજબની બે ટ્રેનો નિર્ધારિત તારીખોએ ડાયવર્ટ કરેલા રૂટ પર દોડશે.

૧) ટ્રેન નંબર ૧૫૬૩૫ – ઓખા–ગુવાહાટી એક્સપ્રેસ

૨૫ સપ્ટેમ્બર અને ૨ ઓક્ટોબર, ૨૦૨૬ ના રોજ ઓખાથી ઉપડનારી ટ્રેન નંબર ૧૫૬૩૫ ઓખા–ગુવાહાટી એક્સપ્રેસનું સંચાલન ડાયવર્ટ કરેલા રૂટ પર કરવામાં આવશે. આ ટ્રેન વારાણસી જંક્શન–છપરા–શાહપુર પટોરી–બરૌની થઈને ડાયવર્ટ કરેલા રૂટ પર દોડશે. ડાયવર્ટ કરેલા રૂટ પર દોડવાના કારણે પંડિત દીનદયાળ ઉપાધ્યાય જંક્શન, બક્સર, પટના જંક્શન, બખ્તિયારપુર જંક્શન અને મોકામા જંક્શન પર આ ટ્રેનનું સ્ટોપેજ રહેશે નહી.

૨) ટ્રેન નંબર ૧૫૬૬૭ – ગાંધીધામ–કામાખ્યા એક્સપ્રેસ

૧૯ અને ૨૬ સપ્ટેમ્બર, ૨૦૨૬ ના રોજ ગાંધીધામથી ઉપડનારી ટ્રેન નંબર ૧૫૬૬૭ ગાંધીધામ–કામાખ્યા એક્સપ્રેસનું સંચાલન ડાયવર્ટ કરેલા રૂટ પર કરવામાં આવશે. આ ટ્રેન વારાણસી જંક્શન–છપરા–શાહપુર પટોરી–બરૌની થઈને ડાયવર્ટ કરેલા રૂટ પર દોડશે. ડાયવર્ટ કરેલા રૂટ પર દોડવાના કારણે પટના જંક્શન પર આ ટ્રેનનું સ્ટોપેજ રહેશે નહી.

સૌરાષ્ટ્ર આસપાસ

Owner: Leela News Network Private Limited, Printer & Publisher Komalkant Fakirchand Sharma , on behalf of Leela News Network Private Limited. Printed at 1/6 Ghanchivad , Near Jilla Garden, Rajkot. Published at 7th Floor Pramukh Swami Arcade, Malaviya Chowk, Rajkot. Editor: Rajesh Kiritbhai Dave (Responsible for News editing as per PRB ACT)

સૌરાષ્ટ્ર આસપાસ

## કથીરમાંથી કંચન અભિયાન

સ્વચ્છતા ત્યાં પ્રભુતા એ સૂત્ર સૌ કોઈ જાણે છે. સામાન્ય માણસ સરકાર માટે સરકારી કચેરીઓ માં સ્વચ્છતા નો ભાવ જોવા મળે છે પરંતુ સરકારી સ્વચ્છતા અભિયાન ની શરૂઆત સરકારી કચેરી છે અને જૂની ફાઇલો અને ભંગારનો નિકાલ કરવાનું શરુ દીધું છે. આને કારણે સરકારને કરોડો રૂપિયાનું આવક થઈને છે.સરકારી કચેરીમાં પડેલો ભંગાર વર્ષો સુધી બોજ બનતો હતો. જૂની ફાઈલોના ઢગલા હતા. તૂટેલી ખુરશીઓ હતી. બંધ પડેલા કોમ્પ્યુટર હતા. કાટ ખાધેલા લોખંડના કબાટ હતા. આ બધું જગ્યા રોકતું હતું. ધૂળ જમાવતું હતું. કામમાં અડચણ કરતું હતું. પણ હવે આ જ ભંગાર સરકાર માટે કમાણીનું સાધન બન્યો છે. કેન્દ્ર સરકારે છેલ્લા પાંચ વર્ષમાં ભંગારના નિકાલથી ૫,૧૦૨.૯૧ કરોડ રૂપિયાની આવક મેળવી છે. આ માહિતી કેન્દ્રીય કાર્મિક અને તાલીમ મંત્રાલયે મંગળવારે આપી છે. આ વાત સાબિત કરે છે કે યોગ્ય વ્યવસ્થા હોય તો કચરો પણ ધન બની શકે છે.વર્ષ ૨૦૨૧થી કેન્દ્ર સરકારે વિશેષ સ્વચ્છતા અભિયાન શરૂ કર્યું હતું. તેનો મુખ્ય ઉદ્દેશ સરકારી કચેરીઓમાં સ્વચ્છતાને કાયમી વ્યવસ્થા બનાવવાનો હતો. સાથે પડતર કામો ઘટાડવાનો પણ ધ્યેય હતો. આ અભિયાનના અત્યાર સુધી પાંચ તબક્કા પૂરા થયા છે. જુલાઈ ૨૦૨૬ સુધી દર મહિને સચિવાલય સ્તરે તેની સમીક્ષા કરવામાં આવી. આ સતત દેખરેખને કારણે અભિયાન માત્ર કાગળ પર ન રહ્યું. તે જમીન પર ઉતર્યું. દિલ્હીના મોટા ભવનોથી લઈને દૂરના જિલ્લાઓની નાની કચેરીઓ સુધી સફાઈ પહોંચી.

આ સમયગાળા દરમિયાન ૨૪.૨૦ લાખથી વધુ સ્થળો આવરી લેવામાં આવ્યા. દરેક સ્થળેથી નકામો સામાન દૂર કરાયો. જૂના નિયમો મુજબ જે ફાઈલોની મુદત પૂરી થઈ હતી તે બંધ કરાઈ. કેટલીક ફાઈલો ડિજિટલ કરીને મૂળ કાગળોનો નાશ કરાયો. આ રીતે ૧૮૦.૪૮ લાખથી વધુ ફાઈલોનો નિકાલ થયો. ફાઈલોના ઢગલા નીચા થવાથી કર્મચારીઓને રાહત થઈ. હવે જરૂરી કાગળ શોધવામાં કલાકો બગડતા નથી. ટેબલ પર જગ્યા દેખાય છે. કચેરી ખુલ્લી અને સ્વચ્છ લાગે છે.

ખાસ કરીને પાંચમા તબક્કામાં કામગીરીએ વેગ પકડ્યો. આ એક જ તબક્કામાં ૧૧.૬૦ લાખ સ્થળો સાફ કરવામાં આવ્યા. ૨૯.૫૨ લાખ ફાઈલો હટાવવામાં આવી. ૨૩૩.૭૫ લાખ સ્ક્વેર ફૂટ જેટલી ઓફિસની જગ્યા ખાલી કરાઈ. આ ખાલી પડેલી જગ્યા નાની નથી. તેમાં અનેક નવી કચેરીઓ શરૂ થઈ શકે છે. નવા કર્મચારીઓને બેસવાની વ્યવસ્થા થઈ શકે છે. સરકારે બહારથી મોંઘી જગ્યા ભાડે લેવી પડતી નથી. તેથી સીધી બચત થાય છે. આ તબક્કામાં ભંગાર વેચાણથી ૮૩૩.૯૨ કરોડ રૂપિયા મળ્યા.ભંગારમાં લોખંડ, કાગળ, પ્લાસ્ટિક, લાકડું અને ઈલેક્ટ્રોનિક વેસ્ટનો સમાવેશ થતો હતો. તેનો વૈજ્ઞાનિક રીતે નિકાલ કરવામાં આવ્યો. જાહેર હરાજી દ્વારા તેનું વેચાણ થયું. તેથી પારદર્શક રીતે આવક મળી. આ આવક કરવેરામાંથી નથી આવી. તે કચરામાંથી આવી છે. તેથી સરકાર આને વેસ્ટ ટુ વેલ્થની પહેલ તરીકે આગળ વધારી રહી છે. આ વિચાર પર્યાવરણ માટે પણ ફાયદાકારક છે. કાગળ રિસાયકલ થવાથી ઝાડ બચે છે. લોખંડ ફરી ઉપયોગમાં આવવાથી ખનીજનો બગાડ અટકે છે. કચરો ગમે ત્યાં ફેંકાતો નથી. પ્રદૂષણ ઘટેછે.આ અભિયાનનો બીજો મોટો ફાયદો પડતર કામોના નિકાલનો છે. જ્યારે જૂની ફાઈલો બહાર નીકળી ત્યારે ઘણા અટકેલા પ્રશ્નો સામે આવ્યા. ઘણા નિર્ણયો લેવાના બાકી હતા. તે ઝડપથી પતાવવામાં આવ્યા. સામાન્ય નાગરિકની અરજીઓ આગળ વધી. વહીવટમાં જવાબદારી વધી. કામ કરવાની રીત બદલાઈ. પહેલા સફાઈ વર્ષમાં એક વાર થતી હતી. હવે તે દર મહિને થાય છે. તે દરેક અધિકારીની ફરજ બની ગઈ છે.

# આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્ટ એટલે માનવજીવનનું નવું પરોઢ

**પ્રાંસગિક** — સુરેશ ભટ્ટ

આ કૃત્રિમ બુદ્ધિ કોઈ દૂરના ગ્રહની વાત નથી. તે આપણા ઓસરીમાં બેઠી છે. આપણા ખિસ્સામાં રહેલા મોબાઈલમાં તે વસે છે. તમે બોલીને હવામાન પૂછો છો અને તરત જવાબ મળે છે. આ પાછળ તે જ શક્તિ કામ કરે છે. તમે ચલચિત્ર જોવાના માધ્યમ પર એક ગીત સાંભળો છો. પછી તરત તમારી રુચિના બીજા ગીતો સામે આવે છે. આ પણ તેની જ કરામત છે. વિદ્યાર્થીને નિબંધ લખવો હોય તો તે ક્ષણવારમાં લખી આપે છે. પણ તેને ચોખ્ખી આજ્ઞા આપવી પડે છે. કયા વિષય પર લખવું. કેટલું લાંબુ લખવું. કેવી ભાષામાં લખવું. આ સ્પષ્ટ કહેવું પડે છે. અસ્પષ્ટ આજ્ઞાથી તે ગૂંચવાય છે. ચોખ્ખી આજ્ઞા એ જ તેની ચાવી છે.

શીખવાનો આધાર રસ પર ટકેલો છે. જે ગમે તે સહેલું લાગે છે. જે ન ગમે તે અઘરું લાગે છે. બાળકને વાર્તા સાંભળવામાં કંટાળો નથી આવતો. પણ પાઠ ગોખવામાં કંટાળો આવે છે. યુવાનને રમતગમતની વાતોમાં સમયનું ભાન રહેતું નથી. પણ ગણિતના દાખલા વખતે ઘડિયાળ કાંટો ગણ્યા કરે છે. આ સ્વભાવ સૌનો છે. ઉપાય એક જ છે. અઘરા વિષયને રસાળ બનાવવો. ગણિતને રમત બનાવો તો તે ગમવા લાગે છે. ભાષાને ગીત બનાવો તો તે કંઠે વસે છે. કૃત્રિમ બુદ્ધિનું પણ એવું જ છે. તેને ડરામણી વિદ્યા માનશો તો તે દૂર ભાગશે. તેને રમતિયાળ સાથી માનશો તો તે પાસે આવશે. વિડીયો જોઈને ભૂલી જવાય છે. પણ પુસ્તકનું પાનું ફરી ફરી વાંચી શકાય છે. અટકી શકાય છે. વિચારી શકાય છે. તેથી લખેલો શબ્દ વધુ ટકે છે.

યંત્ર કેવી રીતે શીખે છે તે સમજવા જેવું છે. તેને અનુભવનો ખજાનો આપવામાં આવે છે. તે ખજાનો એટલે માહિતીનો સમુદ્ર. લખાણ, ચિત્ર, ધ્વનિ અને સંખ્યા તેમાં ઠલવાય છે. પછી તેમાં છુપાયેલી ભાત શોધે છે. જેમ ખેડૂત વાદળ જોઈને વરસાદ પારખે છે. તેમ યંત્ર ભાત જોઈને પરિણામ પારખે છે. જેટલો વધુ અનુભવ તેટલી વધુ ચોકસાઈ. પહેલા તેને તાલીમ અપાય છે. પછી તેની પરીક્ષા લેવાય છે. ભૂલ થાય તો ફરી શીખવવામાં આવે છે. આ ક્રમ ત્યાં સુધી ચાલે છે જ્યાં સુધી તે નિપુણ ન બને. તે માણસની જેમ સમજતું નથી. પણ અનુમાન બાંધવામાં પાવરધું બને છે.તેના અનેક રૂપ છે. એક રૂપ અનુભવથી શીખવાનું છે. તેને યંત્ર શિક્ષણ કહીએ. તમે કેવા દૃશ્યો જુઓ છો તે તે નોંધે છે. પછી તેવા જ દૃશ્યો સૂચવે છે. બીજું રૂપ મગજ જેવી રચનાનું છે. તેમાં અનેક ગાંઠો જાળની જેમ જોડાયેલી હોય છે. તે ભેગી મળીને નિર્ણય કરે છે. મુખ ઓળખવાની વિદ્યા આનાથી જ સધાય છે. ત્રીજું રૂપ ભાષા સમજવાનું છે. તમે બોલો છો તે તે સાંભળે છે. શબ્દનો મર્મ પામે છે. પછી મીઠો જવાબ આપે છે. ધ્વનિસહાયકો આનાથી જ બોલે છે. ચોથું રૂપ આંખનું છે. તે ચિત્ર જોઈને તેનો અર્થ કાઢે છે. ચાલક વગર ચાલતું વાહન આ આંખે જ રસ્તો જુએ છે. માનવીને ઓળખે છે. દીવાદાંડીને સમજે છે. વૈદકશાસ્ત્રમાં પણ આ આંખ ડોક્ટરને મદદ કરે છે.દરેક શક્તિ સાથે જવાબદારી આવે છે. આ વિદ્યાથી કામ ઝડપી બને છે. થાક વગર એકધારું કામ થાય છે. મોટી ગણતરી ક્ષણમાં થાય છે. માનવીને સર્જન માટે સમય મળે છે. પણ તેની મર્યાદા પણ છે. એકધારું કામ યંત્ર કરશે તો માનવીએ નવી કુશળતા શીખવી પડશે. જો શીખવેલા અનુભવમાં પક્ષપાત હશે તો યંત્ર પણ પક્ષપાત કરશે. અંગત માહિતીની રક્ષા પણ કરવી પડશે. તેથી ડરવાને બદલે સમજીને વાપરવામાં જ ડહાપણ છે.

શરૂઆત નાની કરો. પહેલા પાયો સમજો. પછી નાના પ્રયોગો કરો. ચોખ્ખી આજ્ઞા લખતા શીખો. ધીમે ધીમે તે તમારી ભાષા સમજશે. તમે તેની ભાષા સમજશો. આજનો પાયો આવતીકાલનો મહેલ બનશે. યંત્રબુદ્ધિ હજુ બાળપણમાં છે. તે મોટી થશે. તેની શક્યતા અસીમ છે. જે આજે શીખશે તે આવતીકાલે દીવો ધરશે.

**માનવી જન્મે છે ત્યારે તેની સાથે એક અણમોલ દેન આવે છે. તેનું નામ સમજશક્તિ. નાનું બાળક ધીમે ધીમે આંખ ઉઘાડે છે. માના મુખને ઓળખે છે. દીવાના તેજને પારખે છે. પડીને ઊભા થતાં શીખે છે. આ શીખ તેના લોહીમાં વણાયેલી છે. આ જ તેની કુદરતી બુદ્ધિ છે. હવે માનવીએ આ જ બુદ્ધિની ઝલક યંત્રમાં મૂકવાનો પ્રયાસ કર્યો છે. યંત્ર પોતે વિચારતું નથી. પણ તેને અઢળક અનુભવ આપવામાં આવે છે. તે અનુભવને તે ગોખે છે. તેમાંથી તારણ કાઢે છે. પછી નવા પ્રસંગે તે તારણનો ઉપયોગ કરે છે. આને જ આપણે કૃત્રિમ બુદ્ધિ કહીએ છીએ.**



# ગણેશોત્સવ : ક્રોધ, લોભ અને મોહથી મુક્તિ માટે ગણેશજીના વિવિધ સ્વરૂપોની આરાધના

## ગણપતિના અલગ-અલગ અવતારો સાથે જોડાયેલી પૌરાણિક કથાઓમાં જીવનના દોષો દૂર કરવાનો સંદેશ

હાલમાં ગણેશોત્સવ ચાલી રહ્યો છે અને ૨૫ સપ્ટેમ્બર સુધી ગણેશજીની આરાધના કરવામાં આવશે. આ પવિત્ર દિવસોમાં ભગવાન ગણપતિના વિવિધ સ્વરૂપોની પૂજા કરવાનું વિશેષ મહત્વ માનવામાં આવે છે. પૌરાણિક કથાઓ અનુસાર ગણેશજીએ અધર્મ અને આસુરી શક્તિઓના નાશ માટે સમયાંતરે વક્રતુંડ, એકદંત, મહોદર, વિકટ, ગજાનન, લંબોદર અને ધૂમ્રવર્ણ જેવા વિવિધ અવતારો ધારણ કર્યા હતા.

આ અવતારો સાથે જોડાયેલી કથાઓમાં માનવીના કામ, ક્રોધ, મદ, લોભ, ઈર્ષ્યા, મોહ અને અહંકાર જેવા દોષો પર નિયંત્રણ મેળવવાનો આધ્યાત્મિક સંદેશ આપવામાં આવ્યો છે.

વક્રતુંડ ગણેશ : ઈર્ષ્યાથી મુક્તિનો સંદેશ

મત્સરાસુરે દેવતાઓને પરાજિત કર્યા બાદ તેના અત્યાચારી પુત્રોનો પણ આતંક વધ્યો હતો. ત્યારે ગણેશજીએ વક્રતુંડ સ્વરૂપ ધારણ કરીને તેનો અંત કર્યો હતો. 'મત્સર'નો અર્થ ઈર્ષ્યા અથવા બળતરાની ભાવના થાય છે. તેથી વક્રતુંડ સ્વરૂપની આરાધના મનમાંથી ઈર્ષ્યાની ભાવના દૂર કરવાનો સંદેશ આપે છે.

એકદંત ગણેશ : મદ અને નશાથી દૂર રહેવાની પ્રેરણા

મદાસુરના આતંકથી દેવતાઓને મુક્તિ અપાવવા ગણેશજીએ એકદંત સ્વરૂપ ધારણ કર્યું હતું. એકદંત એટલે એક દાંતવાળા ગણેશ. પૌરાણિક માન્યતા મુજબ એકદંતે મદાસુરને પરાજિત કર્યો હતો. 'મદ' એટલે નશો કે અતિશય ગર્વ. આ સ્વરૂપની ભક્તિ સંયમ અને સદાચારની પ્રેરણા આપે છે.

મહોદર ગણેશ : મોહ પર વિજય

મોહાસુરના આતંકથી દેવતાઓ પરેશાન થયા ત્યારે ગણેશજીએ મહોદર અવતાર ધારણ કર્યો હતો. મહોદર એટલે મોટા પેટવાળા ગણેશ. કથા અનુસાર મહોદર ગણેશના દર્શનથી મોહાસુર તેમનો ભક્ત બની ગયો હતો. આ સ્વરૂપ મનુષ્યને આસક્તિ અને મોહથી ઉપર ઉઠવાનો સંદેશ આપે છે.

વિકટ ગણેશ : કામભાવનાઓ પર સંયમ

કામાસુરે વરદાન મેળવી દેવતાઓને પરાજિત કર્યા ત્યારે ગણપતિએ વિકટ સ્વરૂપ ધારણ કરીને તેને પરાજિત કર્યો હતો. 'વિકટ' એટલે મુશ્કેલીઓનો સામનો કરનાર અને દૂર કરનાર. આ સ્વરૂપની કથા મનુષ્યને પોતાની ઈચ્છાઓ અને વાસનાઓ પર સંયમ રાખવાની પ્રેરણા આપે છે.

ગજાનન : લોભથી બચવાનો સંદેશ

લોભાસુરે ત્રણેય લોક પર અધિકાર જમાવ્યો હતો. ત્યારે ભગવાન ગણેશ ગજાનન સ્વરૂપે પ્રગટ થયા. ગજાનન એટલે હાથી જેવા મુખવાળા ગણેશ. પૌરાણિક કથા અનુસાર ગજાનનના સ્વરૂપથી પ્રભાવિત થઈ લોભાસુરે પરાજય સ્વીકારી લીધો હતો. આ કથા જીવનમાં લાલચ કરતાં સંતોષ અને નિઃસ્વાર્થ ભાવનાનું મહત્વ સમજાવે છે.

લંબોદર ગણેશ : ક્રોધ પર નિયંત્રણ

ક્રોધાસુરના આતંકથી દેવતાઓને મુક્તિ અપાવવા ગણેશજીએ લંબોદર સ્વરૂપ ધારણ કર્યું હતું. લંબોદર એટલે લાંબા અને મોટા પેટવાળા ગણેશ. કથા અનુસાર લંબોદરથી ભયભીત થઈ ક્રોધાસુર પાતાળમાં જતો રહ્યો હતો. ગણેશ ભક્તિ મનને શાંત રાખવાની અને ગુસ્સા પર નિયંત્રણ મેળવવાની પ્રેરણા આપે છે.

ધૂમ્રવર્ણ ગણેશ : અહંકાર દૂર કરવાની પ્રેરણા

પૌરાણિક કથા અનુસાર સૂર્યદેવની છીકમાંથી અહમ નામના દૈત્યનો જન્મ થયો હતો, જેને અહંતાસુર તરીકે પણ ઓળખવામાં આવે છે. તેના આતંકનો અંત લાવવા ગણેશજીએ ધૂમ્રવર્ણ અવતાર લીધો હતો. ધૂમ્રવર્ણે અહંતાસુરને પરાજિત કર્યો હતો. 'અહંકાર' મનુષ્યના પતનનું કારણ બની શકે છે, તેથી આ સ્વરૂપ વિનમ્રતા અને આત્મસંયમનો સંદેશ આપે છે.



ગણેશોત્સવ માત્ર ગણેશજીની સ્થાપના અને પૂજા કરવાનો પર્વ નથી, પરંતુ પોતાના જીવનમાં રહેલા ક્રોધ, લોભ, મોહ, ઈર્ષ્યા અને અહંકાર જેવા દોષો પર વિચાર કરવાનો અવસર પણ છે. ગણેશજીના વિવિધ સ્વરૂપોની કથાઓ આપણને આંતરિક ખામીઓ દૂર કરી સદાચાર, સંયમ અને શાંતિ તરફ આગળ વધવાની પ્રેરણા આપે છે.

# બ્રિટનની સત્તાનો સૂર્ય હવે આથમી જશે

**આસપાસ ચોપાસ** — સુરેશ ભટ્ટ

એક સમયે જે બ્રિટન પર સૂરજ ક્યારેય આથમતો ન હતો, એ જ બ્રિટન આજે પોતે તૂટવાના આરે ઊભું છે. ઈતિહાસનો આ કેવો વિચિત્ર વળાંક છે. જે દેશે એક સમયે ભારત સહિત દુનિયાના અનેક દેશો પર રાજ કર્યું, જે દેશે ભારતના ભાગલા પાડ્યા, એ જ દેશના પોતાના ટુકડા થવાનો ભય આજે સૌથી મોટો રાજકીય મુદ્દો બની ગયો છે. બ્રિટન એટલે ઈંગ્લેન્ડ એકલું નથી. બ્રિટન એટલે ગ્રેટ બ્રિટન અને યુનાઈટેડ કિંગડમ. તેમાં ઈંગ્લેન્ડ ઉપરાંત સ્કોટલેન્ડ, વેલ્સ અને નોર્થ આયર્લેન્ડનો સમાવેશ થાય છે. આ ચારેય મળીને એક દેશ તરીકે ઓળખાય છે. પણ છેલ્લા કેટલાક વર્ષોથી આ એકતામાં તિરાડો પડી રહી છે અને હવે તો એ તિરાડો એટલી પહોળી થઈ ગઈ છે કે દુનિયા આખી પૂછી રહી છે કે શું બ્રિટન ખરેખર તૂટી જશે.

આ વાતને સમજવા માટે થોડો ઈતિહાસ સમજવો પડશે. સ્કોટલેન્ડ એક સમયે સ્વતંત્ર દેશ હતો. ઈંગ્લેન્ડ સાથે તેનું જોડાણ થયું અને પછી યુનાઈટેડ કિંગડમ બન્યું. પણ સ્કોટલેન્ડના લોકોના મનમાં પોતાની અલગ ઓળખ, પોતાની અલગ ભાષા, પોતાની અલગ સંસ્કૃતિ હંમેશા જીવંત રહી છે. વેલ્સની સ્થિતિ પણ કંઈક આવી જ છે. વેલ્સના લોકો પોતાને ઈંગ્લેન્ડથી અલગ માને છે. તેમની વેલ્શ ભાષા માટે તેમને ખૂબ લગાવ છે. નોર્થ આયર્લેન્ડનો મામલો તો સૌથી વધુ સંવેદનશીલ છે. આયર્લેન્ડ ટાપુના બે ભાગલા થયેલા છે. એક ભાગ સ્વતંત્ર રિપબ્લિક ઓફ આયર્લેન્ડ છે અને બીજો ભાગ નોર્થ આયર્લેન્ડ બ્રિટન સાથે છે. ત્યાં વર્ષો સુધી હિંસા થઈ, અનેક લોકોના જીવ ગયા.

સમય બદલાયો. બ્રિટને લોકશાહીના માર્ગે આ પ્રદેશોને થોડી સ્વાયત્તતા આપવાનું શરૂ કર્યું. તેને ડિવોલ્યુશન કહેવામાં આવે છે. એટલે કે સત્તાનું વિકેન્દ્રીકરણ. લંડનમાં બેઠેલી બ્રિટિશ સંસદે સ્કોટલેન્ડ, વેલ્સ અને નોર્થ આયર્લેન્ડમાં અલગ અલગ સંસદ અને સરકાર બનાવવાની છૂટ આપી. આ સંસદો શિક્ષણ, આરોગ્ય, પરિવહન જેવા સ્થાનિક વિષયો પર પોતે નિર્ણય લઈ શકે છે. શરૂઆતમાં એવું લાગ્યું કે આનાથી અસંતોષ ઓછો થશે અને એકતા મજબૂત થશે. પણ થયું તેનાથી ઊલટું. જેવી આ પ્રદેશોને થોડી સત્તા મળી, તેવી તેમનામાં પોતાનો દેશ અલગ કરવાની ઈચ્છા વધુ મજબૂત બની.

સ્કોટલેન્ડમાં સ્કોટિશ નેશનલ પાર્ટી સતત સ્વતંત્રતાની માગણી કરી રહી છે. વર્ષ બે હજાર ચૌદમાં સ્કોટલેન્ડમાં સ્વતંત્રતા માટે લોકમત લેવાયો હતો. તેમાં માંડ થોડા ટકાના ફરકથી સ્કોટલેન્ડ બ્રિટન સાથે રહ્યું હતું. પણ પછી બ્રેક્ઝિટ આવ્યું. બ્રેક્ઝિટ એટલે બ્રિટનનું યુરોપિયન યુનિયનમાંથી બહાર નીકળવું. સ્કોટલેન્ડના મોટાભાગના લોકો યુરોપિયન યુનિયનમાં રહેવા માગતા હતા. પણ ઈંગ્લેન્ડના લોકોના મત વધુ હોવાથી બ્રિટન બહાર નીકળી ગયું. સ્કોટલેન્ડના લોકોને એવું લાગ્યું કે અમારી ઈચ્છા વિરુદ્ધ અમારા પર નિર્ણય થોપી દેવાયો. ત્યારથી સ્વતંત્રતાની માગણીએ ફરી જોર પકડ્યું છે. સ્કોટિશ નેતાઓ કહે છે કે અમે સ્વતંત્ર થઈને ફરી યુરોપિયન યુનિયનમાં જોડાવા માગીએ છીએ.

વેલ્સમાં પણ હવે આવી જ હવા ચાલી રહી છે. વેલ્સમાં પ્લાઈડ કમરી નામનો પક્ષ છે. આ પક્ષ વેલ્સના હિતોની વાત કરે છે અને ધીમે ધીમે સ્વતંત્રતાની વાત તરફ આગળ વધી રહ્યો છે. તાજેતરમાં વેલ્સની સંસદની ચૂંટણીમાં આ પક્ષને પહેલીવાર એટલી બેઠકો મળી છે કે તે સૌથી મોટો પક્ષ બનવાના આરે છે. આ એક ઐતિહાસિક ઘટના છે. જે વેલ્સને હંમેશા શાંત અને ઈંગ્લેન્ડ સાથે ભળેલું માનવામાં આવતું હતું, ત્યાં હવે અલગ થવાના સૂર સંભળાઈ રહ્યા છે. પ્લાઈડ કમરીના નેતાઓ કહે છે કે લંડન અમારી સમસ્યાઓ સમજતું નથી. અમારા ખેડૂતો, અમારા યુવાનો, અમારી ભાષા માટે અમારે પોતાની સરકાર જોઈએ. જો તેઓ સત્તામાં આવશે તો સ્વતંત્રતા માટે લોકમતની માગણી ચોક્કસપણે વધશે.

નોર્થ આયર્લેન્ડની સ્થિતિ સૌથી વધુ નાજુક છે. બ્રેક્ઝિટ પછી નોર્થ આયર્લેન્ડ અને રિપબ્લિક ઓફ આયર્લેન્ડ વચ્ચે વેપારના નવા નિયમો બન્યા. તેનાથી અનેક લોકોને એવું લાગવા માંડ્યું છે કે નોર્થ આયર્લેન્ડ ધીમે ધીમે બ્રિટનથી દૂર થઈને આયર્લેન્ડ તરફ જઈ રહ્યું છે. ત્યાં એક મોટો વર્ગ એવો છે જે ઈચ્છે છે કે આખું આયર્લેન્ડ એક થઈ જાય. જો સ્કોટલેન્ડ અલગ થશે તો નોર્થ આયર્લેન્ડમાં પણ એકીકરણની માગણી વધુ જોરદાર બનશે એ નક્કી છે.

**વિશ્વની અંદર સૌથી મોટો દેશ એક સમયે સોવિયેત દેશ હતો. વિસ્તારની દ્રષ્ટિએ તે વિશ્વનો સૌથી મોટો દેશ હતો. તેનાં અનેક ટુકડા થઈ ગયા. આવી જ રીતે બ્રિટન અનેક ટુકડાઓમાં વિભાજીત થઈ રહ્યું છે.**

આખી પરિસ્થિતિને એક વાક્યમાં કહીએ તો બ્રિટને જે બીજ વાવ્યા હતા તે જ બીજ હવે તેના આંગણામાં ઊગી રહ્યા છે. ભારત જ્યારે આઝાદ થયું ત્યારે બ્રિટિશ શાસકોએ એવી રાજનીતિ રમી કે ભારતના બે ટુકડા થઈ ગયા. હિન્દુસ્તાન અને પાકિસ્તાન બન્યા. લાખો લોકોએ પોતાના ઘર છોડવા પડ્યા, કોમી રમખાણોમાં અસંખ્ય જીવ ગયા. એ ઘા આજે પણ રુઝાયા નથી. આજે એ જ બ્રિટન પોતાની એકતા ટકાવવા માટે સંઘર્ષ કરી રહ્યું છે. ઈતિહાસ કેવો હિસાબ ચૂકતે કરે છે.



બ્રિટનની કેન્દ્ર સરકાર લંડનમાં છે. ત્યાંના નેતાઓ આ તૂટવાના ભયને રોકવા માટે અનેક દલીલો આપે છે. તેઓ કહે છે કે સાથે રહેવાથી અર્થતંત્ર મજબૂત રહે છે. અલગ થશો તો ગરીબી વધશે. ચલણ, સેના, વિદેશ નીતિ જેવા મોટા પ્રશ્નોનું શું થશે. પણ પ્રાદેશિક પક્ષોના નેતાઓ આ દલીલોને સ્વીકારતા નથી. તેઓ કહે છે કે અમારી સંસ્કૃતિ, અમારી ઓળખ પૈસાથી વધુ કિંમતી છે. અમે નાના હોઈશું પણ સ્વાભિમાનથી જીવીશું.સામાન્ય બ્રિટિશ નાગરિક પણ આજે મૂંઝવણમાં છે. ઈંગ્લેન્ડનો એક વર્ગ એવું વિચારે છે કે અમે આ પ્રદેશો પાછળ શા માટે ખર્ચ કરીએ. તો બીજી તરફ સ્કોટલેન્ડ અને વેલ્સના લોકોને એવું લાગે છે કે લંડન અમારું શોષણ કરે છે. અમારા કુદરતી સંસાધનો, અમારા ટેક્સના પૈસાનો ઉપયોગ અમારા માટે થતો નથી. આ અવિશ્વાસની ખાઈ દિવસે દિવસે પહોળી થતી જાય છે.આગામી થોડા વર્ષો બ્રિટન માટે નિર્ણાયક સાબિત થશે. જો વેલ્સમાં પ્લાઈડ કમરી સત્તામાં આવશે, જો સ્કોટલેન્ડમાં ફરી લોકમતની માગણી જોર પકડશે, તો લંડન માટે એકતા ટકાવવી ખૂબ મુશ્કેલ બની જશે. એક સમયે દુનિયાને લોકશાહી અને એકતાના પાઠ ભણાવનાર બ્રિટને હવે પોતાના ઘરમાં જ લોકશાહીની સૌથી મોટી કસોટીમાંથી પસાર થવું પડશે. શું તે વાટાઘાટોથી, પ્રેમથી પોતાના સાથીઓને સાથે રાખી શકશે કે પછી ઈતિહાસના પાને એક નવા ભાગલાના સાક્ષી બનવું પડશે, એ તો સમય જ કહેશે. પણ એક વાત નક્કી છે કે દુનિયાનો કોઈ પણ દેશ, ભલે તે ગમે તેટલો શક્તિશાળી હોય, તે પોતાના લોકોની લાગણીને અવગણીને લાંબો સમય એક રહી શકતો નથી.

# સચિન તેંડુલકરે ગણેશ ચતુર્થીના શુભ પ્રસંગે બાપ્પાને ચાંદીના સિંહાસન પર બેસાડીને ભાવથી સ્વાગત કર્યું



મુંબઇ,

૨૦૨૬ માં ગણેશ ચતુર્થીનો તહેવાર દેશભરમાં ખૂબ જ ઉત્સાહથી ઉજવવામાં આવી રહ્યો છે. દર વર્ષે, ગણેશ ચતુર્થી અસાધારણ ઉત્સાહ સાથે ઉજવવામાં આવે છે, ખાસ કરીને સપનાના શહેર મુંબઈમાં. સામાન્ય લોકોની સાથે, બોલીવુડ સેલિબ્રિટીઓ પણ બાપ્પાનું તેમના ઘરે સ્વાગત કરે છે. આ ગણેશ ચતુર્થીએ, મનોરંજન જગતની જાણીતી હસ્તીઓએ પણ બાપ્પાનું તેમના ઘરે સ્વાગત કર્યું. ક્રિકેટના ભગવાન તરીકે જાણીતા સચિન તેંડુલકરે પણ ગણેશ ચતુર્થીના શુભ પ્રસંગે બાપ્પાને તેમના ઘરે સ્વાગત કર્યું અને ગણપતિ પૂજા કરી. સચિન તેંડુલકરે પોતાના ઘરે ગણપતિ પૂજાના કેટલાક ફોટા શેર કર્યા, જેમાં બાપ્પા ચાંદીના સિંહાસન પર બેઠેલા જોવા મળે છે.સારા તેંડુલકરે સોશિયલ મીડિયા પર શેર કરેલા ગણપતિ પૂજાના ફોટા અને વીડિયોમાં, બાપ્પા ચાંદીના સિંહાસન પર બેઠેલા જોઈ શકાય છે. સારાએ બાપ્પાના મનપસંદ મોદકથી ભરેલી થાળી પણ બતાવી અને ગણેશ ચતુર્થીના દિવસે તેના ઘરે સુંદર સજાવટની ઝલક શેર કરી. એક વીડિયોમાં, સચિન તેંડુલકર બાપ્પાની આરતી કરતા જોઈ શકાય છે. સારાએ આ ફોટા અને વીડિયો ઈન્સ્ટાગ્રામ પર શેર કરતાની સાથે જ ચાહકોએ ટિપ્પણીઓ સાથે પ્રતિક્રિયા આપવાનું શરૂ કરી દીધું.

તેંડુલકર પરિવારે બાપ્પાના સ્વાગત માટે ખૂબ જ તૈયારીઓ કરી હતી. ઘરને સજાવવાની સાથે, તેમણે પ્રસાદ અને અન્ય જરૂરી વસ્તુઓનું પણ ખૂબ ધ્યાન રાખ્યું હતું. બાપ્પાના સ્વાગત અને આરતી કરવા માટે આખો પરિવાર એક સાથે આવ્યો હતો. આ ખાસ પ્રસંગે, સારા તેંડુલકરે તેજસ્વી ગુલાબી રંગનો સૂટ પહેર્યો હતો, જે એકદમ સુંદર દેખાતો હતો. તેની ભાભી, અર્જુન તેંડુલકરની પત્ની, સાનિયા ચંડોકે સુંદર લીલી સાડી પહેરી હતી, જે ખૂબ જ ભવ્ય દેખાતી હતી.સચિન તેંડુલકર પોતાના આખા પરિવાર સાથે એન્ટિલિયાના રાજાના દર્શને પણ ગયા હતા. દર વર્ષે, અંબાણી પરિવાર ખૂબ જ ધામધૂમથી બાપ્પાનું સ્વાગત કરે છે, અને બોલીવુડ સ્ટાર્સથી લઈને રાજકીય દિગ્ગજો સુધીની ઘણી પ્રતિષ્ઠિત હસ્તીઓ એન્ટિલિયાના રાજાના દર્શન કરવા પહોંચે છે. સચિન તેંડુલકર પણ પોતાના આખા પરિવાર સાથે એન્ટિલિયા પહોંચ્યા અને બાપ્પાના દર્શન કર્યા.

# જસપ્રીત બુમરાહે મેડન ઓવર નાખીને ઈતિહાસ રચ્યો, ઝિમ્બાબ્વેના રિચાર્ડ નગરાવાનો રેકોર્ડ તોડ્યો



નવીદિલ્હી,

ટીમ ઈન્ડિયાના ફાસ્ટ બોલર જસપ્રીત બુમરાહે દિલ્હીમાં અફઘાનિસ્તાન સામેની બીજી ટી ૨૦ મેચમાં પોતાની ઉત્તમ બોલિંગથી એક મોટો રેકોર્ડ બનાવ્યો. તે પૂર્ણ-સભ્ય ટીમોમાં ટી ૨૦ આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાં સૌથી વધુ મેડન ઓવર આપનાર બોલર બન્યો. મેચમાં, તેણે ૪ ઓવરમાં માત્ર ૨૫ રન આપીને ૧ વિકેટ લીધી. વધુમાં, તેણે મેચની પહેલી ઓવરમાં કોઈ રન આપ્યા વિના મેડન ઓવર ફેંકી, જે તેની ટી ૨૦ કારકિર્દીમાં ૧૩મી મેડન ઓવર હતી. આ ભારતીય ટીમ માટે મેચની પહેલી ઓવરમાં બુમરાહે પહેલી વાર મેડન ઓવર ફેંકી છે. બુમરાહે પાછલી મેચમાં ટી ૨૦ ફોર્મેટમાં ૩૫૦ વિકેટ પૂર્ણ કરી હતી.જસપ્રીત બુમરાહે તેની ૯૭મી મેચમાં ઝિમ્બાબ્વેના રિચાર્ડ નગરાવાનો રેકોર્ડ તોડ્યો. નગરાએ તેની ટી ૨૦ કારકિર્દીમાં અત્યાર સુધી ૧૨ મેડન ઓવર ફેંકી છે. ભારતના ભુવનેશ્વર કુમાર (૧૦ મેડન) આ યાદીમાં ત્રીજા ક્રમે છે. બધા દેશોમાં, ટી ૨૦ માં સૌથી વધુ મેડન ઓવર ફેંકવાનો રેકોર્ડ યુગાન્ડાના ફ્રેક્ર ન્સુબુગા અને રવાન્ડાના મોહમ્મદ નાદિરના નામે છે. બંનેએ ૧૯-૧૯ મેડન ઓવર ફેંકી છે. કેન્યાના શેમ ન્ગોચે (૧૬ મેડન) બીજા ક્રમે છે, ત્યારબાદ બુમરાહ આવે છે.

# હેરી બ્રુકે ટી૨૦માં કેપ્ટન તરીકે ઈતિહાસ રચ્યો, માત્ર ૪૨ બોલમાં સદી ફટકારી



કોલંબો,

ઈંગ્લેન્ડ વિ શ્રીલંકા તે ઘરેલુ મેદાન પર ત્રણ મેચની ટી ૨૦ શ્રેણી રમી રહ્યું છે, જેની પ્રથમ મેચ ૧૫ સપ્ટેમ્બરે સાઉથમ્પ્ટન સામે રમાશે. રોઝ બાઉલ સ્ટેડિયમ ખાતે રમાઈ હતી. યજમાન ઈંગ્લેન્ડે મેચ એકતરફી ૧૧૯ રનથી જીતી અને શ્રેણીમાં ૧-૦ ની લીડ મેળવી. આ મોટી જીતમાં ઈંગ્લેન્ડના કેપ્ટન હેરી બ્રુકે મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી હતી. તેણે માત્ર ૪૨ બોલમાં પોતાની સદી પૂરી કરી નહીં, પરંતુ ૪૯ બોલમાં ૧૧૪ રનની અણનમ ઈનિંગ પણ રમી, જે ટી ૨૦ માં સૌથી વધુ સ્કોર છે. તે આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાં એક મોટો સીમાચિહ્ન હતો.હાલમાં, હેરી બ્રુક ત્રણેય ફોર્મેટમાં શ્રેષ્ઠ બેટ્સમેનોમાંના એક માનવામાં આવે છે. તેણે આજ સુધી નોંધપાત્ર ટી ૨૦ આંતરરાષ્ટ્રીય પ્રદર્શન આપ્યું છે. બ્રુકની કેપ્ટનશીપ હેઠળ, ઈંગ્લેન્ડે ઘરઆંગણે ભારત સામેની છેલ્લી ટી ૨૦ શ્રેણી ૪-૦થી જીતી હતી, અને તેણે શ્રીલંકા સામે આ ગતિ ચાલુ રાખી છે. બ્રુકે ૧૧૪ રનની પોતાની વિસ્ફોટક સદીમાં ૧૦ ચોગ્ગા અને ૬ છગ્ગા પણ ફટકાર્યા હતા. આ સાથે, તે ટી ૨૦ આંતરરાષ્ટ્રીયમાં પૂર્ણ સભ્ય ટીમનો પ્રથમ કેપ્ટન બન્યો છે જેણે કેલેન્ડરમાં રમીને વર્ષમાં બે સદી ફટકારી છે.એક કેલેન્ડર વર્ષમાં પૂર્ણ સભ્ય ટીમો દ્વારા આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાં સૌથી વધુ સદી ફટકારનાર કેપ્ટન

રિકી પોન્ટિંગ (ઓસ્ટ્રેલિયા) - ૨૦૦૬ માં ટેસ્ટમાં કેપ્ટન તરીકે ૬ સદી

વિરાટ કોહલી (ભારત) - ૨૦૧૭ અને ૨૦૧૮ માં વનડેમાં કેપ્ટન તરીકે ૬ સદી

હેરી બ્રુક (ઈંગ્લેન્ડ) - ૨૦૨૬ માં ટી ૨૦ આંતરરાષ્ટ્રીય મેચોમાં કેપ્ટન તરીકે બીજી સદી

બ્રુકે કેપ્ટન તરીકે માત્ર ૨૩ ઈનિંગ્સમાં પોતાની બીજી ટી ૨૦ સદી ફટકારી.

શ્રીલંકા સામે પ્રથમ ટી ૨૦ મેચમાં, હેરી બ્રુકે મેદાનમાં પ્રવેશતાની સાથે જ પોતાની આક્રમક બેટિંગ શૈલી શરૂ કરી, જે ઈનિંગ્સની છેલ્લી ઓવર સુધી ચાલુ રહી. બ્રુકે હવે ટી ૨૦ માં કેપ્ટન તરીકે માત્ર ૨૩ ઈનિંગ્સમાં બે સદી ફટકારી છે.

# સંજુ સેમસને ટીકાકારો પ્રત્યે પોતાનો ગુસ્સો વ્યક્ત કરતાં કહ્યું, "હું રોબોટ કે મશીન નથી



નવીદિલ્હી,

અફઘાનિસ્તાન સામેની ટી ૨૦ શ્રેણીની પહેલી મેચમાં સંજુ સેમસન આઉટ થયા પછી, ઘણા ભૂતપૂર્વ ખેલાડીઓએ પ્લેઈંગ ઈલેવનમાં તેના સ્થાન અંગે પ્રશ્નો ઉભા કર્યા. હવે, શ્રેણીની બીજી ટી ૨૦ મેચમાં ૨૨ બોલમાં ૫૭ રનની શાનદાર ઈનિંગ રમ્યા બાદ, સેમસને તેના ટીકાકારો પ્રત્યે પણ એક મોટું નિવેદન આપ્યું છે. સેમસનની ઈનિંગને કારણે, ભારતીય ટીમે મેચ ૭ વિકેટથી જીતી લીધી અને શ્રેણીમાં ૨-૦ ની અજેય લીડ મેળવી. મેચ પછીની પ્રેસ કોન્ફરન્સમાં, સેમસનએ ટીકાનો કડક જવાબ આપતા કહ્યું કે તે રોબોટ કે મશીન નથી; તે બાહ્ય અવાજથી પણ પ્રભાવિત થાય છે.

સંજુ સેમસનએ ટીમ ઈન્ડિયાને ૨૦૨૬ ના ટી ૨૦ વર્લ્ડ કપ જીતવામાં મદદ કરવામાં બેટથી મુખ્ય ભૂમિકા ભજવી હતી, જેના કારણે તેને પ્લેયર ઓફ ધ ટુર્નામેન્ટનો એવોર્ડ મળ્યો હતો. ત્યારબાદ, જ્યારે ભારતીય ટીમે આયર્લેન્ડ અને ઈંગ્લેન્ડ સામે ટી ૨૦ શ્રેણી રમી, ત્યારે સેમસનની બેટિંગ નિષ્ફળ ગઈ, જેના કારણે તેને હારનો સામનો કરવો પડ્યો અને ઝિમ્બાબ્વે પ્રવાસ માટે ટીમમાંથી તેને બાકાત રાખવામાં આવ્યો. અફઘાનિસ્તાન સામે શ્રેણીની પ્રથમ ટી ૨૦ મેચની શરૂઆતમાં વિકેટ ગુમાવ્યા બાદ સેમસનને પણ ભારે ટીકાનો સામનો કરવો પડ્યો. બીજી ટી ૨૦ માં, સેમસન આખરે ૫૭ રન બનાવવામાં સફળ રહ્યો. મેચ પછીની પ્રેસ કોન્ફરન્સમાં, તેમણે પ્રશ્નોના જવાબ આપતા કહ્યું, "હું મારું વાયફાઇ બંધ કરવાનો પ્રયાસ કરું છું. પરંતુ ક્યારેક તે ચાલુ થાય છે અને મને ટિપ્પણીઓ દેખાય છે. જો કોઈ સિનિયર ખેલાડી કંઈક કહે છે, તો મને લાગે છે કે તે સામાન્ય છે. હું પરિપક્વ અને અનુભવી અનુભવું છું કે તેને કેવી રીતે હેન્ડલ કરવું તે જાણું છું.

# શ્રીદેવીની ૨.૭ એકર જમીન અંગે કાનૂની વિવાદ,બોની કપૂર અને જાહ્નવી કપૂરને નોટિસ



મુંબઇ,

સ્વર્ગસ્થ બોલિવૂડ સુપરસ્ટાર અને અભિનેત્રી શ્રીદેવીની ૨.૭ એકર જમીન પર એક નવો કાનૂની વિવાદ ઉભો થયો છે. આ સોદો ૩૭ વર્ષ પહેલાં થયો હતો, પરંતુ હવે એક મહિલા અને તેના ભાઈએ દાવો કર્યો છે કે તેઓ જમીનના ૧/૫ ભાગના હકદાર છે. સુનાવણી બાદ, સુપ્રીમ કોર્ટે બોની કપૂર, જાહ્નવી કપૂર, ખુશી કપૂર અને અન્ય પક્ષકારોને નોટિસ ફટકારી. તેમણે આગામી સુનાવણી સુધી જમીનને તેની મૂળ સ્થિતિમાં જાળવી રાખવાનો આદેશ આપ્યો. સુપ્રીમ કોર્ટે પરસ્પર સંમતિથી આ મામલાનો ઉકેલ લાવવાના પ્રયાસોનો પણ નિર્દેશ આપ્યો. કોર્ટે સંકેત આપ્યો કે વિવાદનો ઉકેલ લાવવા માટે હાઈકોર્ટના નિવૃત્ત ન્યાયાધીશને મધ્યસ્થી તરીકે નિયુક્ત કરવામાં આવશે. આગામી સુનાવણી ૧૮ ડિસેમ્બરે થશે, જ્યારે મધ્યસ્થીની પ્રગતિનો અહેવાલ રજૂ કરવામાં આવશે.

આ કેસ ૨.૭ એકર જમીનનો છે, જે ૧૯ એપ્રિલ, ૧૯૮૮ ના રોજ શ્રીદેવીના પરિવારને વેચવામાં આવ્યો હતો. હવે, એમ.સી. શિવકામી નામની એક મહિલા અને તેના ભાઈ દાવો કરે છે કે તેઓ જમીન વેચનાર પરિવારના કાયદેસર વારસદાર છે અને મિલકતમાં હિસ્સો મેળવવાના હકદાર છે. આ દાવાના આધારે, મહિલાએ બોની કપૂર, જાહ્નવી કપૂર, ખુશી કપૂર અને અન્ય સંડોવાયેલા પક્ષો સામે દાવો દાખલ કર્યો.

# અમિતાભ બચ્ચન પિતા અને કવિ ડૉ. હરિવંશ રાય બચ્ચનની સ્મૃતિમાં અયોધ્યામાં ધર્મશાળા બનાવશે





મુંબઇ,

બોલીવુડ મેગાસ્ટાર અમિતાભ બચ્ચનનું અયોધ્યા સાથેનું જોડાણ હવે બીજી એક ખાસ પહેલ સાથે સામે આવ્યું છે. અભિનેતા તેમના સ્વર્ગસ્થ પિતા અને પ્રખ્યાત હિન્દી કવિ ડૉ. હરિવંશ રાય બચ્ચનની યાદમાં અયોધ્યામાં એક સ્મારક ધર્મશાળા બનાવવાની તૈયારી કરી રહ્યા છે. બિલ્ડિંગ પ્લાનની મંજૂરી માટે અયોધ્યા ડેવલપમેન્ટ ઓથોરિટી ને અરજી સબમિટ કરવામાં આવી છે. પ્રસ્તાવિત ધર્મશાળામાં ૨૦ થી વધુ રૂમ હશે અને તેનો ઉપયોગ અયોધ્યાની મુલાકાત લેતા યાત્રાળુઓને રહેવા માટે થઈ શકે છે.

અહેવાલો અનુસાર, અમિતાભ બચ્ચને અયોધ્યામાં આશરે ૧૫ કરોડ રૂપિયાની જમીન ખરીદી હતી. આ જમીન દશરથ પથ પર 'ધ સરયુ' પ્રોજેક્ટમાં આવેલી છે. હવે, પ્રસ્તાવિત ધર્મશાળા તેમના પિતા હરિવંશ રાય બચ્ચનની યાદમાં આ જમીન પર બનાવવામાં આવનાર છે. આ ઈમારતમાં ૨૦ થી વધુ રૂમ હોવાની યોજના છે, જે ધાર્મિક નગરીના મુલાકાતીઓ માટે રહેવાની વ્યવસ્થા પૂરી પાડશે.

ધર્મશાળાનું બાંધકામ હાલમાં અંતિમ મંજૂરીના તબક્કામાં છે. અયોધ્યા વિકાસ સત્તામંડળે પ્રસ્તાવિત નકશા અંગે જાહેર નોટિસ જારી કરી છે, જેમાં લોકોને ૧૫ દિવસની અંદર તેમના વાંધા સબમિટ કરવા કહેવામાં આવ્યું છે. આ પ્રક્રિયા પૂર્ણ થયા પછી, ઓથોરિટી નિયમો અનુસાર નકશા સાથે આગળ વધશે.એડીએના ઉપપ્રમુખ અનુરાગ જૈને પણ અમિતાભ બચ્ચન તરફથી અરજી મળ્યાની પુષ્ટિ કરી છે. તેમણે જણાવ્યું હતું કે ૨૦ થી વધુ રૂમ ધરાવતી ધર્મશાળા માટે પ્રસ્તાવિત નકશો હાલમાં જાહેર વાંધા માટે ખુલ્લો છે. ઔપચારિક પ્રક્રિયા પૂર્ણ થયા પછી તેને મંજૂરી આપવામાં આવશે. મંજૂરી મળ્યા પછી, બાંધકામ ઓક્ટોબરમાં શરૂ થવાની ધારણા છે.

પ્રસ્તાવિત ધર્મશાળાની કલ્પના ફક્ત એક સ્મારક તરીકે જ નથી, પરંતુ તે અયોધ્યાની મુલાકાત લેતા ભક્તો માટે રહેવાની સુવિધા પણ પૂરી પાડી શકે છે.એડીએ અધિકારીના જણાવ્યા અનુસાર, આવા પ્રોજેક્ટ્સ શહેરમાં મુલાકાતીઓ માટે ઉપલબ્ધ રહેવાની સુવિધાઓને વિસ્તૃત કરવામાં મદદ કરી શકે છે. અયોધ્યામાં સતત વધતી જતી ધાર્મિક અને પર્યટન પ્રવૃત્તિઓ સાથે, ભક્તો માટે રહેવાની સુવિધાઓનો વિસ્તાર કરવો એ પણ શહેરના વિકાસનો એક ભાગ છે. આ સંદર્ભમાં, અમિતાભ બચ્ચનની પ્રસ્તાવિત ધર્મશાળાને તેમના પિતાની સ્મૃતિની યાદ અપાવવા તરીકે જોવામાં આવી રહી છે.

અમિતાભ બચ્ચનના પિતા, ડૉ. હરિવંશ રાય બચ્ચન, હિન્દી સાહિત્યના અગ્રણી કવિઓ અને અનુવાદકોમાંના એક હતા. ૧૯૩૫માં પ્રકાશિત થયેલી તેમની પ્રશંસનીય કૃતિ "મધુશાલા" માટે તેઓ સાહિત્ય જગતમાં જાણીતા છે.

# શબ્દ શોધો

| | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| સા | ઉ | વા | શિ | અ | વિ | ધ | વિ | બા | ક | ઔ | કા |
| લ | ળ | પ્રા | ક્ષ | ભો | હા | જ્ઞા | વ | કા | વા | વ | દા |
| સ | કા | ધ | ણ | ૨ | ૨ | દ | ન | શિ | ૨ | તી | વિ |
| સ | ૨ | વા | ળો | ધ | બં | મા | ઐ | લ | ગ | ચા | ગ |
| મ | કા | મો | ડો | અ | ધ | સ | ભો | સ | ૨ | ળ | ક્રો |
| શિ | ક્ષ | ક | ચા | ૨ | કા | રો | ઇ | ણા | અ | સ | ભા |
| બા | ૨ | સા | ખ | ક | અ | ૨ | ડો | ઈ | દ | લી | કા |
| ૨ | ણ | કા | ૨ | ગ | બ | બા | ૨ | જ્ઞા | આ | સ | ક |
| પ્ર | ન | ડો | ૨ | ક્રો | મો | ણિ | ગ | બ | બ | અઃ | મ |
| મો | ભો | ધ | વા | ક્ષ | ળો | ત | લ | સા | ચા | વા | કા |
| ૨ | દ | સા | ૨ | મ | વ | ૨ | ઐ | ઓ | વિ | સ | બિ |
| ન | કા | અઃ | કા | વા | એ | ણ | હિ | કા | કા | ખ | ધ |

શબ્દ શોધો

**મોભો, રણકાર, બારસાખ, વિચારણા, વિજ્ઞાન, શિક્ષક, શિક્ષણ, સરવાળો, સાલસ, હારબંધ**

# આહાના કૃષ્ણાએ લગ્ન કર્યા, બોયફ્રેન્ડ નિમિષ રવિ સાથે સાત પ્રતિજ્ઞાઓ લીધી



મુંબઇ,

લોકપ્રિય યુટ્યુબર અને મલયાલમ અભિનેત્રી આહાના કૃષ્ણ અને સિનેમેટોગ્રાફર નિમિષ રવિએ તેમના સંબંધને એક નામ આપ્યું છે. લગભગ એક દાયકા સુધી ડેટિંગ કર્યા પછી, આહાના અને નિમિષે લગ્ન કર્યા છે. આ દંપતીએ ૧૩ સપ્ટેમ્બરના રોજ એક ખાનગી સમારોહમાં લગ્ન કર્યા હતા જેમાં ફક્ત પરિવારના સભ્યો અને નજીકના મિત્રો હાજર રહ્યા હતા. આહાનાએ સોશિયલ મીડિયા પર તેના સ્વપ્નશીલ લગ્નના ફોટા પણ શેર કર્યા છે, જેમાં તે સુંદર કાંજીવરમ સાડી અને પરંપરાગત ઘરેણાં પહેરેલી જોવા મળી રહી છે. અભિનેત્રીએ આ ફોટા શેર કરતાની સાથે જ સેલિબ્રિટીઝ અને ચાહકો તરફથી અભિનંદનનો વરસાદ વરસ્યો.

આહાનાએ સોશિયલ મીડિયા પર તેના લગ્નની પહેલી ઝલક શેર કરી છે, જેમાં આ દંપતી પરંપરાગત પોશાકમાં પોતાનું નવું જીવન શરૂ કરી રહ્યું છે. આ ફોટા શેર કરતા, આહાનાએ તેની પોસ્ટમાં તેમની દસ વર્ષની સફરની ઝલક પણ શેર કરી છે. અભિનેત્રીએ ખુલાસો કર્યો છે કે તે ૨૦ વર્ષની ઉંમરે નિમિષને પહેલી વાર મળી હતી, અને હવે, ૩૦ વર્ષની ઉંમરે, તેઓ પતિ-પત્ની છે.આહાનાએ પોતાની પોસ્ટમાં લખ્યું, "તમને ૨૦ વર્ષની ઉંમરે મળ્યા, ૩૦ વર્ષની ઉંમરે લગ્ન કર્યા! નિમિષ રવિ, મારો શ્રેષ્ઠ મિત્ર, બોયફ્રેન્ડ, જીવનસાથી, સોલમેટ, કમ્ફર્ટ ઓશીકું, કપકેક, અને હવે પતિ! તમારી સાથે, મારું હૃદય હંમેશા ધીમે ધીમે, સ્થિર અને સંપૂર્ણ રીતે ધબકે છે.

# સુશાંત સિંહ રાજપૂતની હત્યા કરવામાં આવી હતી, દિશા સલિયાનની હત્યા પણ તેમની સાથે જોડાયેલી હતી : ભાજપના નેતા




મુંબઇ,

અભિનેતા સુશાંત સિંહ રાજપૂત અને તેમના મેનેજર તરીકે કામ કરતી દિશા સલિયાનના મૃત્યુનો મુદ્દો ફરી એકવાર ચર્ચામાં આવ્યો છે. તાજેતરમાં, બોમ્બે હાઈકોર્ટના નિર્દેશને અનુસરીને, સીબીઆઈએ દિશા સલિયન મૃત્યુ કેસમાં એફઆઈઆર નોંધી હતી. જોકે, આ એફઆઈઆરમાં કોઈનું નામ આરોપી તરીકે નથી. હવે, આ મામલો પ્રકાશમાં આવ્યા પછી, બિહારના ભાજપના નેતા અને ભૂતપૂર્વ મંત્રી નીરજ સિંહ બબલુએ એક મહત્વપૂર્ણ દાવો કર્યો છે. તેમણે સ્પષ્ટપણે કહ્યું કે સુશાંત સિંહ રાજપૂતની હત્યા કરવામાં આવી હતી અને દિશા સલિયનનું મૃત્યુ પણ હત્યા સાથે જોડાયેલું છે.

ભાજપના નેતા નીરજ સિંહ બબલુએ કહ્યું, "જ્યારથી સુશાંત સિંહ રાજપૂતની હત્યા કરવામાં આવી હતી, ત્યારે અમે મુંબઈ ગયા હતા. જ્યારથી અમને આ કેસ વિશે ખબર પડી છે, ત્યારથી અમે સતત કહ્યું છે કે સુશાંતની હત્યા કરવામાં આવી હતી. દિશા સલિયનની હત્યા પણ તેની સાથે જોડાયેલી હતી. જો દિશા સલિયનનો કેસ ત્યારે ઉકેલાઈ ગયો હોત, તો તે સમયે સુશાંતના હત્યારાની ઓળખ થઈ ગઈ હોત. જોકે, તત્કાલીન સરકાર, ઉદ્ધવ ઠાકરે સરકારે, જે અમારી વિરુદ્ધ હતી, આ મામલાને દબાવી દીધો. ત્યારબાદ થયેલી હત્યાઓને પણ દબાવી દેવામાં આવી. જે પણ તથ્યો પ્રકાશમાં આવ્યા તે છુપાવવામાં આવ્યા."ભાજપ નેતા નીરજ સિંહ બબલુએ કહ્યું, "અમે બિહારમાં પણ સીબીઆઈ તપાસની માંગણી કરતો જોરદાર અવાજ ઉઠાવ્યો હતો.

# આજથી રાજકોટ જિલ્લામાં 'સેવા સંકલ્પ અભિયાન' અંતર્ગત 'સેવા મારું યોગદાન' કાર્યક્રમ શરુ થશે

## એક માસ, ૨૫ સેવા પ્રવૃત્તિઓ : વિકસિત ભારત તરફ પ્રયાણ અને સામાજિક સશક્તિકરણ વધુ સુદ્રઢ કરવાનો પ્રયાસ

રાજકોટ,
માનવ સેવા એ ભારતીય સંસ્કૃતિનો આધારસ્તંભ રહ્યો છે. સમાજના છેવાડાના નાગરિકોના જીવનમાં સુખ, સમૃદ્ધિ અને સુખદ આરોગ્યનો ઉજાસ ફેલાવવાના આશય સાથે ગુજરાતભરમાં ૧૭ સપ્ટેમ્બરથી ૧૭ ઓક્ટોબર, ૨૦૨૬ દરમિયાન 'સેવા સંકલ્પ અભિયાન'નું આયોજન કરવામાં આવ્યું છે. જે અન્વયે યોજાનારા વિવિધ કાર્યક્રમો પૈકી 'સેવા મારું યોગદાન' કાર્યક્રમ હેઠળ કુલ ૨૫ સેવા પ્રવૃત્તિઓ હાથ ધરીને સામાજિક સશક્તિકરણ સુદ્રઢ કરવામાં આવશે. જેનો હેતુ નાગરિકોમાં રાષ્ટ્રભાવના, સેવાભાવ અને સામાજિક ઉત્તરદાયિત્વની ભાવના ઉજાગર કરવાનો છે.

**આરોગ્ય અને રક્તદાન મહાયજ્ઞ**

સેવા સંકલ્પ અભિયાન દરમિયાન સમગ્ર રાજકોટ જિલ્લાના તાલુકા અને નગરપાલિકા કક્ષાએ રક્તદાન શિબિર યોજવામાં આવશે, જેમાં સરકારી અને ખાનગી હોસ્પિટલો, રેડક્રોસ સોસાયટી અને યુવા સંગઠનોના સહયોગથી રક્તના જરૂરિયાતમંદ દર્દીઓ માટે મહત્તમ રક્ત એકત્રિત કરવાનું સુનિશ્ચિત કરાશે. આ સાથે ૧૭ સપ્ટેમ્બરના રોજ અંગદાન પ્રતિજ્ઞા મહાઅભિયાન યોજાશે. જેમાં શાળાઓ, કોલેજો અને પંચાયતોમાં નાગરિકોને અંગદાનનું મહત્વ સમજાવી પ્રતિજ્ઞા લેવડાવાશે. ૨૩ સપ્ટેમ્બરે આરોગ્ય તપાસ શિબિર અને મહિલા આરોગ્ય તથા સ્વચ્છતા જાગૃતિ કાર્યક્રમ અંતર્ગત નિષ્ણાત તબીબો નિદાન, લેબોરેટરી તપાસ અને દવા વિતરણની સેવાઓ આપશે. ઉપરાંત, ૩૦ સપ્ટેમ્બરના રોજ પોષણ અને એનિમિયા જાગૃતિ કાર્યક્રમ યોજીને કિશોરીઓ અને સગર્ભા માતાઓમાં યોગ્ય આહાર અને આરોગ્ય જાળવણીનું માર્ગદર્શન આપવામાં આવશે.

**પર્યાવરણ અને સ્વચ્છતા : હરિયાળા અને સ્વચ્છ રાજકોટનું નિર્માણ**

પર્યાવરણ અને સ્વચ્છતાની જાળવણી પણ એક સેવા છે. આ અભિયાન અંતર્ગત ૧૭ સપ્ટેમ્બરથી ૧૭ ઓક્ટોબર સુધી 'સ્વચ્છતા એ જ સેવા' ઝુંબેશ હેઠળ જાહેર સ્થળો અને ગામડાઓમાં સાફ-સફાઈ અને કચરા નિકાલની કામગીરી થશે. ૧૮ સપ્ટેમ્બરે પ્લાસ્ટિક-મુક્તિ જાગૃતિ કાર્યક્રમમાં નાગરિકોને સિંગલ-યુઝ પ્લાસ્ટિકનો ઉપયોગ અટકાવવા અને કાપડની થેલી વાપરવા પ્રોત્સાહિત કરાશે. ૨૫ સપ્ટેમ્બરના રોજ 'એક પેડ મા કે નામ' કાર્યક્રમ અંતર્ગત જિલ્લાભરમાં વ્યાપક વૃક્ષારોપણ હાથ ધરાશે. ૨૯ સપ્ટેમ્બરે ભીનો-સૂકો કચરો અલગ કરવા અને કમ્પોસ્ટિંગ અંગે પ્રાયોગિક તાલીમ અપાશે, જ્યારે ૦૯ ઓક્ટોબરે તળાવો અને જળસ્રોતોની સફાઈ કરી જળ સંરક્ષણનો સંદેશ પહોંચાડવામાં આવશે.

### રાજકોટ જિલ્લામાં આજે 'સેવા સંકલ્પ અભિયાન' સાથે 'આશીર્વાદનો દીવડો' કાર્યક્રમ યોજાશે

#### ઘેલા સોમનાથ, તોરણીયા અને ખોડલધામ સહિત ધાર્મિક સ્થળો ખાતે દીપ પ્રાગટ્ય

રાજકોટ, રાજકોટ જિલ્લામાં 'સેવા સંકલ્પ અભિયાન'ની સાથે આવતીકાલે તા. ૧૭ના રોજ 'આશીર્વાદનો દીવડો' કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે. રાજકોટ જિલ્લાના વિંછીયા તાલુકામાં આવેલા ઘેલા સોમનાથ મહાદેવ મંદિર, ધોરાજી તાલુકાના તોરણીયા મંદિર તેમજ જેતપુર તાલુકામાં આવેલા ખોડલધામ મંદિર સહિત વિવિધ તાલુકામથકો તથા ગ્રામ્યસ્તરે ધાર્મિક સ્થળોએ દીપ પ્રાગટ્ય કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે. ઉલ્લેખનીય છે કે, ઘેલા સોમનાથ મહાદેવ મંદિર ખાતે કેબિનેટ મંત્રી શ્રી કુંવરજીભાઈ બાવળીયાની ઉપસ્થિતિમાં આ કાર્યક્રમ યોજાશે.

આ ઉપરાંત, રાજકોટ જિલ્લાના પ્રસિદ્ધ ધાર્મિક સ્થળો તથા આઈકોનિક સ્થળો ખાતે પણ દીપ પ્રાગટ્યનો વિશેષ કાર્યક્રમ યોજાશે. જેમાં સ્થાનિક નાગરિકો અને શ્રદ્ધાળુઓ સહભાગી થઈને દીપ પ્રગટાવશે, તેમજ પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીના 'વિકસિત ભારત ૨૦૪૭'ના સ્વપ્નને સાકાર કરવામાં યોગદાન આપવાનો સંકલ્પ લેશે.

સામાજિક સંવેદના અને જાગૃતિ : સૌનો સાથ, સૌનો વિકાસ

આ અભિયાન અંતર્ગત સમાજના દરેક વર્ગને આત્મનિર્ભર અને સક્ષમ બનાવવા માટે અનેક જાગૃતિલક્ષી કાર્યક્રમોનું આયોજન કરાયું છે. જેમાં ૨૨ સપ્ટેમ્બરે અનાથાશ્રમ અને વૃદ્ધાશ્રમોમાં બાળકો અને વડીલોને જરૂરી મદદ વિતરિત કરવામાં આવશે. ૨૪ સપ્ટેમ્બરે માર્ગ સલામતી જાગૃતિ કાર્યક્રમમાં વાહનચાલકોને હેલ્મેટ, સીટબેલ્ટ અને ટ્રાફિક નિયમોનું પાલન કરવા માટે સમજાવવામાં આવશે. ૨૮ સપ્ટેમ્બરે કારકિર્દી માર્ગદર્શન સત્રમાં યુવાનોને રોજગાર અને સ્પર્ધાત્મક પરીક્ષાઓનું માર્ગદર્શન અપાશે. ડિજિટલ સુરક્ષા વધારવા ૦૧ ઓક્ટોબરે સાયબર સુરક્ષા જાગૃતિ સત્ર અને ૦૫ ઓક્ટોબરે વરિષ્ઠ નાગરિકો માટે ડિજિટલ સાક્ષરતા કાર્યક્રમ યોજાશે, જેમાં વડીલોને મોબાઈલનો ઉપયોગ અને યુ.પી.આઈ.થી સુરક્ષિત પેમેન્ટ કરવાનું શીખવવામાં આવશે. ૦૬ ઓક્ટોબરે દિવ્યાંગજનોને જરૂરી સહાય પૂરી પાડવામાં આવશે.

**દેશભક્તિ, સ્વાસ્થ્ય અને સંસ્કૃતિનો સંગમ**

૦૨ ઓક્ટોબર ગાંધી જયંતીના અવસરે નશામુક્ત ભારત જાગૃતિ અભિયાન યોજીને સમાજને નશાના દૂષણથી મુક્ત કરવાનો સંકલ્પ લેવાશે. શારીરિક અને માનસિક સ્વસ્થતા માટે સામૂહિક યોગ અને ધ્યાન સત્ર તેમજ ૧૫ ઓક્ટોબરે ફિટ ઈન્ડિયા રમતગમત સત્ર યોજાશે. સ્થાનિક કારીગરો અને ગૃહ ઉદ્યોગોને પ્રોત્સાહન આપવા ૧૪ ઓક્ટોબરે 'વોકલ ફોર લોકલ' અભિયાન અંગે લોકોને જાગૃત કરવામાં આવશે. ૧૬ ઓક્ટોબરે વીરગાથા અને સશસ્ત્ર દળ સન્માન કાર્યક્રમ યોજીને શહીદોના પરિવારજનો, વર્તમાન તથા નિવૃત્ત જવાનોનું ભાવભીનું બહુમાન કરવામાં આવશે.

**અન્ય સેવાકીય પ્રવૃત્તિઓ**

આ ઉપરાંત, સમગ્ર માસ દરમિયાન વંચિત બાળકોને પુસ્તકો અને શૈક્ષણિક સહાય પહોંચાડવી, 'એક ગામ દત્તક લો' અંતર્ગત ગામડાઓનો સર્વાંગી વિકાસ કરવો, નવા મતદારોની નોંધણી અને મતદાતા જાગૃતિ અને સરકારી યોજનાઓની જાગૃતિ માટે જિલ્લા વહીવટી તંત્ર સતત કાર્યરત રહેશે.

આમ, વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના 'વિકસિત ભારત જ ૨૦૪૭'ના સ્વપ્નને સાકાર કરવા માટે નાગરિકો આ સેવા કાર્યમાં પોતાની ભાગીદારી નોંધાવે, તે જરૂરી છે. સેવાકીય પ્રવૃત્તિઓમાં મહત્તમ જનભાગીદારીથી વધુ સશક્ત અને આત્મનિર્ભર ભારતનું નિર્માણ શક્ય છે. ત્યારે આવો, આપણે સૌ સાથે મળીને આ અભિયાનમાં જોડાઈએ અને સેવા ભાવના થકી 'વિકસિત ભારત'ના સંકલ્પને સિદ્ધ કરવા તરફ આગળ વધીએ.

# રાજકોટની આંગણવાડીઓની નાઈજીરિયા દેશના પ્રતિનિધિ મંડળે મુલાકાત લીધી

## ધારાસભ્ય રમેશભાઈ ટિલાળાના જનસંપર્ક કાર્યાલયની પણ સદભાવના મુલાકાત



રાજકોટ,
રાજકોટના ધારાસભ્યઈ રમેશભાઈ ટિલાળાના જનસંપર્ક કાર્યાલય તેમજ તેમના વિસ્તારની આંગણવાડીની નાઈજીરિયા દેશના એક ઉચ્ચસ્તરીય સરકારી પ્રતિનિધિ મંડળે સદભાવના મુલાકાત લેતા રાજકોટ સહિત સમગ્ર ગુજરાતનું ગૌરવ વૈશ્વિક સ્તરે વધ્યું છે.

આ મુલાકાતમાં નાઈજીરિયા દેશના માનવ બાબતો અને સામાજિક વિકાસ મંત્રી ઈમાન સુલેમાન ઈબ્રાહીમ, તીનુબુ સપોર્ટ ઓર્ગેનાઈઝેશનના ડાયરેક્ટર જનરલ અમીનુ સુલેમાન, અગ્રણી ઉદ્યોગપતિ મયુરભાઈ પટેલ, તેમજ પ્રતિનિધિ મંડળના સભ્યો હબીબુ લાબો, આઈશા સિરાજો ઈબ્રાહીમ અને રુકાયા મોહમ્મદ ખાસ ઉપસ્થિત રહ્યા હતા. ધારાસભ્ય રમેશભાઈ ટિલાળા અને રાજકોટ મહાનગર પાલિકાના શિશુ કલ્યાણ અને અગ્નિશામક વિભાગના ચેરમેન કેતનભાઈ પટેલ દ્વારા તમામ વિદેશી મહેમાનોનું ભારતીય સંસ્કતિ મુજબ ઉષ્માભર્યું અને લાગણીસભર સ્વાગત કરવામાં આવ્યું હતું. નાઈજીરિયાના મંત્રીશ્રી અને ડેલીગેશને ધારાસભ્યશ્રીના જનસંપર્ક કાર્યાલયની મુલાકાત લઈ, સામાન્ય નાગરિકોના પ્રશ્નોના ઉકેલ માટેની ટેકનોલોજી અને લોકસેવાની સરળ પ્રણાલીને નજીકથી નિહાળી હતી. ત્યારબાદ, પ્રતિનિધિ મંડળે વિસ્તારની આંગણવાડીની મુલાકાત લીધી હતી. જ્યાંા ગુજરાત સરકાર દ્વારા બાળકોના સર્વાંગી વિકાસ, અને પોષણ માટે ચલાવવામાં આવતી વિવિધ યોજનાઓ અને સુવિધાઓ વિશે વિગતવાર માહિતી મેળવી હતી. આંગણવાડીના બાળકોના માસૂમ ચહેરા અને સરકારની કલ્યાણકારી યોજનાઓ જોઈને નાઈજીરિયાના મંત્રીશ્રી સહિતના તમામ મહાનુભાવો અત્યંત પ્રભાવિત અને ભાવવિભોર થયા હતા. તેઓએ ધારાસભ્ય શ્રી રમેશભાઈ ટિલાળાની સેવાકીય દ્રષ્ટિ અને ગરીબ-મધ્યામ વર્ગ માટેના કાર્યોને હૃદયપૂર્વક બિરદાવ્યા હતા અને જણાવ્યું હતું કે, લોકસેવા અને સામાજિક વિકાસનું આ મોડેલ ખરેખર અનુકરણીય છે

# રાજકોટના રેસકોર્સમાં ગણેશ વિસર્જન માટે ૧૧૧ પવિત્ર નદીઓના જળનો વિશાળ કુંડ બનાવાયો

## ગીરગંગા પરિવાર ટ્રસ્ટ અને ક્લીનઅપ રાજકોટ દ્વારા પર્યાવરણ રક્ષણ જાળવણી અર્થે અનોખી પહેલ

રાજકોટ,
રાજકોટના રેસકોર્સ ખાતે ગણેશ વિસર્જન માટે દેશની ૧૧૧ પવિત્ર નદીઓના પવિત્ર જળ ધરાવતો વિશેષ કુંડ તૈયાર કરવામાં આવ્યો છે.

ગીરગંગા પરિવાર ટ્રસ્ટ અને રાજકોટ ક્લિનિક ગ્રુપના સંયુક્ત ઉપક્રમે યોજાયેલા આ વિશિષ્ટ આયોજનનો મુખ્ય હેતુ સ્થાનિક ડેમ અને જળાશયોને પ્રદૂષિત થતા અટકાવવાનો તેમજ શ્રીજીની પ્રતિમાઓની અવહેલના રોકી ધાર્મિક આસ્થાની મર્યાદા જાળવવાનો છે. દર વર્ષે ગણેશ ઉત્સવ દરમિયાન આજુબાજુના જળાશયો અને ડેમોમાં ગણેશજીની પ્રતિમાઓનું વિસર્જન કરવાથી જળ પ્રદૂષિત થાય છે. આ ઉપરાંત, વિસર્જન બાદ પ્રતિમાઓની યોગ્ય્ સંભાળ ન થવાથી અનાદર થાય છે, જેનાથી ધર્મપ્રેમી જનતાની ધાર્મિક લાગણીઓને ઊંડી ઠેસ પહોંચે છે.

આ સમસ્યાના શાષાોક્ત્ ઉકેલ માટે રેસકોર્સ ખાતે બહુમાળી ભવનની સામે. રેસકોર્સ મેઈન ગાર્ડન મીડિયા હાઉસની બાજુમાં ફૂટનો કુંડ તૈયાર કરવામાં આવ્યો છે. જેમાં દેશની ૧૧૧ પવિત્ર નદીઓનું જળ ભરવામાં આવ્યું છે. વિસર્જન બાદ પ્રતિમાઓને ટ્રેક્ટર દ્વારા સંપૂર્ણ સન્મ ન અને પવિત્રતા સાથે એકત્રિત કરીને તેમની યોગ્ય વિધિ મુજબ વ્યવસ્થા કરવામાં આવશે. ગીરગંગા પરિવાર ટ્રસ્ટ્ અને રાજકોટ ક્લિનિક ગ્રુપ દ્વારા ડેમ કે જળાશયોને પ્રદૂષિત કરવાને બદલે અને પ્રતિમાઓનો અનાદર રોકવા માટે ગણપતિ દાદાને રેસકોર્સ ખાતે આવેલા આ પવિત્ર કુંડમાં જ (સમય સવારે ૯ થી સાંજે ૭ ) પધરાવવા રાજકોટના તમામ ધર્મપ્રેમી ભાઈઓ અને બહેનોને ગીરગંગા પરિવાર ટ્રસ્ટ (મો.૯૪૦૯૬ ૯૨૬૯૩) અને ક્લીમનઅપ ગ્રુપના અજયભાઈ હીરપરા, વિઠલભાઈ બાલધા, સંજયભાઈ કાકડિયા, એવનભાઈ દલસાણીયા, સાગરભાઈ સોરઠીયા, આરતીબેન મીઠાણી, ડાયાભાઈ ધાડીયા, લક્ષ્મણભાઈ શિંગાળા, રતિભાઈ ઠુંમર, દિનેશભાઈ વેકરીયા દ્વારા અપીલ કરવામાં આવી છે.

# રાજકોટ મારવાડી યુનિ.ના ચાર ખેલાડીઓની એશિયન ગેમ્સ -૨૦૨૬ માટે ભારતીય ટીમમાં પસંદગી




રાજકોટ,
જાપાનના આઈચી-નાગોયામાં ૧૯ સપ્ટેમ્બરથી ૪ ઓક્ટોબર ૨૦૨૬ દરમિયાન યોજાનારી એશિયન ગેમ્સ માટે મારવાડી યુનિવર્સિટીના ચાર ખેલાડીઓની ભારતીય ટીમમાં પસંદગી થઈ છે. આ ચારેય ખેલાડીઓ કુસ્તી અને બોક્સિંગમાં ભારતનું -તિનિધિત્વ કરશે.

ભારતીય ટીમમાં પસંદગી પામેલા ખેલાડીઓમાં સુનીલ કુમાર, નિતેશ સિવાચ, સાગર જગલાન અને પરવીન હુડ્ડાનો સમાવેશ થાય છે. સુનીલ કુમાર ગ્રીકો-રોમન કુસ્તીરની ૮૭ કિલોગ્રામ વજન શ્રેણીમાં ભારતનું પ્રતિનિધિત્વ. કરશે. નિતેશ સિવાચ ૯૭ કિલોગ્રામ વજન શ્રેણીમાં ગ્રીકો-રોમન કુસ્તીમાં ભાગ લેશે. સાગર જગલાન ફ્રીસ્ટાઇલ કુસ્તીની ૭૪ કિલોગ્રામ વજન શ્રેણીમાં ભારત તરફથી મેદાનમાં ઉતરશે. જ્યારે પરવીન હુડ્ડા મહિલા બોક્સિંગની ૬૫ કિલોગ્રામ વજન શ્રેણીમાં ભારતનું -તિનિધિત્વ્ કરશે.મારવાડી યુનિવર્સિટીના પ્રોવોસ્ટ ડૉ. આર.બી. જાડેજાએ ચારેય ખેલાડીઓને શુભેચ્છા પાઠવતાં જણાવ્યું હતું કે, ''યુનિવર્સિટી''ના ચાર ખેલાડીઓની એશિયન ગેમ્સ માટે ભારતીય ટીમમાં પસંદગી થવી સમગ્ર યુનિવર્સિટી પરિવાર માટે ગૌરવની વાત છે.

# શુક્રવારથી રાજકોટમાં ભારત-ઓસ્ટ્રેલિયા અંડર-૧૯ સિરિઝનો પ્રારંભ

## સૌરાષ્ટ્ર ક્રિકેટ એસોસિયેશન (એસસીએ) ભારત અને ઓસ્ટ્રેલિયા વચ્ચેની અંડર-૧૯ શ્રેણીનું આયોજન :ત્રણ વનડે મેચો રમાશે



રાજકોટ,
સૌરાષ્ટ્ર ક્રિકેટ એસોસિયેશન (એસસીએ) ભારત અને ઓસ્ટ્રેલિયા વચ્ચેની અંડર-૧૯ શ્રેણીનું આયોજન કરશે. નિરંજન શાહ સ્ટેડિયમમાં ત્રણ વનડે મેચો અને એક ચાર દિવસની યુવા ટેસ્ટ મેચ રમાશે. એસસીએએ બુધવારે આ અંગેની જાહેરાત કરી પહેલી વનડે ૧૮ સપ્ટેમ્બરે સવારે ૯ વાગ્યે શરૂ થશે. બીજી વનડે ૨૧ સપ્ટેમ્બરે અને ત્રીજી વનડે ૨૩ સપ્ટેમ્બરે સવારે ૯ વાગ્યે રમાશે. યુવા ટેસ્ટ ૨૭થી ૩૦ સપ્ટેમ્બર સુધી સવારે ૯:૩૦ વાગ્યે શરૂ થશે.

ભારતીય ટીમના કેપ્ટન લક્ષ્ય રાયચંદાણી છે. ટીમમાં યશવર્ધન ચૌહાણ, રાજત બાઘેલ (વિકેટ કીપર), આર્યવીર સેહવાગ, વી.કે. વિનીત, મોહિત ઉલવા, કુશાગ્ર ઓઝા, અર્જુન રાજપૂત, કાવ્ય પટેલ, મનાલ ચૌહાણ, અન્વય દ્રાવિડ (વિકેટકીપર), વી. યશવીર, આર્યન સવસાણી, શેવિન વિનોધ અને ચિગુરુપાટી વેંકટા સામેલ છે. હેડ કોચ યેરે ગૌડ છે. સૌરાષ્ટ્રના બે યુવા ખેલાડી મોહિત ઉલવા અને આર્યન સવસાણી ભારતીય ટીમમાં સ્થાન પામ્યા છે, જે રાજકોટ માટે ગર્વની વાત છે.

ઓસ્ટ્રેલિયાની ટીમમાં હેડન બાર્બુલોવિક, કેસી બાર્ટન, એલી બ્રેન, વિલિયમ બાયરોમ, બ્લેક કેટી, જેક ક્ઝોસ્નેક, સ્પેન્સર ગ્રીન, કોનર ગ્રેગરી, ચાર્લી હેન્ડરસન, ઝેડ હોલિક, મેથ્યુ લફ, નીલ પટેલ, જેકબ પીટ્ઝ, પેટ્રિક સુલિવાન, થિયો સિંગોસ અને થોમસ વાસિયો છે. હેડ કોચ ટિમોથી નિલ્સન છે. વનડે મેચોમાં પહેલી ઈનિંગ્સ સવારે ૯થી બપોરે ૧૨:૩૦ સુધી ચાલશે. લંચ બ્રેક ૧૨:૩૦થી ૧ વાગ્યા સુધી રહેશે. બીજી ઈનિંગ્સ બપોરે ૧ વાગ્યે શરૂ થશે. યુવા ટેસ્ટમાં પહેલું સત્ર સવારે ૯:૩૦થી ૧૧:૩૦, લંચ ૧૧:૩૦થી ૧૨:૧૦, બીજું સત્ર ૧૨:૧૦થી ૨:૧૦, ટી બ્રેક ૨:૧૦થી ૨:૩૦ અને ત્રીજું સત્ર ૨:૩૦થી ૪:૩૦ વાગ્યા સુધી રહેશે. એસસીએ મીડિયા વિભાગે જણાવ્યું કે આ શ્રેણી સૌરાષ્ટ્રના યુવા ક્રિકેટ માટે મહત્ત્વની તક છે. નિરંજન શાહ સ્ટેડિયમમાં આંતરરાષ્ટ્રીય યુવા મેચો જોવા ક્રિકેટ પ્રેમીઓનું આકર્ષણ વધશે.

# રાજકોટ શહેરમાં પાણીકાપના પ્રથમ દિવસે જ દેકારોઃ વોર્ડ નં.પમાં ખાલી વાસણો ખખડ્યા



રાજકોટ,રાજકોટ શહેરમાં ભર ચોમાસે મહાનગરપાલિકા દ્વારા પાણીકાપ ઝીંકવામાં આવતા નાગરિકો મુશ્કેલીમાં મુકાયા છે. ૩ મુખ્ય લાઈનનાં સમારકામ માટે ૧૬ થી ૨૧ તારીખ સુધી શહેરના તમામ ૧૮ વોર્ડમાં તબક્કાવાર પાણીકાપ જાહેર કરવામાં આવ્યો છે. જેના કારણે ૬ દિવસમાં કુલ ૧૪ લાખ લોકોને પીવાનું પાણી નહીં મળે. પાણીકાપનો આજે પ્રથમ દિવસ છે. જેમાં વોર્ડ નં-પમાં પાણી વિતરણ બંધ રહેતા મહિલાઓમાં ભારે રોષની લાગણી જોવા મળી હતી. આ વિસ્તારમાં ઘણા સમયથી પૂરતું પાણી નહીં મળતું હોવાનો આરોપ સ્થાનિક મહિલાઓ દ્વારા લગાવવામાં આવ્યો છે. તેમજ સમસ્યા દૂર નહીં થાય તો વેરો ભરવાનું બંધ કરવાની ચીમકી પણ ઉચ્ચારવામાં આવી છે.

રાજકોટ શિવમનગર વિસ્તારમાં રહેતા સવિતાબેને જણાવ્યું હતું કે, અમારા વિસ્તારમાં પાણી આવતું જ નથી. જો આવે તો પણ ૫ થી ૧૦ મિનિટ જ આવે છે અને તેમાં પ્રેશર હોતું નથી. હાલ ભરપૂર ચોમાસું ચાલે છે છતાં અમને પાણી મળતું નથી, તો ઉનાળામાં અમારી શું હાલત થશે? અમારા ઘરના સભ્યો મજૂરી કરીને સમયસર વેરો ભરે છે છતાં અમને પ્રાથમિક સુવિધા નથી મળતી. હવે જો આ સમસ્યાનો ઉકેલ નહીં આવે તો અમે વેરો ભરવાનું બંધ કરી દેશું. દરરોજ સવારે ૫:૩૦ વાગ્યે એક સરખા સમયે ઓછામાં ઓછી ૩૦ મિનિટ પૂરતા પ્રેશરથી અમને પાણી આપવામાં આવે તેવી અમારી માંગ છે.

શિવમનગરમાં રહેતા શિલ્પાબેને જણાવ્યું હતું કે, પાંચ વર્ષથી પાણીની સમસ્યા છે. રજૂઆત કરી છે પણ પાણી જ આવતું નથી ટાઈમે. પાણીનો ફોર્સ ધીમો આવે એટલે મોટર ચાલુ કરી ત્યારે પાણી આવે છે, એમનેમ તો પાણી આવતું જ નથી. પાણી વગર તો ઘરમાં મુશ્કેલી પડે છે, કપડાં ધોવામાં અને પીવામાં બધાય પાણીનો કંઈ બહુ ઉપયોગ આવતો નથી. એટલે પાણી ઓછું આવે છે એટલે પાણી તો જોઈએ. બોર છે ને હાવ ખરાબ થઈ ગયો છે એટલે સાવ સારું આવતું નથી, તો પાણી વિના કેમ આપણે પીવું? ના, જાણ કરવામાં આવી નથી આજે કાપ છે ઈ. એને જાણ કરવી પડે ને કાપ છે એમ! અમે ૫:૩૦ વાગે ઉઠીને જોયું કે પાણી આવ્યું છે કે નહીં.

# રાજકોટ મહાનગરમાં ૧૧૯ હોર્ડીંગ માટે એજન્સીઓ મેદાનેઃ આવતા સપ્તાહે ખુલશે ટેન્ડર

## અગાઉ ઓછા ભાવના કારણે કરવું પડ્યું હતું રિ-ટેન્ડર

રાજકોટ,રાજકોટ શહેરના રાજમાર્ગો અને મહત્વના વિસ્તારોમાં હોંર્ડિંગની 'પ્રાઇમ લોકેશન' મેળવવા જાહેરાત એજન્સીઓ વચ્ચેઅ સ્પર્ધાનો માહોલ જામ્યો છે. રાજકોટ મહાનગરપાલિકા દ્વારા રિ-ટેન્ડર કરવામાં આવેલી નવી સાઇટ્સ? સહિત કુલ ૧૧૯ હોંર્ડિંગ સાઇટના ટેન્ડર આગામી સપ્તાહે ખુલવા જઇ રહ્યા છે. સાથોસાથ સેન્ટ્રલ પોલ પરના કિઓસ્ક માટેના ટેન્ડર પણ ખોલવામાં આવશે.

મનપા દ્વારા અગાઉ હોંર્ડિંગ સાઇટો માટે ટેન્ડર પ્રક્રિયા હાથ ધરવામાં આવી હતી. જોકે કેટલીક સાઇટ માટે અપેક્ષા કરતાં ઓછા ભાવ મળવા ઉપરાંત અમુક ટેન્ડરોમાં જરૂરી ડોક્યુમેન્સ અપૂરતા હોવા સહિતના કારણો સામે આવ્યા હતા. જેને પગલે તંત્ર દ્વારા ફરી ટેન્ડર મંગાવવાનો નિર્ણય લેવામાં આવ્યો હતો.

હવે રિ-ટેન્ડરની પ્રક્રિયા આગળ વધી છે અને આગામી સપ્તાહે ટેન્ડર ખુલતાં કઇ સાઇટ માટે કેટલો ભાવ આવ્યો તથા કઇ એજન્સી મેદાન મારી જાય છે તેના પર જાહેરાત જગતની નજર મંડાઇ છે. ખાસ કરીને શહેરના મુખ્ય રાજમાર્ગો પર આવેલી અને વાહનોની સતત અવરજવર ધરાવતી 'પ્રાઇમ લોકેશન'ની સાઇટો માટે અનેક એજન્સીઓએ રસ દાખવ્યો હોવાનું જાણવા મળે છે.

બીજી તરફ સેન્ટ્રલ પોલ પરના જાહેરાત કિઓસ્ક માટેની ટેન્ડર પ્રક્રિયા પણ સાથોસાથ આગળ વધશે. ટેન્ડ્ ખુલ્યા બાદ ભાવ અને જરૂરી ડોક્યુમેન્સ્ડ સહિતની ચકાસણી કરીને આગળની કાર્યવાહી કરવામાં આવશે.

સમગ્ર ટેન્ડર પ્રક્રિયા પૂર્ણ થયા બાદ હોંર્ડિંગ તથા કિઓસ્કો અંગેની દરખાસ્ત ટૂંક સમયમાં સ્ટેન્ડિંગ કમિટી સમક્ષ રજૂ કરવામાં આવશે. કમિટીની મંજૂરી બાદ સાઇટોની ફાળવણી સહિતની આગળની પ્રક્રિયા હાથ ધરાશે.

# કેન્દ્ર સરકારે શહજાદ ભટ્ટી નેટવર્કને આતંકવાદી સંગઠન જાહેર કર્યું

## ગૃહ મંત્રી અમિત શાહે સોશિયલ મીડિયા પોસ્ટમાં આ જાહેરાત કરી : શહજાદ ભટ્ટી નેટવર્ક પર ભારતમાં ગ્રેનેડ,આઈઈડી, પેટ્રોલ બોમ્બ હુમલા અને ટાર્ગેટ કિલિંગમાં સામેલ હોવાનો આરોપ

નવીદિલ્હી,

કેન્દ્ર સરકારે ફરી એકવાર આતંકવાદ સામે કડક કાર્યવાહી કરી છે અને પાકિસ્તાન સ્થિત અને આઈએસઆઈ સમર્થિત શહઝાદ ભટ્ટી નેટવર્કને આતંકવાદી સંગઠન તરીકે નિયુક્ત કર્યું છે. ગૃહ મંત્રાલયે શહઝાદ ભટ્ટી નેટવર્કને યુએપીએ હેઠળ આતંકવાદી સંગઠન તરીકે નિયુક્ત કર્યું છે. ગૃહ મંત્રી અમિત શાહે સોશિયલ મીડિયા પોસ્ટમાં આ જાહેરાત કરી હતી. આ કાર્યવાહી એવા સમયે કરવામાં આવી છે જ્યારે સુરક્ષા એજન્સીઓ પહેલાથી જ દેશભરના અનેક રાજ્યોમાં શહઝાદ ભટ્ટી નેટવર્ક સામે મોટા પાયે કાર્યવાહી કરી ચૂકી છે.

ગૃહ મંત્રાલયના જણાવ્યા અનુસાર, ૧૨ ઓગસ્ટના રોજ ૧૪ રાજ્યોમાં એક સાથે કાર્યવાહીમાં ૨૫૩ લોકોની અટકાયત કરવામાં આવી હતી. આ નેટવર્ક સામે અત્યાર સુધીમાં ૮૦ થી વધુ એફઆઈઆર અને ૨૦૦ થી વધુ ધરપકડો નોંધાઈ છે. આ નેટવર્ક પર સરહદ પારના હથિયારો, વિસ્ફોટકો અને ડ્રગ્સની હેરાફેરી અને યુવાનો અને નાના ગુનેગારોને આતંકવાદમાં પ્રેરિત કરવાનો આરોપ છે.

સુરક્ષા એજન્સીઓ અનુસાર, ઓપરેશન દરમિયાન આઈઈડી, પાકિસ્તાન ઓર્ડનન્સ ફેક્ટરીના



નિશાનવાળા ગ્રેનેડ, પિસ્તોલ, જીવંત કારતૂસ અને જાસૂસી માટે ઉપયોગમાં લેવાતા સીસીટીવી કેમેરા જપ્ત કરવામાં આવ્યા હતા. એજન્સીઓનો દાવો છે કે આ જપ્તીઓથી નેટવર્કના સરહદ પારના જોડાણો ખુલ્યા છે.

શહજાદ ભટ્ટી નેટવર્ક પર ભારતમાં ગ્રેનેડ,આઈઈડી, પેટ્રોલ બોમ્બ હુમલા અને ટાર્ગેટ કિલિંગમાં સામેલ હોવાનો આરોપ છે. તપાસ એજન્સીઓ અનુસાર, નેટવર્કે પોલીસ, સંરક્ષણ સ્થાપનો અને ધાર્મિક સ્થળોની જાસૂસી કરવા માટે સ્થાનિક લોકોને પૈસા ચૂકવ્યા હતા અને સીસીટીવી કેમેરા લગાવીને સંવેદનશીલ વિસ્તારોનું નિરીક્ષણ કર્યું હતું.

૧૨ ઓગસ્ટના રોજ હાથ ધરવામાં આવેલા ઓપરેશનમાં, ઉત્તર પ્રદેશમાં ૬૨, હરિયાણામાં ૫૨, દિલ્હીમાં ૫૧ અને પંજાબમાં ૪૪ લોકોની અટકાયત કરવામાં આવી હતી. વધુમાં, રાજસ્થાનમાં ૧૫, મહારાષ્ટ્રમાં ૮ અને ઉત્તરાખંડમાં ૫ લોકોની અટકાયત કરવામાં આવી હતી, જ્યારે કર્ણાટક, ગુજરાત અને બિહારમાં ૩-૩ અને તેલંગાણા, હિમાચલ પ્રદેશ, જમ્મુ અને કાશ્મીર અને કેરળમાં ૨-૨ લોકોની અટકાયત કરવામાં આવી હતી. દિલ્હી અને કર્ણાટકમાં પણ નવી એફઆઈઆર નોંધવામાં આવી હતી. શહજાદ ભટ્ટી નેટવર્ક સંબંધિત કેસોમાં યુએપીએ,બીએનએસ આર્મ્સ એક્ટ,એનડીપીએસ એક્ટ અને વિસ્ફોટક પદાર્થો કાયદા હેઠળ કાર્યવાહી કરવામાં આવી છે.

# કોંગ્રેસના નવા રાષ્ટ્રીય સચિવોની ટૂંક સમયમાં જાહેરાત કરવામાં આવશે

નવીદિલ્હી,

કોંગ્રેસ સંગઠનમાં નવા રાષ્ટ્રીય સચિવોની નિમણૂક માટે ૧૨૫ થી વધુ નેતાઓના ઈન્ટરવ્યુ લીધા પછી, રાહુલ ગાંધી અને પ્રિયંકા ગાંધીએ ૧૦, જનપથ ખાતે વર્તમાન પક્ષ સચિવો સાથે મુલાકાત કરી અને તેમના કાર્યની સમીક્ષા કરી. સૂત્રોના જણાવ્યા અનુસાર, આ પ્રક્રિયા પૂર્ણ થઈ ગઈ છે, અને નવા સચિવોની જાહેરાત ટૂંક સમયમાં કરવામાં આવશે. બે અઠવાડિયા પહેલા જ, કોંગ્રેસ નેતૃત્વએ એક મહાસચિવને દૂર કર્યા, બે મહાસચિવોની બદલી કરી અને ત્રણ નવા પ્રભારીઓની નિમણૂક કરી. હવે, રાષ્ટ્રીય સચિવોનો વારો છે. આ સચિવો, પ્રભારી અને પ્રભારી મહાસચિવો સાથે, જે રાજ્યોનો હવાલો સંભાળે છે ત્યાં પાર્ટી હાઈકમાન્ડની આંખ અને કાન તરીકે કાર્ય કરે છે.

સૂત્રોના જણાવ્યા અનુસાર, રાહુલ અને પ્રિયંકાએ વર્તમાન સચિવોને પૂછ્યું કે સંગઠનાત્મક કાર્યમાં તેમને કયા પડકારોનો સામનો કરવો પડે છે. તેઓ જે રાજ્યમાં સોંપવામાં આવે છે ત્યાં તેઓ કેટલા દિવસ જાય છે અને તેઓ તેમના પ્રવાસ દરમિયાન ક્યાં રહે છે? નેતાઓ એ પણ જાણવા માંગતા હતા કે તેમના રહેવાની વ્યવસ્થા કોણ કરે છે. તેમને સંબંધિત રાજ્યના મુદ્દાઓ અને ત્યાંના મજબૂત નેતાઓનું વર્ણન કરવાનું પણ કહેવામાં આવ્યું હતું. સૂત્રોએ NDTV ને જણાવ્યું હતું કે રાહુલ ગાંધીએ સચિવોને તેમના રાજ્યોમાં ઓછામાં ઓછા બે અઠવાડિયા વિતાવવાની સલાહ આપી હતી.

# સેના પ્રમુખ જનરલ ધીરજ સેઠ રશિયા જવા રવાના : સંરક્ષણ સહયોગ પર ચર્ચા થશે

## રશિયન સેનાના કમાન્ડર-ઈન-ચીફ સાથે વ્યાવસાયિક લશ્કરી સહયોગ અને તાલીમ સહિતના મુદ્દાઓ પર વાટાઘાટો કરશે

નવીદિલ્હી,

સેના પ્રમુખ જનરલ ધીરજ સેઠે બુધવારે રશિયાની તેમની ત્રણ દિવસીય સત્તાવાર મુલાકાત શરૂ કરી. આ મુલાકાતનો હેતુ ભારત અને રશિયા વચ્ચે લાંબા સમયથી ચાલી આવતી સંરક્ષણ ભાગીદારી અને લશ્કરી-થી-લશ્કરી સહયોગને વધુ મજબૂત બનાવવાનો છે.

રક્ષા મંત્રાલય દ્વારા જારી કરાયેલા સત્તાવાર નિવેદન અનુસાર, જનરલ સેઠ ૧૬ થી ૧૮ સપ્ટેમ્બર સુધી રશિયાની મુલાકાતે છે. આ બેઠકો બંને પક્ષોને સમકાલીન લશ્કરી વિકાસ પર મંતવ્યો શેર કરવાની અને સંરક્ષણ સહયોગ



વધારવાના માર્ગો શોધવાની તક પૂરી પાડશે. સંરક્ષણ મંત્રાલયે જણાવ્યું હતું કે આ મુલાકાત બંને દેશો લશ્કરી રાજદ્વારી અને લશ્કરી-થી-લશ્કરી જોડાણને સતત મહત્વ આપે છે તે દર્શાવે છે. આ મુલાકાત દરમિયાન, આર્મી ચીફ મોસ્કોમાં અજાણ્યા સૈનિકના મકબરા પર ઔપચારિક ગાર્ડ ઓફ ઓનર મેળવશે અને શહીદ સૈનિકોને શ્રદ્ધાંજલિ આપશે.

તેઓ રશિયન સેનાના કમાન્ડર-ઈન-ચીફ, કર્નલ જનરલ આન્દ્રે નિકોલાયેવિચ મોર્ડવિચેવ સાથે વ્યાવસાયિક લશ્કરી સહયોગ અને તાલીમ સહિત પરસ્પર હિતના મુદ્દાઓ પર પણ વાટાઘાટો કરશે. આર્મી ચીફ સેન્ટ પીટર્સબર્ગની પણ મુલાકાત લેશે, જ્યાં તેઓ મિખૈલોવસ્કાયા મિલિટરી આર્ટિલરી એકેડેમીની મુલાકાત લેશે અને તેના નેતૃત્વ અને ફેકલ્ટી સાથે વાતચીત કરશે.

# દિશા સલિયન કેસની તપાસ ગતિશીલ સીબીઆઈ અધિકારી સીમા પહુજા દ્વારા કરવામાં આવશે

## સીબીઆઈએ તાજેતરમાં જ આ કેસમાં એફઆઈઆર નોંધી તપાસ હાથ ધરી હતી

મુંબઈ,

સ્વર્ગસ્થ અભિનેતા સુશાંત સિંહ રાજપૂતના ભૂતપૂર્વ મેનેજર દિશા સલિયનના મૃત્યુની તપાસ હવે પ્રખ્યાત સીબીઆઈ અધિકારી સીમા પહુજા દ્વારા કરવામાં આવશે. સીબીઆઈ હેડક્વાર્ટરમાં સ્પેશિયલ ક્રાઈમ યુનિટમાં પોલીસ અધિક્ષક તરીકે તૈનાત સીમા પહુજાને આ હાઈ-પ્રોફાઈલ કેસની તપાસની જવાબદારી સોંપવામાં આવી છે. ડીએસપી પૂરણ કુમાર અને અન્ય અધિકારીઓ પણ તેમની સાથે તપાસ અધિકારીઓ તરીકે કામ કરશે. દિશાનું ૮ જૂન, ૨૦૨૦ ના રોજ અવસાન થયું હતું. સીબીઆઈએ તાજેતરમાં જ આ કેસમાં એફઆઈઆર નોંધી હતી અને તપાસ હાથ ધરી હતી.

સીબીઆઈ હવે દિશાના મૃત્યુ પહેલા મુંબઈમાં દિશાના મંગેતર રોહન રોયના ઘરે યોજાયેલી પાર્ટીમાં હાજર લોકોના નિવેદનો નોંધવાની તૈયારી કરી રહી છે. તપાસ એજન્સી જૂના રેકોર્ડ, સાક્ષીઓના નિવેદનો, ઘટનાસ્થળ પરથી પુરાવા અને અત્યાર સુધી હાથ ધરવામાં આવેલી તપાસની પણ ફરીથી તપાસ કરશે. આ ઘટના પહેલા અને પછી શું થયું અને અત્યાર સુધી જાહેર થયેલા તથ્યોમાં કોઈ મહત્વપૂર્ણ કડીઓ ચૂકી ગઈ છે કે કેમ તેની પણ તપાસ કરશે. સીમા પહુજા એ સીબીઆઈ અધિકારીઓમાં સામેલ છે જેમણે દેશના ઘણા હાઈ-પ્રોફાઈલ અને સંવેદનશીલ કેસોની તપાસ પર કામ કર્યું છે. ૨૦૨૪ માં કોલકાતામાં આરજી કર મેડિકલ કોલેજમાં તાલીમાર્થી ડોક્ટર પર થયેલા બળાત્કાર અને હત્યાની તપાસમાં પણ તેણીએ મુખ્ય ભૂમિકા ભજવી હતી. આ કેસ સીબીઆઈના એડિશનલ ડિરેક્ટર સંપત મીણાની દેખરેખ હેઠળ હતો, જ્યારે સીમા પહુજાએ ગ્રાઉન્ડ લેવલ પર તપાસમાં મુખ્ય ભૂમિકા ભજવી હતી. પહેલાં, સીમા પહુજા હાથરસ કેસની તપાસ કરી રહેલી સીબીઆઈ ટીમનો પણ ભાગ હતા. સપ્ટેમ્બર ૨૦૨૦ માં ૧૯ વર્ષીય મહિલાના મૃત્યુ બાદ, સીબીઆઈએ તપાસ સંભાળી હતી.

# મધ્ય પૂર્વમાં તણાવ વચ્ચે ઈઝરાયલને ૪0,000 શક્તિશાળી બોમ્બ સપ્લાય કરવાની તૈયારી

## અમેરિકન કોંગ્રેસને સોદાની અનૌપચારિક રીતે જાણ કરવામાં આવી

વોશિંગ્ટન,

યુએસ પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પનું વહીવટીતંત્ર પ્રસ્તાવિત લશ્કરી કરાર હેઠળ ઈઝરાયલને ૨,૦૦૦ પાઉન્ડના, અત્યંત શક્તિશાળી બોમ્બ સપ્લાય કરવાની યોજના બનાવી રહ્યું છે. આ એ જ શસ્ત્રો છે જેનો પુરવઠો ભૂતપૂર્વ રાષ્ટ્રપતિ જો બિડેનના વહીવટીતંત્ર દ્વારા ગાઝામાં મોટા પાયે વિનાશ અને જાનહાનિના ભયને કારણે અટકાવી દેવામાં આવ્યો હતો.

નામ ન આપવાની શરતે બે અમેરિકન અધિકારીઓએ મંગળવારે જણાવ્યું હતું કે આ ૨.૮ બિલિયન ડોલરના પેકેજમાં ૪૦,૦૦૦ બોમ્બ પૂરા પાડવાની યોજનાનો સમાવેશ થાય છે. જોકે, આ યોજના હજુ સુધી નક્કી કરવામાં આવી નથી. અમેરિકન કોંગ્રેસને આ સોદાની અનૌપચારિક રીતે જાણ કરવામાં આવી છે. મોટાભાગના ભંડોળ વિદેશી લશ્કરી ભંડોળ દ્વારા ચૂકવવામાં આવશે.

એવો દાવો કરવામાં આવે છે કે યુએસ કરદાતાઓના પૈસા ઈઝરાયલને વિદેશી લશ્કરી ભંડોળ હેઠળ આપવામાં આવે છે. ઈઝરાયલ આ નાણાંનો ઉપયોગ અમેરિકા પાસેથી શસ્ત્રો ખરીદવા માટે કરે છે. ઉલ્લેખનીય છે કે આ પ્રસ્તાવિત વેચાણ ટ્રમ્પ વહીવટીતંત્ર દ્વારા ઈઝરાયલની લશ્કરી ક્ષમતાઓને વધારવા માટે લેવામાં આવી રહેલા પગલાંની શ્રેણીમાં નવીનતમ છે. શસ્ત્ર વેચાણ યોજનાનો સૌપ્રથમ અહેવાલ ધ વોશિંગ્ટન પોસ્ટ દ્વારા આપવામાં આવ્યો હતો.

# નરેન્દ્ર મોદીઃ જીવન ઝરમર

## નરેન્દ્ર મોદીએ ૧૯૯૦ના દાયકામાં અડવાણીની સોમનાથથી અયોધ્યા રથયાત્રામાં મહત્વની ભૂમિકા ભજવી હતી

અમદાવાદ,

પીએમ મોદીનો આજે ૭૬મો જન્મદિન છે. જેને લઈ ગુજરાત સહિત દેશભરમાં અનેક કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું છે. નરેન્દ્ર મોદીનો જન્મ ૧૭ સપ્ટેમ્બર ૧૯૫૦ના રોજ વડનગરમાં દામોદરદાસ મૂળચંદ મોદી અને હીરાબેનના ઘરે થયો હતો. નરેન્દ્ર મોદી ૫ ભાઈ-બહેનોમાં બીજા ક્રમનું સંતાન છે. નરેન્દ્ર મોદીના પિતાની રેલવે સ્ટેશન પર ચાની દુકાન હતી. ૧૯૬૫ના ભારત-પાકિસ્તાન યુદ્ધ દરમિયાન તેમણે સ્ટેશન પરથી પસાર થતા સૈનિકોને ચા પીવડાવી હતી. નરેન્દ્ર મોદી બાળપણમાં સામાન્ય બાળકો કરતાં સાવ અલગ હતા. નરેન્દ્ર મોદી વડનગરની ભગવતાચાર્ય નારાયણાચાર્ય શાળામાં ભણતા હતા. તેઓ શાળામાં એક સામાન્ય વિદ્યાર્થી હતા. તેમને બાળપણમાં એક્ટિંગનો શોખ હતો. નરેન્દ્ર મોદી બાળપણમાં શાળામાં એક્ટિંગ, વાદ-વિવાદ અને નાટકોમાં ભાગ લેતા તથા ઈનામો જીતતા હતા. તેઓ એનસીસીમાં પણ જોડાયા હતા.



એકવાર તેઓ શર્મિષ્ઠા તળાવમાંથી મગરનું બચ્ચું પકડીને ઘરે લઈ આવ્યા હતા. માતાના સમજાવ્યા બાદ તેઓ તેને ફરી તળાવમાં મૂકી આવ્યા હતા.નાની ઉંમરમાં તેમના લગ્ન જશોદાબેન ચીમનલાલ સાથે થયા હતા, પરંતુ ત્યારબાદ પારિવારિક કારણોસર તેમણે વર્ષ ૧૯૬૭માં ઘર છોડીને સંન્યાસ લેવાનો નિર્ણય કર્યો હતો. લાલકૃષ્ણ અડવાણીને નરેન્દ્ર મોદીના રાજકીય ગુરુ માનવામાં આવે છે. ૧૯૯૦ના દાયકામાં નરેન્દ્ર મોદીએ અડવાણીની સોમનાથથી અયોધ્યા રથયાત્રામાં મહત્વની ભૂમિકા ભજવી હતી. નરેન્દ્ર મોદી સ્વભાવથી આશાવાદી વ્યક્તિ છે. એક ભાષણ દરમિયાન તેમણે કહ્યું હતું કે, લોકોને અડધો ગ્લાસ પાણીથી ભરેલો દેખાય છે, પરંતુ મને અડધો ગ્લાસ પાણી અને અડધો હવાથી ભરેલો દેખાય છે.

ગુજરાતના મુખ્યમંત્રી તરીકે તેમણે પ્રવાસીઓને આકર્ષવા માટે બોલિવૂડના મહાનાયક અમિતાભ બચ્ચનને ગુજરાતના બ્રાન્ડ એમ્બેસેડર બનાવ્યા હતા. અમિતાભ બચ્ચને આના બદલામાં એક પણ રૂપિયો લીધો નહોતો. આ ઉપરાંત નરેન્દ્ર મોદી પતંગ ચગાવવાના શોખીન છે. રાજકારણના આકાશની જેમ તેઓ પતંગબાજીમાં પણ સારા પતંગબાજોના પેચ કાપી નાખે છે. ગુજરાત રમખાણોના ડાઘને કારણે વર્ષ ૨૦૦૫માં અમેરિકાએ મોદીને વિઝા આપવાનો ઈનકાર કર્યો હતો. નરેન્દ્ર મોદી સોશિયલ મીડિયા પર પણ ખૂબ સક્રિય રહે છે.

ગુજરાતમાં મુસ્લિમ કટ્ટરપંથીઓ નરેન્દ્ર મોદીના વિરોધી હતા, જેમાંના એક ઝફર સરેશવાલા હતા જેઓ મોદી મુખ્યમંત્રી બન્યા પછી



લંડન ચાલ્યા ગયા અને તેમની વિરુદ્ધ પ્રચાર કર્યો. પાછળથી જ્યારે તેઓ મોદીને મળ્યા ત્યારે તેમના નજીકના બની ગયા. મોદી વડાપ્રધાન બન્યા બાદ તેઓ તેમના પ્રશંસક બન્યા.

નરેન્દ્ર મોદીએ ૨૦૧૪ની લોકસભા ચૂંટણીમાં પણ સોશિયલ મીડિયાનો ઘણો ઉપયોગ કર્યો હતો. તેમણે 'સેન્ટર ફોર એકાઉન્ટેબલ ગવર્નન્સ' નામની એક પ્રચાર સમિતિ બનાવી હતી, જેના હાથમાં પ્રચારની સંપૂર્ણ કમાન હતી. વડાપ્રધાન બન્યા પછી લોકોમાં મોદી પ્રત્યે રસ જાગ્યો અને બે મહિનામાં તેમના પર ૪૦થી વધુ જીવનચરિત્રો બહાર આવ્યા હતા. આ ઉપરાંત બોલિવૂડ અને રમતગમત જગતના ઘણા મોટા સિતારાઓ વડાપ્રધાન નરેન્દ્ર મોદીના ચાહક છે.

નરેન્દ્ર મોદીએ અમેરિકામાં મેનેજમેન્ટ અને પબ્લિક રિલેશન્સ સંબંધિત ત્રણ મહિનાનો કોર્સ કર્યો છે. સંઘના પ્રચારકોને દાઢી રાખવાની મંજૂરી નહોતી, પરંતુ નરેન્દ્ર મોદી અન્ય પ્રચારકોથી વિપરીત દાઢી રાખતા અને તેને ટ્રીમ પણ કરાવતા હતા. નરેન્દ્ર મોદી અમદાવાદ સંઘ મુખ્યાલયમાં સાફ-સફાઈ, ચા બનાવવી અને વડીલ નેતાઓના કપડાં ધોવા જેવા તમામ નાના કામો કરતા હતા.

ભારતના રાજકીય ઈતિહાસના કાળા દિવસ તરીકે ઓળખાતી કટોકટી દરમિયાન નરેન્દ્ર મોદી શીખ સરદારનો વેશ ધારણ કરીને અઢી વર્ષ સુધી પોલીસને થાપ આપતા રહ્યા હતા. નરેન્દ્ર મોદીએ સંઘમાં કુર્તાની બાય ટૂંકી કરાવી લીધી હતી જેથી તે વધારે ખરાબ ન થાય, જે વર્તમાન સમયમાં 'મોદી કુર્તા' બ્રાન્ડ બની ગઈ છે. આ લોકોમાં ખૂબ લોકપ્રિય છે. મોદી મહાન વિચારક અને યુવા દાર્શનિક સંત સ્વામી વિવેકાનંદથી ખૂબ પ્રભાવિત છે. તેમણે ગુજરાતમાં 'વિવેકાનંદ યુવા વિકાસ યાત્રા' કાઢી હતી. પીએમ મોદીએ પોતાના જીવનથી અન્ય લોકો માટે પ્રેરણાની ભાવના જગાડી છે. તેઓ શુદ્ધ શાકાહારી છે અને અન્ય કોઈ પણ રાજનેતા કરતાં ઘણા વધુ ફિટ છે. મોદી યોગ કરે છે અને તેમની દિનચર્યા અત્યંત વ્યસ્ત હોવા છતાં તેઓ થાકતા નથી. આ બાબત પણ જનતાને યોગ કરવા માટે પ્રેરિત કરે છે. મોદીના પ્રયાસોને લીધે જ યોગને વિશ્વમાં આટલો મોટો દરજ્જો મળી શક્યો છે.

**વડાપ્રધાન નરેન્દ્ર મોદીના પ્રયાસોને લીધે જ યોગને વિશ્વમાં મોટો દરજ્જો મળ્યો**

# કારગિલ, પીઓકે અને સર ક્રીકને છોડી દેવાની યોજના ઘડાઈ હતી, ભાજપ સાંસદ નિશિકાંત

નવીદિલ્હી,

ઝારખંડના ગોડ્ડાથી લોકસભા સાંસદ નિશિકાંત દુબેએ જુલાઈ ૨૦૦૬માં મુંબઈ લોકલ ટ્રેનોમાં થયેલા શ્રેણીબદ્ધ બોમ્બ વિસ્ફોટો બાદ તત્કાલીન યુપીએ સરકારની પાકિસ્તાન નીતિ પર સવાલ ઉઠાવ્યા છે. તેમણે આરોપ લગાવ્યો કે તત્કાલીન કોંગ્રેસની આગેવાની હેઠળની સરકારે, યુએસના દબાણ હેઠળ, સરહદ પારના આતંકવાદનો જવાબ લશ્કરી કાર્યવાહીથી આપવાને બદલે રાજદ્વારી વાતચીત પસંદ કરી. એક્સ પર શેર કરેલી તેમની પોસ્ટમાં, દુબેએ ૨૦૦૬ના મુંબઈ આતંકવાદી હુમલા પછીની પરિસ્થિતિની તુલના ૨૦૨૫ના પહેલગામ આતંકવાદી હુમલા અને ત્યારબાદના ઓપરેશન સિંદૂર સાથે કરી. તેમણે કોંગ્રેસ નેતા રાહુલ ગાંધીને બંને ઘટનાઓ પછી લેવામાં આવેલા પગલાં વિશે જનતાને જવાબ આપવા કહ્યું.

# સરકારે પીએફ મર્યાદા વધારીને ૨૫,૦૦૦ કરી, ૫૧ લાખ કર્મચારીઓને ફાયદો થશે

## કર્મચારીઓને પીએફ અને પેન્શન જેવા સામાજિક સુરક્ષાના વધુ લાભો મળી શકશે

નવીદિલ્હી,

દેશભરના લાખો કર્મચારીઓ માટે પીએફ સંબંધિત મોટા સમાચાર પ્રકાશમાં આવ્યા છે. કેન્દ્ર સરકારે ઈપીએફઓ હેઠળ ફરજિયાત કવરેજ માટે પગાર મર્યાદા વધારવાની મંજૂરી આપી છે. આ મર્યાદા હવે ૧૫,૦૦૦ થી વધીને ૨૫,૦૦૦ પ્રતિ માસ થશે. આ નિયમ આવતીકાલે, ૧૭ સપ્ટેમ્બરથી અમલમાં આવશે. સરકારના આ પગલાથી આશરે ૫.૧ મિલિયન કર્મચારીઓને સીધો ફાયદો થશે. સરકાર કહે છે કે આનાથી વધુ કર્મચારીઓને પીએફ અને પેન્શન જેવા સામાજિક સુરક્ષા લાભો મળી શકશે.

બુધવારે, કેન્દ્રીય મંત્રીમંડળે ફરજિયાત ઈપીએફઓ કવરેજ માટે પગાર મર્યાદા વધારીને ૨૫,૦૦૦ કરવાના પ્રસ્તાવને મંજૂરી આપી. આ મર્યાદા અગાઉ સપ્ટેમ્બર ૨૦૧૪ માં ૧૫,૦૦૦ નક્કી કરવામાં આવી હતી, જે લગભગ ૧૨ વર્ષ પછી ફેરફાર દર્શાવે છે. સરકારના મતે, છેલ્લા કેટલાક વર્ષોમાં કર્મચારીઓની આવકમાં વધારો થયો છે અને ઔપચારિક રોજગારનો વ્યાપ પણ વિસ્તર્યો છે. આને ધ્યાનમાં રાખીને ઈપીએફઓ પગાર મર્યાદામાં સુધારો કરવામાં આવ્યો છે.

કેન્દ્રીય મંત્રી અશ્વિની વૈષ્ણવે જણાવ્યું હતું કે આ નિર્ણયથી ૫.૧ લાખથી વધુ વધારાના કર્મચારીઓ ફરજિયાત ઈપીએફઓ કવરેજના દાયરામાં આવી શકે છે. આનો અર્થ એ છે કે આવા કર્મચારીઓને પીએફ અને સંબંધિત સામાજિક સુરક્ષા લાભોનો સ્પષ્ટ માર્ગ મળશે. ઈપીએફ કર્મચારી અને નોકરીદાતા બંને દ્વારા ફાળો આપવામાં આવે છે. સરકારનું યોગદાન કર્મચારીના પેન્શન સાથે જોડાયેલું છે.

ધારો કે કોઈ કર્મચારીનો મૂળ પગાર દર મહિને ૨૦,૦૦૦ છે. જૂના નિયમો હેઠળ, તેના પીએફ ફક્ત ૧૫,૦૦૦ (૧૨%, એટલે કે ૧,૮૦૦) પર કાપવામાં આવતો હતો, અને કંપનીએ પણ ૧,૮૦૦ નું યોગદાન આપ્યું હતું. હવે, સરકાર દ્વારા લાગુ કરાયેલા નવા નિયમો સાથે, આ કર્મચારીના પીએફમાંથી તેના ૨૦,૦૦૦ ના મૂળ પગારમાંથી ૧૨% કાપવામાં આવશે, જે કુલ ૨,૪૦૦ થશે. કંપની પણ ૨,૪૦૦ નું યોગદાન આપશે. રમેશના ઘરે લઈ જવાના પગારમાં થોડો ઘટાડો થશે, પરંતુ દર મહિને તેના પીએફ ખાતામાં વધુ પૈસા જમા થશે, જે તેના નિવૃત્તિ ભંડોળને ઝડપથી વધારવામાં મદદ કરશે.

આ નિર્ણયથી કેન્દ્ર સરકાર પર વાર્ષિક આશરે ૧૧,૩૩૯ કરોડનો વધારાનો નાણાકીય બોજ લાદવાની અપેક્ષા છે. વર્તમાન વાર્ષિક બજેટરી સપોર્ટ આશરે ૧૦,૨૫૦ કરોડ છે. પાંચ વર્ષમાં અંદાજિત સરકારી ખર્ચ આશરે ૫૬,૬૯૬ કરોડ હોઈ શકે છે.

નવી મર્યાદાનો સૌથી મોટો ફાયદો એ છે કે વધુ કર્મચારીઓને પીએફ અને પેન્શન-આધારિત સામાજિક સુરક્ષા હેઠળ આવરી લેવામાં આવશે. લાંબા ગાળે, પીએફ બચત કર્મચારીઓની નિવૃત્તિ માટે નાણાકીય સહાય પૂરી પાડી શકે છે. સરકારના મતે, વધતી આવક અને ઔપચારિક રોજગારના બદલાતા લેન્ડસ્કેપને ધ્યાનમાં રાખીને આ ફેરફાર કરવામાં આવ્યો છે.

# ભારતે સિંધુ જળ સંધિ પર હેગ કોર્ટના નિર્ણયને નકારી કાઢ્યો : વિવાદ યુએનએચઆરસી સુધી પહોંચ્યો

## હેગ સ્થિત આર્બિટ્રેશન કોર્ટ દ્વારા ભારતના પગલાને ગેરબંધારણીય જાહેર કરવામાં આવ્યું હતું

ઈસ્લામાબાદ,

ભારતે સિંધુ જળ સંધિ પર હેગમાં આંતરરાષ્ટ્રીય ન્યાયાલયના નિર્ણયને નકારી કાઢ્યો છે, જેના કારણે પાકિસ્તાન પાસે કોઈ વિકલ્પ રહ્યો નથી. સિંધુ જળ સંધિ ૧૯૬૦માં હસ્તાક્ષર કરવામાં આવી હતી અને લગભગ ૬૦ વર્ષ સુધી અમલમાં રહી. જોકે, ગયા વર્ષે પહેલગામ આતંકવાદી હુમલા બાદ ભારતે સંધિને સ્થગિત કરી દીધી હતી. તાજેતરમાં, હેગ સ્થિત આર્બિટ્રેશન કોર્ટ દ્વારા ભારતના આ પગલાને ગેરબંધારણીય જાહેર કરવામાં આવ્યું હતું, જેને નવી દિલ્હીએ સ્પષ્ટપણે નકારી કાઢ્યું છે.

દરમિયાન, એક ભારતીય એનજીઓ દ્વારા સંયુક્ત રાષ્ટ્ર માનવ અધિકાર પરિષદ ખાતે સંધિની



સમીક્ષાની માંગણી કરવામાં આવ્યા બાદ ઈસ્લામાબાદની ચિંતાઓ વધુ ઘેરી બની છે. ભારતીય એનજીઓએ સિંધુ જળ સંધિની સમીક્ષાની માંગણી કરી છે. તેમનો દલીલ છે કે પ્રદેશમાં બદલાતી જળ સુરક્ષા પરિસ્થિતિને જોતાં, ભારત અને પાકિસ્તાન વચ્ચેના ૧૯૬૦ના કરાર પર માનવ અધિકારના દૃષ્ટિકોણથી પુનર્વિચાર કરવાની જરૂર છે. શુદ્ધ પીવાના પાણી અને સ્વચ્છતાના માનવ અધિકારો પરના વિશેષ સંવાદદાતા સાથેની વાતચીતના ભાગ રૂપે યુએન માનવ અધિકાર પરિષદ (યુએનએચઆરસી) ના ૬૩મા સત્રમાં આઈટમ ૩ પર મૌખિક નિવેદન આપતા, દિલ્હી સ્થિત એક એનજીઓએ જણાવ્યું હતું કે પાણીની પહોંચ જીવન, આરોગ્ય, ખોરાક, રહેઠાણ, ગૌરવ અને વિકાસના અધિકારો સાથે સીધી રીતે જોડાયેલી છે. યુએન દ્વારા સલામત અને સ્વચ્છ પીવાના પાણી અને સ્વચ્છતાને મૂળભૂત માનવ અધિકાર તરીકે માન્યતા આપવાનો ઉલ્લેખ કરતા, નિવેદનમાં કહેવામાં આવ્યું છે કે આંતરરાષ્ટ્રીય જળ સંધિઓનો અમલ એવી રીતે થવો જોઈએ કે જે દેશોની તેમની માનવ અધિકારોની જવાબદારીઓ પૂર્ણ કરવાની ક્ષમતાને અવરોધવાને બદલે મજબૂત બનાવે.

# રાજકોટમાં ૪ દિવસ મકાનમાં ગોંધી રાખી ૧૨ વર્ષની સગીરાને દેહવ્યાપારમાં ધકેલી!

## ગ્રાહક દીઠ રૂ.૫૦૦ આપતા, પાડોશી મહિલા અને તેની બહેનપણી કેટરર્સમાં કામના બહાને લઈ ગઈ હતી



રાજકોટ:રાજકોટના આજીડેમ પોલીસ સ્ટેશન વિસ્તારમાં કેટરર્સમાં કામ અપાવવાના બહાને ૧૨ વર્ષની સગીરાને લાલચ આપીને દેહવ્યાપારના દૂષણમાં ધકેલવાની એક ચોંકાવનારી ઘટના સામે આવી છે. પાડોશમાં રહેતી મહિલા તેની બહેનપણી સાથે મળીને સગીરાને ચાર દિવસ સુધી એક મકાનમાં રાખીને તેની પાસે જબરદસ્તીથી દેહવ્યાપાર કરાવતી હતી, જેમાં ગ્રાહક દીઠ સગીરાને રૂ.૫૦૦ આપવામાં આવતા હતા.બાળકી સાથે કંઈક ખોટું થઈ રહ્યું હોવાની શંકા જતાં અન્ય એક પાડોશી મહિલાએ તેની માતાને જાણ કરી હતી. પરિવારે પૂછપરછ કરતા રડતાં-રડતાં દીકરીએ પોતાની આપવીતી જણાવી હતી. આ અંગે જાણ થતાં જ આજીડેમ પોલીસે કાર્યવાહી કરીને પોક્સો અને અન્ય સંબંધિત કલમો હેઠળ ગુનો નોંધીને બંને આરોપી મહિલાઓની ધરપકડ કરી છે.

૧૧ સપ્ટેમ્બરે સવારના ૧૧ વાગ્યે પાડોશી મહિલા સગીરાને કેટરીંગના કામની લાલચ આપી ગોંડલ ચોકડી અને ત્યાંથી રિક્ષામાં આજીડેમ ચોકડી લઈ ગઈ હતી, જ્યાંથી એક યુવક પોતાના એક્ટિવા પર બંનેને માંડા ડુંગર વિસ્તારના એક મકાનમાં લઈ ગયો હતો. આ મકાનમાં સતત ચાર દિવસ સુધી પાડોશી મહિલા અને તેની બહેનપણી અલગ-અલગ પુરુષોને બોલાવીને સગીરા સાથે બળજબરીથી શારીરિક સંબંધ બંધાવતી હતી, જેના બદલામાં તેઓ તે લોકો પાસેથી નાણાં વસૂલીને સગીરાને માત્ર રૂ. ૫૦૦ આપતી હતી.

પીડિતાની માતા કારખાનામા મજુરી કામ કરે છે અને પિતા માર્કેટીંગ યાર્ડમાં મજુરીકામ કરે છે. દંપતીને સંતાનમા બે દીકરીઓ છે, જેમા મોટી દીકરી ૧૨ વર્ષની અને નાની દીકરી ૫ વર્ષની છે. ગત ૧૪ સપ્ટેમ્બર ૨૦૨૬ના બપોરે દોઢ વાગ્યા આસપાસ માતા કામ પર હતી ત્યારે પાડોશી મહિલાનો ફોન આવ્યો હતો. 'તમારી દીકરી ક્યાં છે' તેમ પુછતા દાદીના ઘરે છે તેવુ કહેતા પાડોશીએ કહ્યું- દીકરી દાદીના ઘરે નથી પરંતુ તે કોઈક સાથે ક્યાક જાય છે.

આ પછી પાડોશી મહિલાએ કહ્યું કે, 'તમારી દીકરીને બાજુની સોસાયટીમા રહેતા મહિલા પોતાની સાથે લઈને ક્યાંક જાય છે, તમે જલદી ઘર તરફ આવો'. જેથી માતા તરત જ કારખાનેથી નીકળી ઘર બાજુ ગઈ હતા. સગીરાને ગોંડલ ચોક નજીક ભારત પેટ્રોલપંપ ખાતે લઇ ગયાની જાણ થતા આજુબાજુમા શોધખોળ કરી તેમ છતા દીકરી ન મળતા માતા-પિતા પરત ઘરે આવી ગયા હતા. માતા ઘરના કામ કરતા હતા, તે દરમ્યાન સાંજના ૬ વાગ્યા આસપાસ બાજુની સોસાયટીમા રહેતા મહિલા દીકરીને લઈને ઘરે આવ્યા હતા.

પાડોશી મહિલાને માતાએ પુછ્યુ કે, મારી દીકરીને ક્યા લઇ ગયા હતા તો તેમણે જણાવ્યું કે, હું તમારી દીકરીને કેટરીંગના કામમા લઇ જાવ છુસ તેમ કહી રોકડા રૂ.૫૦૦ આપ્યા હતાં. જેથી માતાએ કેટરીંગ વાળાના નંબર માગતા તેને નંબર આપવાની ના પાડીને ઘરે જતી રહી હતી. ત્યારબાદ સગીરાના પિતા ઘરે આવ્યા અને માતાએ આ બનાવની વાત કરી હતી. બાદમાં માતા-પિતાએ દીકરીને પૂછ્યુ કે તને પાડોશી ક્યા લઇ ગયા હતા, જેથી તે જોરજોરથી રડવા લાગી હતી. આથી માતાએ દીકરીને છાની રાખી અને ડર્યા વગર જે હોઇ તે સાચુ કહેવા કહ્યું અને સગીરાએ આપવીતી જણાવી હતી. હાલ સમગ્ર મામલે આજીડેમ પોલીસે પાડોશી મહિલા અને તેની બહેનપણી વિરુદ્ધ પોક્સો સહિતની કલમ હેઠળ ગુનો નોંધી બન્નેની ધરપકડ કરી વધુ તપાસ હાથ ધરી છે.

# દેવપુષ્પ મેડિકલમાં તોડફોડ કરનારા ૬૦ કલાક બાદ ન ઝડપાતા કેમિસ્ટ એસોસીએશન મેદાને, પોલીસ કમિશનરને રજૂઆત





રાજકોટ:રાજકોટમાં દેવ પુષ્પ મેડિકલ સ્ટોર પર અસામાજિક શખ્સો દ્વારા કરવામાં આવેલા હુમલાના પગલે શહેરના વેપારીઓમાં ભારે રોષ વ્યાપી ગયો છે. આ બનાવને પગલે કેમિસ્ટ અને ડ્રગીસ્ટ એસોસિએશનના હોદ્દેદારો વિરોધ નોંધાવવા અને યોગ્ય રજૂઆત કરવા માટે પોલીસ કમિશ્નર કચેરીએ પહોંચ્યા હતા. પોલીસે ૪૮ કલાકમાં આ સમગ્ર મામલે ઉકેલ લાવવાની ખાતરી આપી હતી, પરંતુ ૬૦ કલાક જેટલો સમય વિતી ગયો હોવા છતાં અસામાજિક તત્વો સામે હજુ સુધી કોઈ પણ પ્રકારની નક્કર કાર્યવાહી કરવામાં આવી નથી.

રાજકોટ શહેર કેમિસ્ટ એસોસિએશન દ્વારા પોલીસ કમિશ્નરને આવેદનપત્ર પાઠવી ઉગ્ર રજુઆત કરી છે. જેમાં જણાવ્યું હતું કે, હનુમાન મઢી નજીકના દેવપુષ મેડિકલ સ્ટોરમાં રવિવારના રાત્રિના આશરે ૦૯ વાગ્યે આશરે ૬ અજાણ્યા શખ્સો દ્વારા અચાનક હુમલો કરી ગંભીર પ્રકારની તોડફોડ કરી માર મરવામાં આવેલ હતો.

આ હુમલા દરમિયાન મેડિકલ સ્ટોરની મિલકતને મોટા પ્રમાણમાં નુકસાન પહોંચાડવામાં આવેલ છે. જેમાં ૧૨ કોમ્પ્યુટર તોડી નુકસાન કરવામાં આવેલ તેમજ ૪ સીસીટીવી કેમેરા અને ૧ ટીવી તોડી નાખવામાં આવેલ હતું. તેમજ સ્ટોરની અન્ય મિલકતને પણ નુકસાન થયેલ છે. જે બનાવમાં આશરે ૬ અજાણ્યા શખ્સો દ્વારા આ સમગ્ર કૃત્ય આવેલ છે.

આ તકે રાજકોટ પ્રમુખ,કેમિસ્ટ એસોસિએશનનાં પ્રમુખ મ્યુરસિંહ જાડેજાએ જણાવ્યું હતું કે, આ ઘટના બાદ રાત્રિના સમયે મેડિકલ સ્ટોર ખુલ્લા રાખવામાં પણ ડર લાગી રહ્યો છે. તેમજ વેપારીઓની સુરક્ષા પર ગંભીર સવાલો ઊભા થયા છે. સતત વધતી જતી અસુરક્ષાની લાગણી વચ્ચે અમારી છે કે આવા અસામાજિક તત્વોને તાત્કાલિક ઝડપી પાડીને કડકમાં કડક પાઠ ભણાવવામાં આવે. વેપારીઓની સુરક્ષા સુનિશ્ચિત કરવા અને આવા હુમલાખોરો સામે દાખલારૂપ પગલાં ભરવા માટે પોલીસ તંત્ર સમક્ષ રજૂઆત કરવામાં આવી છે.

# વીંછિયાના સનાળીમાં પુત્રની સ્કૂલ ફી મામલે પતિએ પત્ની પર હુમલો કર્યો

જસદણ:વિંછીયા તાલુકાના સનાળી ગામે પુત્રની સ્કૂલ ફી ભરવાના મુદ્દે પતિએ બોલાચાલી કરી પુત્ર પર લોખંડના પાઇપથી હુમલો કરવાનો પ્રયાસ કર્યો હોવાની ફરિયાદ નોંધાઈ છે. પુત્રને બચાવવા વચ્ચે પડેલી પત્નીના માથામાં પતિએ પાઈપ મારતાં ગંભીર ઈજા થઈ હતી.

ઈજાગ્રસ્ત મહિલાને ૧૦૮ એમ્બ્યુલન્સ મારફતે વિંછીયા સરકારી હોસ્પિટલ ખસેડવામાં આવી હતી, જ્યાં તેમના માથામાં ૬ ટાંકા આવ્યા હતા. આ મામલે વિંછીયા પોલીસે પતિ વિરુદ્ધ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.સનાળી ગામે રહેતાં ભારતીબેન (ઉ.વ. ૩૫) પોતાના ઘરે હતાં ત્યારે હીરાનું કારખાનું ચલાવતા તેમના પતિ અશોક ખોડાભાઈ સાકરીયા ઘરે આવ્યા હતા. તે સમયે તેમનો ૧૬ વર્ષીય પુત્ર નૈતિક ઘરમાં સૂતો હતો. નૈતિકની સ્કૂલ ફી ભરવાના મુદ્દે અશોકે અચાનક બોલાચાલી અને ગાળાગાળી શરૂ કરી હતી.પત્ની અને બાળકોને ઘર છોડીને જતા રહેવા કહ્યું હતું. જોકે, ભારતીબેને ઘર છોડવાનો ઈનકાર કરતાં બોલાચાલી વધુ ઉગ્ર બની હતી.ફરિયાદમાં કરાયેલા આક્ષેપ મુજબ, અશોકે પત્નીને જાનથી મારી નાખવાની ધમકી આપી લોખંડનો પાઈપ ઉગામી પુત્ર નૈતિક પર હુમલો કરવાનો પ્રયાસ કર્યો હતો. પુત્રને બચાવવા માટે વચ્ચે પડતાં અશોકે તેમના માથાના ભાગે પાઈપ માર્યો હતો.પાઈપ વાગતાં ભારતીબેન ગંભીર રીતે ઈજાગ્રસ્ત થઈ લોહીલુહાણ હાલતમાં ઘટનાસ્થળે જ બેભાન થઈ ઢળી પડ્યાં હતાં અને સારવાર માટે હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યાં હતાં.ફરિયાદમાં ભારતીબેને અગાઉ પણ પતિ દ્વારા અવારનવાર શારીરિક અને માનસિક ત્રાસ આપવામાં આવતો હોવાનો આક્ષેપ કર્યો છે.આ અંગે વિંછીયા પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવતાં પોલીસે અશોક સાકરીયા વિરુદ્ધ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી શરૂ કરી વધુ તપાસ હાથ ધરી છે.

# ગોંડલમાં જ્વેલર્સ પેઢીના સંચાલકે રૂપિયા લઈ ઘરેણાં ન બનાવી આપતાં ફરિયાદ

ગોંડલ:ગોંડલની મોટી બજારમાં આવેલી જય અંબે જ્વેલર્સ પેઢીના સંચાલક પિતા-પુત્રએ જામવાડીના યુવક પાસેથી સોનાના ઘરેણાં બનાવવાના નામે રૂ.૧.૫૪ લાખ મેળવી ઘરેણાં બનાવી નહીં આપતાં ગોંડલ સિટી પોલીસમાં ફરિયાદ નોંધાઈ છે.

જામવાડીમાં રહેતા ૨૫ વર્ષીય મેરૂભાઈ ભુરાભાઈ માંગરીયાની ફરિયાદ મુજબ, તા.૨૩ એપ્રિલે તેઓ પત્ની માટે સોનાના દાગીના બનાવડાવવા મામી પાર્વતીબેન સાથે જય અંબે જ્વેલર્સમાં ગયા હતા. ત્યાં પેઢીના સંચાલક પ્રવીણ ગોકળભાઈ સિમેજીયા અને તેમનો પુત્ર પરાગ સિમેજીયા હાજર હતા. ફરિયાદીએ એક સોનાની ચેન, એક જોડી સોનાની બુટ્ટી અને એક સોનાનું પેન્ડલ કુલ રૂ.૨.૧૬ લાખમાં બનાવડાવવાનું નક્કી કર્યું હતું.આ ઘરેણાંના બદલામાં ફરિયાદીએ માતાના જૂના દાગીનામાંથી બે સોનાની બુટ્ટી, બે ચાંદીના સાંકળા અને બે સોનાના પેન્ડલ આપ્યા હતા, જેની કિંમત રૂ.૯૫ હજાર ગણવામાં આવી હતી. ઉપરાંત રૂ.૧૯ હજાર ગૂગલ-પેથી ચૂકવ્યા હતા. ૧૫ દિવસ બાદ ઘરેણાંની ડિલિવરી સમયે બાકીના નાણાં આપવાનું નક્કી થયું હતું.

૧૫ દિવસ બાદ દાગીના લેવા જતાં પિતા-પુત્રએ વધુ રૂ.૪૦ હજાર માગી બે-ત્રણ દિવસમાં ઘરેણાં બનાવી આપવાનું કહ્યું હતું. જેથી ફરિયાદીએ રૂ.૪૦ હજાર રોકડા આપ્યા હતા. આમ કુલ રૂ.૯૫ હજારના જૂના દાગીના અને રૂ.૫૯ હજાર રોકડ મળી રૂ.૧.૫૪ લાખ આપ્યા હતા.

જોકે, ત્યારબાદ પિતા-પુત્રએ ઘરેણાં બનાવી આપ્યા નહોતા. ફરિયાદી દ્વારા દાગીના અથવા રૂ.૧.૫૪ લાખ પરત માગવામાં આવતાં ખોટા વાયદા કરવામાં આવ્યા હોવાનો આક્ષેપ છે. અંતે ફરિયાદીએ ગોંડલ સિટી પોલીસમાં ફરિયાદ નોંધાવતાં પોલીસે પિતા-પુત્ર સામે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

# જસદણ નજીક કારના ચોરખાનામાંથી રૂપિયા ૨.૫૪ લાખનો દારૂ ઝડપાયો

જસદણ:જસદણ ડિવિઝન વિસ્તારમાં પેટ્રોલિંગ દરમિયાન રૂરલ LCBની ટીમે વિંછીયા બાયપાસ નજીક વોચ ગોઠવી મહિન્દ્રા TUV કારમાંથી રૂ.૨,૫૪,૭૭૫નો વિદેશી દારૂ ઝડપી લીધો હતો.કારમાં ખાસ બનાવેલા ચોરખાનામાં દારૂ સંતાડવામાં આવ્યો હતો. પોલીસે મધ્યપ્રદેશના અલીરાજપુરના ધનંજય ગુર્જર ભરડીયા અને નિલેશ ઈસરીયા કલેશને ઝડપી લીધા હતા.

પોલીસને બાતમી મળી હતી કે કાર નં. GJ-02-ZZ-3552માંચોરખાનું બનાવી વિદેશી દારૂ ભરી બે શખ્સો વિંછીયાથી જસદણ તરફ આવી રહ્યા છે.બાતમીના આધારે LCB ટીમે વિંછીયા બાયપાસ નજીક કાર અટકાવી તલાશી લેતાં ચોરખાનામાંથી ૬૪૫ બોટલ વિદેશી દારૂ મળી આવ્યો હતો. દારૂ, કાર




અને મોબાઈલ સહિત કુલ રૂ.૭,૬૦,૭૭૫નો મુદ્દામાલ કબજે કરાયો હતો.પોલીસની પ્રાથમિક પૂછપરછમાં બંને શખ્સોએ દારૂ મધ્યપ્રદેશથી ભરી જૂનાગઢ પંથકમાં ડિલિવરી આપવા જતા હોવાનું જણાવ્યુંહતું. અગાઉ પણ આ રૂટ પર ચારથી પાંચ વખત દારૂ પહોંચાડ્યો હોવાની કબૂલાત કરી હોવાનું પોલીસે જણાવ્યું હતું. જસદણ પોલીસે બંનેનો કબજો મેળવી દારૂનો જથ્થો મંગાવનાર સ્થાનિક રિસીવરને ઝડપવા આગળની કાર્યવાહી હાથ ધરી છે.

# મોરબીના યુવાનને શેરબજારમાં વધુ પૈસાની લાલચ આપી ૮૬.૨૫ લાખની ઠગાઈ

## મહેસાણાના ૩ શખ્સની ધરપકડ, પોલીસે ૧૦૦% રકમ રિકવર કરી

મોરબી:મોરબીના એક યુવાનને શેરબજારમાં રોકાણ કરીને વધુ નફો કમાવવાની લાલચ આપવામાં આવી હતી. શરૂઆતમાં નાની રકમનું રોકાણ કરાવીને સારો નફો પણ અપાવ્યો હતો. બાદમાં મોટી રકમનું રોકાણ કરાવવા માટે આંગડિયા પેઢી, યુપીઆઈ અને બેંક ટ્રાન્ઝેક્શન દ્વારા કુલ ૮૬,૨૫,૯૫૦ રૂપિયા મેળવી લેવાયા હતા. આ રીતે યુવાન સાથે ઠગાઈ કરાઈ હતી. પોલીસે આ ગુનામાં ૩ આરોપીઓની ધરપકડ કરી છે અને ઠગાઈથી મેળવેલી રકમની ૧૦૦ ટકા રિકવરી પણ કરી છે.મોરબીના યુવાનને સ્ટોક માર્કેટમાં રોકાણ કરાવવા માટે ચાર શખ્સોએ ખોટી સ્કીમો બતાવી હતી. રોહિત, લલિત અને સાગર પટેલે માધવ શેઠના એજન્ટ બનીને ફરિયાદીના દીકરાને ફોન કર્યા હતા.

શરૂઆતમાં નાની રકમનું રોકાણ કરાવીને ૯૪૦૦ રૂપિયાનો નફો પણ અપાવ્યો હતો. ત્યારબાદ મોટી રકમનું રોકાણ કરવા માટે ફરિયાદીના દીકરા




પાસેથી અલગ અલગ યુપીઆઈ અને બેંક ટ્રાન્ઝેક્શન દ્વારા ૪,૮૭,૩૫૦ રૂપિયા મેળવ્યા હતા. આ ઉપરાંત, આંગડિયા પેઢી મારફતે આરોપી નચિકેત બળદેવ રબારીને હિંમતનગર ખાતે પીએમ આંગડિયામાં ૮૧,૪૮,૦૦૦ રૂપિયા મોકલાવ્યા હતા. આમ, આરોપીઓએ કુલ ૮૬,૨૫,૯૫૦ રૂપિયા મેળવી લીધા બાદ યુવાન સાથે ઠગાઈ કરી હતી.

આ મામલે સાયબર ક્રાઈમ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાઈ હતી. રોહિતકુમાર, લલિત, સાગર પટેલ અને નચિકેત બળદેવ રબારી સામે ફરિયાદ નોંધાઈ હતી. પોલીસે હાલમાં ૩ આરોપીઓને પકડીને ૬૧ લાખ રૂપિયા રોકડા સહિતની રકમ રિકવર કરી છે.આ કેસની વિગતો આપવા માટે એસપી મુકેશ પટેલે પત્રકાર પરિષદ યોજી હતી. તેમણે જણાવ્યું કે, ડીવાયએસપી વિરલ દલવાડીના માર્ગદર્શન હેઠળ જિલ્લા સાયબર ક્રાઈમ પોલીસ સ્ટેશનના પીઆઈ આર.ટી. વ્યાસ અને તેમની ટીમે આ ગુનાના આરોપીઓને પકડવા કાર્યવાહી કરી હતી.

પોલીસે મહેસાણા જિલ્લાના કમાલપુર ગામના રહેવાસી નીતિન બળદેવ રબારી અને ભલા લાલા રબારી તેમજ મહેસાણા જિલ્લાના હિરાપુરા (નળુ) ગામના કશ્યપજી ઉર્ફે ચકો અમરશીજી ઠાકોરની ધરપકડ કરી છે.આરોપીઓએ ઠગાઈ કરીને મેળવેલી રકમમાંથી ૬૧ લાખ રૂપિયા રોકડા અને ૨૫,૨૫,૯૫૦ રૂપિયા જુદા જુદા બેંક એકાઉન્ટમાં ફ્રીઝ કરવામાં આવ્યા છે. આમ, પોલીસે ૧૦૦ ટકા રકમની રિકવરી કરી છે. આરોપીઓના રિમાન્ડ પૂરા થતાં તેમને કોર્ટમાં રજૂ કરીને જેલ હવાલે કરવામાં આવ્યા છે.

# ડીઓમાંથી કોપર વાયર ચોરી કરતી ગેંગ ઝડપાઈ

## ૬.૨૫ લાખના મુદ્દામાલ સાથે ૭ આરોપીઓની ધરપકડ

મોરબી:

હળવદ તાલુકામાં ખેડૂતોની વાડીઓને નિશાન બનાવી કોપર કેબલ વાયર ચોરી કરતી ગેંગનો મોરબી જિલ્લા LCBની ટીમે પર્દાફાશ કર્યો છે. હળવદ, ઘનશ્યામગઢ અને કડીયાણા ગામની સીમમાંથી કુલ ૫૨૦ ફૂટ કોપર વાયર ચોરીના ત્રણ ગુનાનો ભેદ ઉકેલી પોલીસે સાત આરોપીઓને ઝડપી પાડ્યા છે. આરોપીઓ પાસેથી ચોરાઉ કોપર વાયર, અન્ય કેબલ વાયર અને ક્રેટા કાર સહિત કુલ રૂ.૬.૨૫ લાખનો મુદ્દામાલ કબજે કરવામાં આવ્યો છે.

હળવદ પોલીસ સ્ટેશનમાં કોપર કેબલ વાયર ચોરીની ત્રણ અલગ-અલગ ફરિયાદ નોંધાઈ હતી. ઘનશ્યામગઢ ગામની સીમમાં આવેલી દીપકભાઈ અંબારામભાઈ સંઘાણીની વાડીમાંથી ૨૦૦ ફૂટ કોપર વાયર, કિંમત રૂ.૧૫ હજારની ચોરી થઈ હતી. બીજી ઘટનામાં હળવદની ઠળિયા પાર્ટી તરીકે




ઓળખાતી સીમમાં ગણપતભાઈ દેવજીભાઈ પરમારની વાડીમાંથી ૧૨૦ ફૂટ કોપર વાયર, કિંમત રૂ.૧૨ હજારની ચોરી થઈ હતી. જ્યારે કડીયાણા ગામની સીમમાં કનુભાઈ વાલાભાઈ ઠુંગાની વાડીમાંથી ૨૦૦ ફૂટ કોપર વાયર, કિંમત રૂ.૧૫ હજારની ચોરી થઈ હતી.ત્રણેય ફરિયાદ બાદ પોલીસે આરોપીઓને ઝડપી પાડવા તપાસ હાથ ધરી હતી. દરમિયાન LCBની ટીમે હળવદના વેગડવાવ રોડ પર આવેલી ડમ્પિંગ સાઈટની પાછળના ભાગમાં તપાસ કરતા સાત શખ્સો ચોરીના મુદ્દામાલ સાથે મળી આવ્યા હતા. પોલીસે હળવદના ભવાનીનગર ઢોરો વિસ્તારમાં રહેતા ૬ અને મોરબીમાં રહેતા એક એમ કુલ ૭ આરોપીઓની ધરપકડ કરી છે :અજય જીવરાજભાઈ કુંઢીયા - ૨૦ વર્ષ,ચેતન પરબતભાઈ જાગરીયા - ૨૪ વર્ષ,નારણ ઉર્ફે હિતેશ વાલજીભાઈ રાઠોડ - ૨૪ વર્ષ,રાહુલ અમરતભાઈ ઉઘરેજીયા - ૨૩ વર્ષ,પ્રવીણ ઉર્ફે દિનેશ મગનભાઈ ધામેચા - ૨૨ વર્ષ,રાહુલ બાબુભાઈ ગોહિલ - ૨૧ વર્ષ,સુનિલ અજીતભાઈ હળવદિયા - ૨૪ વર્ષ, રહે. મહેન્દ્રનગર, મોરબી

૩૭ કિલો ચોરાઉ કોપર વાયર સહિત રૂ.૬.૨૫ લાખનો મુદ્દામાલ કબજેપકડાયેલા આરોપીઓ પાસેથી ત્રણેય ચોરીમાં ગયેલા વાયર પૈકી ૩૭ કિલો કોપર વાયર મળી આવ્યો હતો. ઉપરાંત સફેદ રંગની ક્રેટા કાર નંબર GJ 37 B 9282, કિંમત રૂ.૫ લાખ, તેમજ અન્ય ચોરીમાં મેળવેલો ૬૦ કિલો કેબલ વાયર, કિંમત રૂ.૭૮ હજાર, મળી કુલ રૂ.૬,૨૫,૧૦૦નો મુદ્દામાલ કબજે કરવામાં આવ્યો છે.

પોલીસના જણાવ્યા મુજબ, ઝડપાયેલા આરોપીઓ પૈકી અજય કુંઢીયા સામે જુદા-જુદા પોલીસ સ્ટેશનમાં ચાર ગુના, સુનિલ હળવદિયા સામે બે, ચેતન જાગરીયા સામે બે અને પ્રવીણ ધામેચા સામે એક ગુનો નોંધાયેલો છે.

# મોરબીમાં ભંગારના નામે ૧૫.૯૮ લાખની ઠગાઈ, ૪ આરોપી ઝડપાયા



## સસ્તા કોપર વાયર ભંગારની લાલચ આપી વેપારી પાસેથી એડવાન્સ પડાવ્યા ૧૦.૫૦ લાખનો મુદ્દામાલ રિકવર

મોરબી:મોરબીમાં સસ્તા ભાવે ભંગાર આપવાની લાલચ આપી વેપારી સાથે રૂ.૧૫.૯૮ લાખથી વધુની છેતરપિંડી કરનાર ગેંગના ચાર આરોપીઓને મોરબી સાયબર ક્રાઈમ પોલીસે ઝડપી પાડ્યા છે. પોલીસે ટેકનીકલ સર્વેલન્સ અને હ્યુમન સોર્સીસની મદદથી ગણતરીના દિવસોમાં આ ગેંગ સુધી પહોંચવામાં સફળતા મેળવી છે.

મળતી માહિતી મુજબ, આરોપીઓએ ભંગારનો વ્યવસાય કરતા એક વેપારી અને તેના સાથીને કોપર વાયરના ભંગારના ફોટોગ્રાફ્સ મોકલ્યા હતા. તેમને સસ્તા ભાવે ભંગાર આપવાની લાલચ આપીને વિશ્વાસમાં લીધા હતા. બાદમાં એડવાન્સ પેમેન્ટના નામે અલગ-અલગ બેંક એકાઉન્ટમાં કુલ રૂ.૧૫,૯૮,૭૨૦ ટ્રાન્સફર કરાવ્યા હતા.જોકે, રકમ મળ્યા પછી આરોપીઓએ ભંગારનો માલ આપ્યો નહોતો અને વેપારી સાથે છેતરપિંડી કરી હતી. આ અંગે વેપારીએ સાયબર ક્રાઈમ હેલ્પલાઈન ૧૯૩૦ પર ફરિયાદ નોંધાવી હતી. ત્યારબાદ મોરબી સાયબર ક્રાઈમ પોલીસ સ્ટેશનમાં ગુનો દાખલ કરવામાં આવ્યો હતો.

પોલીસે ટેકનીકલ સર્વેલન્સ અને હ્યુમન સોર્સીસના આધારે તપાસ કરી હતી. આ તપાસ દરમિયાન પોલીસે નિતેષભાઈ લાભુભાઈ કુંઢીયા (ઉંમર ૩૨ વર્ષ), ઈરફાન કાસમભાઈ ઉઠમણા (ઉંમર ૩૨ વર્ષ), વાહીદ આદમભાઈ ઠેબા (ઉંમર ૩૦ વર્ષ) અને કમલેશ ઉર્ફે મયુર જગજીવનભાઈ સીદલ (ઉંમર ૪૦ વર્ષ)ની ધરપકડ કરી છે.પોલીસે આરોપીઓ પાસેથી છેતરપિંડીમાં ગયેલી રકમમાંથી રૂ.૧૦,૫૦,૦૦૦નો મુદ્દામાલ રિકવર કરવામાં સફળતા મેળવી છે. મોરબી સાયબર ક્રાઈમ પોલીસ આ સમગ્ર મામલે વધુ તપાસ કરી રહી છે.

# પુત્ર સાથે ચાલીને જતી પરિણીતાના ગળામાંથી સોનાના ચેઈનની ચિલઝડપ

રાજકોટ:લક્ષ્મીવાડી રોડ પર પુત્ર સાથે પગપાળા ચાલીને જતાં પરિણીતાના ગળામાંથી રૂ. ૫૦ હજારની કિંમતના સોનાના ચેઈનની ચિલઝડપ કરી બેલડી ફરાર થઈ ગઈ હતી. ઘટનાને પગલે ભક્તિનગર પોલીસે ગુનો નોંધી તાત્કાલિક સમડી બેલડીને સકંજામાં લઈ મુદ્દામાલ રિકવર કરવા તજવીજ આદરી હતી.

બનાવ અંગે લક્ષ્મીવાડી મેઈન રોડ પર હરિકૃષ્ણ એપાર્ટમેન્ટમાં રહેતા ૩૫ વર્ષીય પરિણીતા શિલ્પાબેન હિતેશભાઈ માનસેતાએ નોંધાવેલ ફરીયાદમાં એક્સેસ બાઈક પર ધસી આવેલા બે અજાણ્યા શખ્સોનું નામ આપી જણાવ્યું હતું કે, ગઈ તા.૦૭ ના રાત્રીના આશરે સાડા દશ વાગ્યે તેણી તથા દિકરો ઘરની બાજુમાં લક્ષ્મીવાડી મેઈન રોડ પર આવેલ રંગોલી આઈસ્ક્રીમ બાજુ ચાલીને જતા હતા.

દરમ્યાન રીધ્ધી સિધ્ધી એપાર્ટમેન્ટની સામે રોડ પર આવતા પાછળથી ડબલ સવારીમાં બે શખ્સો સફેદ કલરનું એક્સેસ લઈને ધસી આવ્યા હતા અને મારી પાસે આવી પોતાનુ બાઈક ધીમુ પાડી પાછળ બેઠેલા શખ્સે તેણીએ ગળામા પહેરેલ પેન્ડલ સાથેનો સોનાનો ચેન આંચકો મારી ઝુંટવી લઈ નાસી ગયેલ હતા.પરિણીતાએ રૂ. ૫૦ હજારની કિંમતનો નવ ગ્રામ સોનાનો ચેઈન ઝુંટવી જવા મામલે ભક્તિનગર પોલીસ મથકે દોડી જઈ ફરિયાદ નોંધાવી હતી. ઘટનાની ગંભીરતાને ધ્યાને રાખી પીઆઈ જયદીપસિંહ પરમાર અને પીએસઆઈ સુખદેવસિંહ ગોહિલની ટીમે તાત્કાલિક વિકાસ અને લખન નામની સમડીને સકંજામાં લઈ મુદ્દામાલ રિકવર કરવા તજવીજ આદરી હતી.